સુવિચાર
દરેક દિવસે જીત તો નથી થતી,
પણ દરેક દિવસે કરેલી મહેનત
જીત તરફ જરૂર લઈ જાય છે

અમે કાઠીયાવાડી અમારી વાત કાઠીયાવાડી

# સૌરાષ્ટ્ર ક્રાંતી

સાંધ્ય દૈનિક

Year:9, Issue: 226, Dt.06-07-2024 (Saturday)

Email ; saurashtrakranti@gmail.com

FOLLOW US!
saurashtrakranti
Web: www.saurashtrakranti.com

Posting Licence No. RAJKOT / 678 / 2024-26,VALID UP TO 31-12-2026 posted at Rajkot-RMS published & posting dt.-daily (evening)

Registration of News Paper No. GUJGUJ/2015/65432 Pages: 10 Price : Rs. 3/- Annual Subscription : Rs. 800/- તંત્રી, પ્રકાશક, મુદ્રક અને માલિક : ગઢવી અશોક મુળુભા, પ્રકાશન સ્થાનઃ ૧૨૫, સ્ટાર ચેમ્બર, હરિહર ચોક, પંચનાથ પ્લોટ, રાજકોટ-૩૬૦૦૦૧

# ગુજરાતમાં ભાજપનો ફુગ્ગો ફૂટી ગયો છેઃ રાહુલ ગાંધી





## ગાંધીજીની કોંગ્રેસ ગુજરાતથી ઊભી થઈ હતી, કોંગ્રેસનું નવસર્જન અહીંથી જ કરીશું

અમદાવાદ, તા.૬

આજે રાહુલ ગાંધી ગુજરાતની મુલાકાતે આવ્યા છે. અહીં તેઓ રાજકોટ અગ્નિકાંડ, વડોદરા બોટકાંડ અને મોરબી બ્રિજ દુર્ઘટનાના પીડિત પરિવારો સાથે વાતચીત કરશે.

હું તમને કહું છું કે એઆઈસીસીની ટીમ, રાહુલ ગાંધી, અમારી બહેન આ બધા તમારી સાથે ઉભા રહેશે. તમે ખૂબ લાકડીઓ ખાધી છે, અપમાન સહન કર્યા છે હવે બહુ થઈ ગયું. તેમને પ્રેમથી હરાવવાના છીએ. નરેન્દ્ર મોદીનું વિઝન હતું તેનો ફૂગ્ગો ફૂટી ગયો છે.

એવું પણ નથી કે ગુજરાત કોંગ્રેસમાં ખામી નથી. કહેવું પડશે. ખામી શું છે? કોંગ્રેસ કાર્યકરે મને કહ્યું કે રાહુલજી આ કોંગ્રેસ પાર્ટીમાં એક મુશ્કેલી છે. બે પ્રકારના ઘોડા હોય છે એક રેસનો ઘોડો હોય છે અને એક લગ્નનો ઘોડો હોય છે. કોંગ્રેસ શું કરે છે? રેસના ઘોડાને લગ્નમાં મોકલી દે છે અને લગ્નના ઘોડાને રેસમાં મોકલી દે છે. પરંતુ ગુજરાતમાં આપણે હવે જે રેસનો ઘોડો છે એને રેસમાં અને લગ્નના ઘોડાને લગ્નમાં રાખવાનો છે. ગુજરાતમાં આપણે આ કરવાનું છે. રેસના ઘોડાને રેસમાં લગાવવો છે અને લગ્નનો ઘોડો છે એને વરઘોડામાં નચાવી દઈશું. આપણે પાછલી ચૂંટણીમાં તમે પણ જાણો છો અને હું પણ જાણું છું કે આપણે ભાજપ સામે લડ્યા નહોતા. એથી પહેલા ૨૦૧૭ની ચૂંટણીમાં ત્રણ-ચાર મહિના જ લડ્યા અને પરિણામો જોયા હતા. ગુજરાત કોંગ્રેસના સિનિયર નેતાએ બસમાં કહ્યું કે, રાહુલજી ગુજરાતમાં આપણને ૪૦ સીટ મળી રહી છે પણ મેં કીધું કે આપણે ચૂંટણી જીતવા જઈ રહ્યા છીએ. પરંતુ ૧૬ સીટથી ચૂંટણી હારી ગયા. ત્રણ મહિનામાં ફિનિશ લાઈન સુધી પહોંચી ગયા હતા. પરંતુ હવે ત્રણ વર્ષમાં ફિનિશ લાઈન છોડીને નીકળી જઈશું. ૩૦ વર્ષ થઈ ગયા, હું તમને જણાવું છું માનો કે ન માનો ૫૦ ટકા જ માને છે અને ૫૦ ટકા કહી રહ્યા છેકે નહીં થાય. જે માને છે એ ૫૦ ટકાને જ કહું છું કે તમે લડી જાવ અને ૫૦ ટકા બેઠા છે એમને તેમનું માઈન્ડ બદલી દો, નાવ પાર લાગી જશે અને સરકાર બની જશે.

રાહુલ ગાંધીએ જણાવ્યું કે, તમે કોંગ્રેસ પાર્ટીને જાણો છો... જાણો છોને? આપણી પાર્ટીમાં કોઈ ડરે છે? આપણી પાર્ટીમાં દિલથી વાત કરી દે છે. મારા રૂમમાં આવીને લોકો કહે છે કે, રાહુલજી તમે જે કર્યું એ બરાબર નથી કર્યું એટલે હું કહું છું કે, તમે સાચું કહો છો. અમારાથી કાર્યકર ડરતો નથી. હું રિયાલિટી બતાવું છું. ભાજપમાં નરેન્દ્ર મોદી બેઠા છે અને તેની સામે તેમની આખી ટીમ બેઠી છે. તેમાંથી કોઈ નરેન્દ્ર મોદીને ઈચ્છતા નથી. પરંતુ દમ નથી, ડરે છે. જો નરેન્દ્ર મોદી જેવો લીડર કોંગ્રેસમાં હોત તો આખી કોંગ્રેસ પાર્ટી ઉભી થઈ જાય અને કહી દે હટો અહીંથી, એમના કાર્યકરોમાં દમ જ નથી. તમે જોવોને એક વ્યક્તિ ઉભો છે અને બધાની હવા નીકળી ગઈ. કાર્યકરોની હવા નીકળી ગઈ, આરએસએસની હવા નીકળી ગઈ. તમામ નેતાઓની હવા નીકળી ગઈ. આપણો નાનામા નાનો કાર્યકર આવે તો ટાઈગર હોય છે અને રાહુલ ગાંધી સામે આવીને કહે છે કે, અમારા દિલમાં આ વાત છે. આ છે કોંગ્રેસ પાર્ટી. આરએસએસ વાળા અંગ્રેજો સાથે ઉભા રહી ગયા હતા અમે લડ્યા હતા. દેશને અમે કહ્યું હતું કે, ડરો નહીં અને ભાજપ વાળાએ હાથ જોડી કહ્યું હતું ભાઈ અમે ડરી ગયા. ડરની ભાવના તમારામાં નહીં એમનામાં છે. કોંગ્રેસ ગુજરાતમાં (જુઓ.પાનું.૫)

# બનાસકાંઠામાં હાર બદલ કારોબારીમાં માફી માંગતા સી.આર. પાટીલ

અમદાવાદ, તા.૬

લોકસભા ચૂંટણીના પરિણામમા સતત ત્રીજી વખત વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમા NDAની સરકાર બની છે, ત્યારે ગુજરાત પ્રદેશની કારોબારી બેઠક સાળંગપુર BAPS સ્વામિનારાયણ મંદિર ખાતે યોજાઇ હતી.




ભાજપ પ્રદેશ અધ્યક્ષ, પેજ સમિતિના પ્રણેતા તેમજ કેન્દ્રીય મંત્રી સી.આર.પાટીલ અધ્યક્ષતામાં મળેલી બેઠકમાં કેન્દ્રીય મંત્રી પીયુષ ગોયલ, રાજયના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ, પ્રદેશ સંગઠન મહામંત્રી રત્નાકર, કેન્દ્રીય મંત્રી મનસુખ માંડવીયા, કેન્દ્રીય મંત્રી નિમુબેન બાંમભણીયા સહિત પ્રદેશના હોદ્દેદારો તેમજ મંડળના પ્રમુખો ઉપસ્થિત રહ્યા હતા.

પ્રદેશ કારોબારીમા કેન્દ્રીય મંત્રી પિયુષ ગોયલે સંબોધન કરતા જણાવ્યું કે, ગુજરાતે દેશની જનતાને અનમોલ ભેટ આપી છે, જેનો દેશ ઋણી છે, જેમણે નરેન્દ્ર મોદી જેવા નેતા દેશને આપ્યા છે. નરેન્દ્ર મોદીએ ૧૦ વર્ષ વિકાસના ખૂબ કાર્યો કર્યા છે, જેના કારણે જનતાએ ફરી તેમને વડાપ્રધાન તરીકે પસંદ કર્યા છે. આ વખતે મોદી ૩.૦માં મોદી સરકાર ત્રણ ગણી ગતિથી વિકાસના કાર્યો કરશે.


લોકસભા ચૂંટણીમા દેશની જનતાએ ફરી કોંગ્રેસને જાકારો આપ્યો છે. ૧૩ રાજ્યોમા કોગ્રેસનું ખાતુ ખુલ્યુ નથી. આ વખતે કેરળમાં ભાજપે કમળ ખીલવ્યુ છે. મને વિશ્વાસ છે કે, ભાજપ દક્ષિણ ભારત-માં મોટી પાર્ટી તરીકે વિસ્તાર પામશે.



## સતત ભારે વરસાદના કારણે અમરનાથ યાત્રા રોકી દેવાઈ: હવામાનમાં સુધારા બાદ યાત્રીઓને આગળ વધવાની મંજુરી અપાશે

# મોદી સરકાર ઓગસ્ટ મહિનામાં જ પડી ભાંગશેઃ લાલુ યાદવ

## લાલુની ટિપ્પણીને મુંગેરીલાલ કે હસીન સપને ગણાવતા કેન્દ્રીય મંત્રી નિત્યાનંદ



નવી દિલ્હી,તા.૬

રાષ્ટ્રીય જનતા દળના પ્રમુખ લાલુ પ્રસાદ યાદવે દાવો કર્યો છે કે કેન્દ્રમાં નરેન્દ્ર મોદીની સરકાર 'નબળી' છે અને તે એક મહિનામાં જ પડી ભાંગશે. તેમણે ઓગષ્ટ સુધી સરકાર પડી જશે તેવો વિશ્વાસ વ્યક્ત કર્યો હતો.

જો કે ભાજપે કહ્યું હતું કે, વયોવૃદ્ધ નેતા ભ્રમ ફેલાવી રહ્યા છે અને તાજેતરની ચૂંટણીમાં લોકોને ફરીવાર મોદીની નેતાગીરીમાં વિશ્વાસ દર્શાવ્યો છે. પોતાની પાર્ટી રાષ્ટ્રીય જનતા દળની સ્થાપનાને પૂર્ણ થયાના ૨૮ વર્ષે યોજાયેલા એક સમારોહમાં પ્રસાદે આ આગાહી કરી હતી.

નબળા અવાજે આશરે ૧૦ મીનીટ સુધી બોલતા લાલુએ પાર્ટીના કાર્યકરોને આવી કોઈ સ્થિતિ માટે તૈયાર રહેવાની વિનંતિ કરી હતી. તેમણે કહ્યું હતું કે પક્ષે તેનો વોટ શેર વધાર્યો છે. એનડીએના મોટાભાગના નેતાઓ કેન્દ્રીય કેબિનેટમાં બિહારમાંથી નવા ચુંટાયેલા મંત્રીઓના સ્વાગતમાં હાજર હતા ત્યારે લાલુએ આ ટિપ્પણી કરી હતી.

તેમની ટિપ્પણીને 'મુંગેરીલાલ કે હસીન સપને' ગણાવતાં કેન્દ્રીય મંત્રી નિત્યાનંદ રાયે કહ્યું હતું કે, લોકોએ આરજેડીને નકારી દીધા છે. નરેન્દ્ર મોદીના શાસનમાં ત્રીજી વખત એનડીએની સરકાર બની છે. આ પ્રસંગે હાજર રહેલા તેજસ્વી યાદવે પોતાના પિતાના નિવેદન પર સંમતિ દર્શાવતા કહ્યું કે કેન્દ્રની સરકાર પાંચ વર્ષ નહિ ચાલે.

રાજયમાં પક્ષના અપેક્ષા મુજબનું પ્રદર્શન નહિ થવા બદલ તેમણે કહ્યું હતું કે થોડીક વધુ મહેનત કરી હોત તો વધુ સીટો આવી જાત.



# ઉતરાખંડમાં ભારે વરસાદઃ શાળાઓમાં રજા

## નેશનલ હાઈ-વે સહિત ૯૦ રસ્તાઓ બંધ



નવી દિલ્હી, તા.૬

શુક્રવારે ઉત્તર ભારતના ઘણા રાજ્યોમાં ભારે વરસાદને કારણે જનજીવન અસ્તવ્યસ્ત થઈ ગયું હતું. તેમાં હિમાચલ પ્રદેશ અને ઉત્તરાખંડના પહાડી રાજ્યો પણ સામેલ છે. ઉત્તરાખંડમાં છેલ્લા કેટલાક દિવસોમાં ભારે વરસાદને કારણે બે લોકોના મોત થયા છે. હવામાન વિભાગે ૬ અને ૭ જુલાઈ માટે રેડ એલર્ટ પણ જાહેર કર્યું છે. ભારે વરસાદની સંભાવનાને કારણે નૈનીતાલ જિલ્લામાં હજુ પણ શાળાઓ બંધ છે.

IMDની આગાહી અનુસાર, આજે નૈનીતાલ, પિથોરાગઢ, બાગેશ્વર, ઉધમ સિંહ નગર જિલ્લામાં છૂટાછવાયા સ્થળોએ ભારે વરસાદની સંભાવના છે. આ સાથે ચમોલી અને પૌરી જિલ્લાના કેટલાક ભાગોમાં ભારે વરસાદની સંભાવના છે.

તમને જણાવી દઈએ કે શુક્રવારે ચંપાવત જિલ્લાના લોહાઘાટ, બાગેશ્વર જિલ્લાના કપકોટ અને ગઢવાલના કેટલાક વિસ્તારોમાં ભારે વરસાદ થયો હતો. દેહરાદૂનમાં વરસાદના પાણીથી ભરેલા ખાડામાં પાંચ વર્ષનો બાળક ડૂબી ગયો અને હરિદ્વારમાં એક કિશોર નાળામાં ડૂબી ગયો. દેહરાદૂનમાં પણ સતત પડી રહેલા ભારે વરસાદને કારણે અનેક રસ્તાઓ પર પાણી ભરાઈ ગયા છે.

પહાડી રાજ્યમાં સામાન્ય જનજીવન ખોરવાઈ ગયું હતું. વરસાદને કારણે (જુઓ.પાનું.૫)

# રાજકોટમાં રોકાણકારોની સંખ્યા ૨.૮ ગણી વધી

અમદાવાદ, તા.૬

એકિસસ મ્યુચ્યુઅલ ફંડે એકિસસ મ્યુચ્યુઅલ ફંડના ૧ કરોડથી વધુ વર્તમાન ગ્રાહકોના ડેટાનું એનાલિસીસ કર્યું હતું અને દેશવ્યાપી સર્વેક્ષણ હાથ ધરીને 'વુમન ઈન્વેસ્ટમેન્ટ બિહેવિયર રિપોર્ટ ૨૦૨૪' શિર્ષક હેઠળનો એક રસપ્રદ અભ્યાસ બહાર પાડયો હતો.

છેલ્લા પાંચ વર્ષોમાં (૩૧ માર્ચ ૨૦૧૯થી ૩૧ ડિસેમ્બર ૨૦૨૩) સુરતમાં મહિલા રોકાણકારોની સંખ્યા ૨.૩ ગણી, રાજકોટમાં ૨.૮ ગણી, વડોદરામાં ૨.૭ ગણી વધી છે. આ જ સમયગાળામાં મહિલા રોકાણકારોની એયુએમ સુરતમાં ૩.૭ ગણી, રાજકોટમાં ૩.૩ ગણી, વડોદરામાં ૩.૩ ગણી વધી છે. ગુજરાત રાજયમાં આ જ સમયગાળામાં મહિલા રોકાણકારોની એયુએમમાં ૩.૧ ગણો વધારો જોવા મળ્યો છે.

આ અભ્યાસના તારણો દર્શાવે છે કે લગભગ ૭૨ ટકા મહિલા રોકાણકારો દ્વારા નાણાંકીય સ્વાયત્તતા અને વૃધ્ધિ હાંસલ કરવા માટે હાથ ધરવામાં આવેલા સક્રિય અભિગમને પ્રકાશિત કરવામાં આવ્યો છે, જે લાંબા ગાળાના રોકાણ પ્રત્યેની તેમની પ્રતિબધ્ધતા દર્શાવે છે, એમ એએમસીના એમડી અને સીઈઓ બી ગોપકુમારે જણાવ્યું હતું.

# અમિત શાહ કાલે રથયાત્રામાં જોડાશે

## રવિવારે બનાસકાંઠામાં રૂપે ક્રેડીટ કાર્ડનો આરંભ કરાવશે

ગાંધીનગર, તા.૬

કેન્દ્રીય ગૃહ અને સહકારિતામંત્રી અમિત શાહ ગઈકાલે રાત્રે ગુજરાતના બે દિવસના પ્રવાસે આવી પહોંચ્યા હતા. બે દિવસ દરમિયાન અમિતભાઈ વિવિધ કાર્યક્રમોમાં હાજરી આપનાર છે. ૧૦૨માં આંતરરાષ્ટ્રીય સહકાર દિનની રાષ્ટ્રીય ઉજવણી નિમિતે આજે સવારે ગાંધીનગર મહાત્મા મંદિર ખાતે 'સહકારથી સમૃદ્ધિ' કાર્યક્રમનું ઉદઘાટન અમીતભાઈએ કર્યુ હતું.

આ પ્રસંગે મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ, સહકાર રાજયમંત્રી જગદીશ વિશ્વકર્મા, ઈફકોના ચેરમેન દિલીપ સંઘાણી, ગુજરાત સ્ટેટ કો.ઓપરેટીવ બેંકના ચેરમેન અજય પટેલ, બનાસડેરીના ચેરમેન શંકર ચૌધરી સહિત દેશની અગ્રણી સંસ્થાઓના ૨૦૦ પ્રતિનિધિઓ, રાજયના પાંચ હજાર આગેવાનો હાજર રહ્યા છે.



સહકારિતા મંત્રાલય દ્વારા ગુજરાતના બનાસકાંઠા અને પંચમહાલ જિલ્લામાં વન અમ્બ્રેલા કાર્યક્રમના મોડેલ પ્રોજેકટ નિહાળવા જશે. શાહ બનાસકાંઠામાં મહિલા દૂધ ઉત્પાદકો માટેના શૂન્ય વ્યાજવાળા રૂપે ક્રેડીટ કાર્ડનો આરંભ કરાવશે.

રવિવારે સવારે ૪ વાગ્યે જગન્નાથ મંદિરે મંગળા આરતીમાં સહભાગી થશે.સવારે ૧૦.૩૦ વાગ્યે નારણપુરામાં એક આધુનિક મલ્ટી સ્પેશિયાલિટી હોસ્પિટલ તથા ૧૧ વાગ્યે આંબાવાડી ખાતે અમીન પી.કે.જે.પી. વિદ્યાર્થી ભવનના ઉદઘાટન કાર્યક્રમમાં હાજરી આપશે.

રાજકોટ નાગરિક સહકારી બેંક લિ.
www.rnsbindia.com (મલ્ટી-સ્ટેટ શેડ્યુલ્ડ બેંક)
૬૭ પૈસા સોના ધિરાણ માસિક વ્યાજ*
30 મિનિટમાં જ ધિરાણ
કોઈ છુપો ચાર્જ નહીં
રૂા. 1 કરોડ સુધી ધિરાણની સુવિધા
રૂા. 2 લાખ સુધી રોકડ પેમેન્ટ
ખેડૂતોને વધારાના લાભ સાથે ધિરાણ
7.99% વાર્ષિક વ્યાજ*
પ્રતિ ગ્રામે મહત્તમ રકમનું ધિરાણ *શરતોને આધિન
નજીકની શાખાનો સંપર્ક કરો તુરંત અથવા Mo. 94282 86268માં મિસ્ડ કોલ કરો અને બેંકની યોજનાની માહિતી મેળવો
નાના માણસની મોટી બેંક PROUDLY CO-OPERATIVE સહકારથી સમૃદ્ધિ

# શાકભાજીના ભાવમાં ત્રણથી ચાર ગણો વધારો

## ૧૫ દિવસ સુધી ભાવમાં ઘટાડો થવાની કોઈ શકયતા નથી



ઉદયપુર, તા.૬

ટામેટાંની સાથે અન્ય તમામ શાકભાજીના ભાવમાં ત્રણથી ચાર ગણો વધારો થયો છે. સદી ફટકારતા ટામેટા ૧૦૦ રૂપિયા પ્રતિ કિલોને વટાવી ગયા છે અને અન્ય કોઈ શાકભાજી ૬૦-૭૦ રૂપિયા પ્રતિ કિલોથી નીચે નથી. વધતા જતા ભાવને કારણે રસોડાના બજેટમાં મુશ્કેલી પડી રહી છે, જ્યારે ઘણા ઘરોમાંથી શાકભાજી ગાયબ થઈ ગયા છે.

ડુંગળી, કાકડી, લીંબુ અને ટામેટાના વધતા ભાવે થાળીમાંથી સલાડ ગાયબ કરી દીધા છે. સામાન્ય રીતે શાકભાજીમાં તડકા ઉમેરવા માટે મળતી ધાણાની કિંમત એટલી વધી જાય છે કે લોકો ભાવ પૂછીને જ આગળ વધી રહ્યા છે. ધાણા હોલસેલમાં ૧૫૦ રૂપિયા પ્રતિ કિલો અને બજારમાં ૨૦૦ રૂપિયા પ્રતિ કિલોના ભાવે વેચાઈ રહ્યા છે.

'દર વર્ષે વરસાદની મોસમમાં ભાવમાં વધારો જોવા મળે છે. છેલ્લા ૧૫ થી ૨૦ દિવસથી બજારમાં શાકભાજીના ભાવમાં સતત વધઘટ જોવા મળી રહી છે, પરંતુ હાલમાં ભાવ એકદમ ઉંચા છે, લગ્નના કારણે આગામી ૧૫ દિવસ સુધી ભાવમાં ઘટાડો થવાની કોઈ શક્યતા નથી.

# ટીમ ઈન્ડિયાને મહારાષ્ટ્ર સરકારનું ૧૧ કરોડનું ઈનામ

## રોહિત-સૂર્યકુમાર-જયસ્વાલ-દૂબેનું વિધાનસભામાં સન્માન



મુંબઈ, તા.૬

આઈસીસી ટી૨૦ વર્લ્ડ કપમાં ચેમ્પિયન બનેલી ભારતીય ક્રિકેટ ટીમના ખેલાડીઓએ ગુરૂવારે મુંબઈના નરિમાન પોઈન્ટ પર યોજેલી વિજય પરેડના બીજા દિવસે મુંબઈના ચાર ક્રિકેટર્સનું મહારાષ્ટ્ર વિધાનસભામાં સન્માન કરાયું હતું. મુખ્યમંત્રી એકનાથ શિંદેએ ચેમ્પિયન ભારતીય ટીમ માટે રૂા.૧૧ કરોડના રોકડ પુરસ્કારની જાહેરાત પણ કરી હતી.

શુક્રવારે સાંજે મહારાષ્ટ્ર વિધાનસભામાં ચેમ્પિયન ભારતીય ટી૨૦ ટીમના સુકાની રોહિત શર્મા સહિત સૂર્યકુમાર યાદવ, યશસ્વી જયસ્વાલ તથા શિવમ દુબેનું સન્માન કરાયું હતું. સાઉથ મુંબઈ સ્થિત મહારાષ્ટ્ર વિધાન ભવનમાં કોઈ ક્રિકેટરનું આ રીતે સન્માન કરાયું હોય તેવી આ પ્રથમ ઘટના રહી હતી. આ પ્રસંગે વિધાનસભામાં મુખ્યમંત્રી એકનાથ શિંદે તથા નાયબ મુખ્યમંત્રી અજીત પવાર અને દેવેન્દ્ર ફડણવિસ પણ હાજર હતા.

અજીત પવારે પોતાના સંબોધનમાં જણાવ્યું કે, રોહિતે ટી૨૦ આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાંથી નિવૃતિ લઈ લીધી છે માટે હવે તેને ટી૨૦ ક્રિકેટમાં રમતો નહીં જોઈ શકાય પરંતુ જયારે પણ ટી૨૦ મેચ નિહાળીશું ત્યારે અમે તને અને ટીમની (જુઓ.પાનું.૫)

# આપઘાતનાં ગુન્હાનાં પી.એસ.આઈ.ની આગોતરા જામીન અરજી ફગાવતી સુપ્રિમકોર્ટે



(સૌરાષ્ટ્ર ક્રાંતિ કાર્યાલય)

રાજકોટ તા.૦૬

ગુજરનાર દિપકભાઈ હરજીવનભાઈ ધ્રાંગધરીયાનાં પત્નિએ લોધિકા પોલીસ સ્ટેશનમાં આરોપી હિતેન્દ્ર મોહનભાઈ પટેલ પી.એસ.આઈ. છે તેની સામે ફરિયાદ નોંધાવેલ હતી કે, તેમના પતિએ આપઘાત કરતા પહેલા રાજકોટ પોલીસ કમિશ્નરને સંબોધીને વિડીયો બનાવેલ જેમાં આરોપીએ ગુજરનાર પાસેથી પ્રોહિબીશનનાં કેસમાં રૂા. ૩,૦૦,૦૦૦ લઈ ગુજરનારને જેલ હવાલે કરેલ ત્યારબાદ ૧૪ તારીખે કોઈકનો દારૂ પકડાયેલ હશે તેમાં પણ ગુજરનારનું ખોટી રીતે નામ છે તેમ કહી રૂા. ૧૦,૦૦,૦૦૦ માંગણી કરતાં હોય જેથી ગુજરનારે વિરમગામનાં રૂરલ પોલીસ સબઈન્સ્પેક્ટર પટેલ થી ત્રાસીને આત્મહત્યા કરતો હોવાનું જણાવતો વિડીયો બનાવેલ અને ત્યારબાદ ખાંભા ગામે મોગલ માતાનાં મંદિર પાસે ગળાફાંસો ખાઈ મરણ ગયેલ હતા. આરોપી હિતેન્દ્ર મોહનભાઈ પટેલ સામે ગુન્હો નોંધાતા તેઓ ગોંડલ સેશન્સ કોર્ટમાં આગોતરા જામીન અરજી દાખલ કરેલ જે નામંજુર થતા આરોપીએ ગુજરાત હાઈકોર્ટ સમક્ષ આગોતરા જામીન અરજી દાખલ કરેલ હતી.આ કામનાં મુળ ફરિયાદીનાં એડવોકેટ દ્વારા જામીન અરજી સંદર્ભે સખત વાંધો લેવામાં આવેલ હતો અને દલીલ કરવામાં આવેલ હતી કે, ગુજરનાર સામે માત્ર પ્રોહિબીશનનાં કેસ હોય જેથી તેને બુટલેગર ન કહી શકાય તેમજ ગુજરનારે આપઘાત કરતા પહેલા ઉચ્ચ પોલીસ અધિકારીને સંબોધી વિડીયો બનાવેલ હોય જેમાં આરોપી રકમ રૂ.૧૦,૦૦,૦૦૦ (અંકે રૂપિયા દસ લાખ પુરા) ની લાંચ માંગતા હોય તેવુ ગુજરનારે મરતા પહેલા વિડીયોમાં જણાવેલ હોય જેથી એવીડન્સ એકટની કલમ-૩૪ અન્વયે તેનુ મરણોન્મુખ નિવેદન તરીકે ગણી શકાય તેમજ મુળ ફરિયાદી ગુજરનારનાં પત્નિનું જામીન અરજીનાં સામે એફીડેવીટ પણ ફાઈલ કરવામાં આવેલ હતુ.

આ કામમાં સરકારપક્ષે સરકારી વકિલ દ્વારા પણ જામીન અરજી સામે સખત વાંધો લેવામાં આવેલ અને આરોપી પી.એસ.આઈ. ને તપાસનાં કામે હાજર રહેવા નોટીસ ઈસ્યુ કરવામાં આવેલ તેમ છતાં આરોપી હાજર થયેલ નથી અને ગેરકાયદેસર રીતે રજા પર ઉતરી ગયેલ હોય તેમજ આરોપીને ચૂંટણી સમયે પણ હાજર થવા માટે ફરમાન કરવામાં આવેલ હોય તેમ છતાં આરોપી હાજર થયેલ ન હોય જેનાથી જણાય આવે છે કે આરોપી ભાગતો ફરે છે.તમામ પક્ષકારોને વિગતવાર સાંભળી તથા તપાસ કરનાર અધિકારીનું સોગંદનામું ધ્યાને લઈ ન્યાયમુર્તિ એવા નિષ્કર્ષ પર આવેલ હતા કે, રાજય તથા પોલીસનું કર્તવ્ય છે કે તેઓ નાગરીકોની સેવા તથા સુરક્ષા પુરી પાડે આક્ષેપો દર્શાવિ છે કે, પી.એસ.આઈ. કે જેને નાગરીકોની રક્ષા કરવાની હોય તે ખુદ આરોપી બની ગયેલ છે અને પ્રાથમિક દષ્ટિએ ગુજરનારનો વિડીયો મરણોન્મુખ નિવેદન તરીકે ધ્યાને લઈ શકાય જે વિડીયોમાં આરોપીનાં નામનો સ્પષ્ટપણે ઉલ્લેખ છે તેમજ આરોપીનું આગોતરા જામીન અરજી માટેનો કેસ ન બનતો હોય આરોપીનાં આગોતરા જામીન અરજી રદ કરવામાં આવે છે.આરોપીએ હાઈકોર્ટમાં કારમી પછડાટ ખાધા બાદ સુપ્રિમકોર્ટમાં આગોતરા જામીન અરજી દાખલ કરેલ હતી અને આરોપીપક્ષ દ્વારા લંબાણપૂર્વક દલીલ કરવામાં આવેલ પરંતુ સુપ્રિમકોર્ટ આગોતરા જામીન મંજુર નહી કરે તેવુ જણાય આવતા આરોપી પીએસઆઈએ તેની આગોતરા જામીન અરજી વિથ-ડ્રો કરવાનું જણાવતા સુપ્રિમકોર્ટ દ્વારા આરોપીની જામીન અરજી 'ડિસમીસ એઝ વિથ-ડ્રો' નો હુકમ કરેલ હતો.

આ કેસમાં ફરિયાદી વતી ધારાશાસ્ત્રી સ્તવન જી. મહેતા, નિકુંજ એમ. શુકલા, બ્રિજેશ ચૌહાણ, નિલરાજ રાણા, શ્યામ ત્રિવેદી, સત્યજીતસિંહ જાડેજા તથા સુપ્રિમકોર્ટનાં એડવોકેટ આસ્થાબેન મહેતા રોકાયેલ હતા.

# શહેર ભાજપ દ્વારા જગન્નાથજી રથયાત્રાનું સ્વાગત કરાશે

(સૌરાષ્ટ્ર ક્રાંતિ કાર્યાલય)

રાજકોટ તા.૦૬

શહેર ભાજપ પ્રમુખ મુકેશભાઈ દોશી, મહામંત્રી અશ્વિન મોલીયા, ડો.માધવ દવે, વિરેન્દ્રસિંહ ઝાલાની એક સંયુકત યાદીમાં જણાવાયું છે કે અષાઢી બીજ એ રથયાત્રાનું મંગલ પર્વ છે. દર વર્ષે આ દિવસે ભગવાન જગન્નાથ, ભાઈ બલરામ અને બહેન સુભદ્રાની મુર્તિને ત્રણ ભવ્ય રથમાં પધરાવી ભવ્યાતિભવ્ય શોભાયાત્રા કાઢવામાં આવે છે. રથયાત્રામાં લાખોની જનમેદની ઉમટી પડે છે અને આ ત્રણેય રથોને હજારો મનુષ્યો ભક્તિભાવથી ખેંચી અને ધન્યતા અનુભવે છે. ત્યારે આવતીકાલે અષાઢી બીજ નિમિતે જગન્નાથજી રથયાત્રા સમિતિ દ્વારા નીકળનાર રથયાત્રામાં ભગવાનજગન્નાથજી, બહેન સુભદ્રાજી તથા ભાઈ બલરામજી અલૌકિક રથમાં બિરાજમાન થઈ પરંપરાગત રાજકોટ મહાનગરના વિવિધ રાજમાર્ગો પર ધર્મપ્રેમી નગરજનોને દર્શનનો લ્હાવો આપવા નગર યાત્રાએ પ્રસ્થાન કરશે, ત્યારે શહેર ભાજપ પ્રમુખ મુકેશ દોશીની આગેવાની હેઠળ શહેર ભાજપ દ્વારા ભગવાન જગન્નાથજી રથયાત્રાનું આવતીકાલે સવારે ૯:૩૦ કલાકે પુષ્કરધામ મંદિર સામે, પુષ્કરધામ મેઈન રોડ, એ.જી. ચોક પાસે ભવ્ય સ્વાગત કરવામાં આવશે. આ કાર્યક્રમમાં શહેર ભાજપની તમામ શ્રેણીના કાર્યકર્તાઓને ઉપસ્થિત રહેવા શહેર ભાજપ પ્રમુખ મુકેશભાઈ દોશી, મહામંત્રી અશ્વિન મોલીયા, ડો.માધવ દવે, વિરેન્દ્રસિંહ ઝાલાએ જાહેર અનુરોધ કર્યો છે.

# અષાઢી બીજના પાવન પર્વની શહેરીજનોને શુભેચ્છા પાઠવતા મુકેશ દોશી



(સૌરાષ્ટ્ર ક્રાંતિ કાર્યાલય)

રાજકોટ તા.૦૬

શહેર ભાજપ પ્રમુખ મુકેશભાઈ દોશી, મહામંત્રી અશ્વિન મોલીયા, ડો.માધવ દવે, વિરેન્દ્રસિંહ ઝાલાએ શહેરીજનોને અષાઢી બીજના પાવન પર્વની શુભેચ્છા પાઠવતા જણાવ્યું હતું કે અષાઢી બીજ એ રથયાત્રાનું મંગલ પર્વ છે.દર વર્ષે જગન્નાથપુરી-ઓરીસ્સામાં રથયાત્રા ધામધુમથી નીકળે છે. દર વર્ષે આ દિવસે ભગવાન જગન્નાથ, ભાઈ બલરામ અને બહેન સુભદ્રાની મુર્તિને ત્રણ ભવ્ય રથોમાં પધરાવીને ભવ્યાતિભવ્ય શોભાયાત્રા કાઢવામાં આવે છે. રથયાત્રામાં લાખોની જનમેદની ઉમટે છે અને આ ત્રણેય રથોને હજારો મનુષ્યો ભક્તિભાવથી ખેંચે છે અને ધન્યતા અનુભવે છે. આ ત્રણેય રથોના નામ તાલધ્વજ, નંદીઘોષ અને દર્પદલન છે. તાલધ્વજમાં બલભદ્ર, નંદીઘોષ રથમાં જગન્નાથ પ્રભુ અને દર્પદલન રથમાં સુભદ્રાને બિરાજમાન કરાય છે. ત્યારે ખરેખર તો જગન્નાથપુરીમાં પ્રભુના રથને તો લોકો જનકપુરીથી ખેંચીને મંદિરે પહોંચાડે જ છે, પણ આ પાવન પર્વના દિવસે આપણે પોતાના જીવનરથને પ્રભુ સુધી પહોંચાડવાનો છે એવો સંદેશો મળે છે. ત્યારે સંસ્કૃત સાહિત્યમાં કવિ કાલિદાસથી માંડી અનેક કવિઓ, સર્જકો જેના ગુણગાન ગાતા થાકતા નથી, લોકસાહીત્યકારોએ પોતાની રચનાઓમાં અષાઢ મહિનાને ખુબ ખુબ બિરદાવ્યો છે, એવો અષાઢ માસ જયારે ઓળઘોળ બની અવની પર અનરાધાર વરસે અને માનવજીવનના ઉત્કર્ષની સાથોસાથ ધર્મજીવન પણ બળવતર બનાવે એવી અષાઢી બીજની આભા સૌના અંતર મનને સભર બનાવે છે.

ત્યારે અષાઢી બીજના પાવન પર્વે ભકતો હરખની હેલીએ ચડે છે અને ભક્તિરસમાં તરબોળ થઈ જાય છે. ભક્તિ, સેવા, સમર્પણ અને સાંસ્કૃતિક મૂલ્યોને જીવંત રાખતા અષાઢી બીજના પાવન પર્વની શહેરીજનોને શુભેચ્છા પાઠવતા અંતમાં મુકેશ દોશી, મહામંત્રી અશ્વિન મોલીયા, ડો.માધવ દવે, વિરેન્દ્રસિંહ ઝાલાએ જણાવ્યું હતું.

# આજે રાજકોટ શહેરનો ૪૧૪મો જન્મદિવસ

## રાજકોટ શહેરના જન્મ દિવસે રાજકોટવાસીઓને ખૂબ ખૂબ શુભેચ્છા : મુકેશ દોશી



(સૌરાષ્ટ્ર ક્રાંતિ કાર્યાલય)

રાજકોટ તા.૦૬

શહેર ભાજપ પ્રમુખ મુકેશભાઈ દોશી, મહામંત્રી અશ્વિન મોલીયા, ડો.માધવ દવે, વિરેન્દ્રસિંહ ઝાલાની એક સંયુકત યાદીમાં જણાવાયું છે કે ૬ જુલાઈ ૧૬૧૦ ના દિવસે રાજકોટ શહેરનો પાયો નંખાયો હતો. આ પાયો નાંખનાર રાજકોટના જાડેજા રાજવી ઠાકોર વિભાજી અને તેના વિશ્વાસુ સાથીદાર રાજુ સંધિએ આજી નદીના કાંઠે ગામ વસાવ્યું હતુ અને તેના નામ ઉપરથી ગામનું નામ રાજકોટ થયું. આ શહેર ઉપર મોગલવંશનું શાસન દરમ્યાન માસુમાબાદ કરવામાં આવેલ હતું. ત્યારબાદ ફરીથી રાજવીનું શાસન આવતા નામ બદલી રાજકોટ કરવામાં આવેલ હતું. જુના રાજકોટ શહેર એટલે હાલના કોઠારીયાનાકા,રૈયા નાકા, બેડી નાકા અને ભીચરી નાકાની અંદર વસેલું ગામ હતું. રાજવીઓ દ્વારા નિર્માણ પામેલ હાલમાં પણ જેનું નામ પ્રખ્યાત છે તેવું શિક્ષણ માટેની રાજકુમાર કોલેજ, કિશોરસિંહજી સ્કુલ, બાવાજીરાજ, વાંચન માટે લાખાજીરાજ લાઈબ્રેરી, અને દરબારગઢ, રણજીતવિલા પેલેસ, ત્યારબાદ રાજકોટનો બહોળો વિસ્તાર થતાં અંગ્રેજોના સમયમાં કોઠી કંપાઉન્ડમાં આવેલ કોઠી જયાંથી અંગ્રેજો શાસન કરતાં હતા. આસપાસની પ્રજાની સુખસગવડ માટે રેલ્વે લાઈન એક દિવસ રાજકોટ મામલતદારની ઓફીસ દરબારગઢમાં બેસતી હતી, આજે રાજકોટનો વિકાસ થઈ અધનત ઈમારતોમાં ઓફીસ કાર્ય કરતી રહી છે. રાજકોટ શહેરમાં ચાર ઝોન પાડીઅલગ અલગ ઓફીસો પણ ટુંકી પડે એવો બહોળો વિસ્તાર થવા લાગ્યો છે.નવા ઝોન તરીકે થયેલ નવા રેસકોર્ષનો વિકાસ, અટલ સરોવર, લાઈટ હાઉસ, એઈમ્સ હોસ્પિટલ, આંતરરાષ્ટ્રીય હિરાસર ગ્રીન ફિલ્ડ એરપોર્ટએ આધુનિક રાજકોટનો વિકાસ દર્શાવે છે.આપણા રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીના પિતા કરમચંદ ગાંધી તત્કાલીન રાજવી બાવાજીરાજના દિવાન હતા. આજે કબા ગાંધીનો ડેલો અને મોહનદાસ કરમચંદ ગાંધીએ જયાં અભ્યાસ કર્યો હતો એ આલ્ફ્રેડ હાઈસ્કુલ હાલનું મહાત્મા ગાંધી મ્યુઝીયમ બનાવવામાં આવેલ છે. આજે રાજકોટ દેશ તેમજ વિશ્વ સાથે વેપાર વૃધ્ધિમાં અને સોના ચાંદીની કારીગરીમાં સમગ્ર વિશ્વમાં નામના ધરાવે છે. રાજકોટની પ્રજાએ મોરબી હોનારતમાં પુરગ્રસ્તો માટે મદદરૂપ થઈને તેમની ઉદારતા બતાવી હતી. આજે રાજકોટનો ૪૧૪ મો જન્મ દિવસ ઉપર શહેર ભાજપ પ્રમુખ મુકેશભાઈ દોશી, મહામંત્રી અશ્વિન મોલીયા, ડો. માધવ દવે, વિરેન્દ્રસિંહ ઝાલાએ રાજકોટની પ્રજાને રાજકોટના જન્મદિવસની શુભેચ્છા પાઠવી હતી.

# કોઠારીયા મહાદેવના મંદિરમાં ચોરીનો ભેદ ખુલ્યો

## ક્રાઈમ બ્રાન્ચે સુનિલ દેરવાડિયાને દબોચ્યો : અગાઉ દારૂના ગુનાઓમાં સંડોવણી



રાજકોટ તા.૬

શહેરના કોઠારીયા રોડ ગોવિંદનગરમાં આવેલા શાંતેશ્વર મહાદેવ મંદિરમાં ત્રિશુલથી ૮ દાનપેટી તોડી ચોરી કરવામાં આવી હતી.

ભક્તિનગર પોલીસમાં નોંધાયેલા આ ગુનાનો ભેદ ક્રાઇમ બ્રાન્ચે ઉકેલી સુનિલ વિનોદભાઇ દેરવાડીયા (ઉ.વ.૩૨) ધંધો-મજુરીકામ રહે. હાલ-રૈયા રોડ, આવાસના કવાર્ટરમાં, લક્ષ્મણભાઇ ખોડાભાઇ મકવાણા (સસરા)ના મકાનમાં, મુળ ગામ-બીલીયાળા તા.ગોંડલ)ને પકડી લઈ રોકડા રૂપીયા અલગ અલગ દરની નોટો રૂ. ૩૦૦૦, અલગ અલગ દરના સીકકાઓ તથા એક મોબાઇલ ફોન કી પેડ વાળો કબ્જે કર્યા છે.

આ શખ્સ અગાઉ ગોંડલમાં દારૂના ચાર સહિત પાંચ ગુનાઓમાં સંડોવાઈ ચુકયો છે.પોલીસ કમિશ્નર બ્રજેશકુમાર ઝા તથા અધિક પોલીસ કમિશ્નર મહેન્દ્ર બગરીયા તથા નાયબ પોલીસ કમિશ્નર (ક્રાઇમ) ડો.પાર્થરાજસિંહ ગોહિલ તથા મદદનીશ પોલીસ કમિશ્નર (ક્રાઇમ) ભરત. બી. બસીયા દ્વારા મીલકત સંબંધી ગુન્હાઓ અટકાવવા તેમજ શહેરમાં થતી વાહન ચોરી, ઘરફોડ ચોરી, તથા ચીલ ઝડપ, લુંટ, વીગેરે અનડીટેકટ ગુન્હાઓ શોધી કાઢવા તેમજ ચોરીમાં ગયેલ મુદામાલ તેમજ આરોપીઓને શોધી કાઢી મુદામાલની રીકવરી કરવા અંગે સુચના અપાઈ હોઈ જે અન્વયે પોલીસ ઇન્સપેકટર એમ.આર.ગોંડલીયાના માર્ગદર્શન હેઠળ પો.સબ.ઇન્સ.એ.એન.પરમાર તથા ટીમ પેટ્રોલિંગમાં હતી તે વખતે હેડકોન્સ. કૃષ્ણદેવસિંહ ઝાલા, પો.કો. ગોપાલભાઇ પાટીલ તથા મોહિલરાજસિંહ ગોહિલને મળેલ સંયુકત બાતમીના આધારે તેમજ ચોકકસ સોર્સીસથી આરોપીને પકડી લેવાયો છે.

આ કામગીરી ક્રાઇમ બ્રાન્ચ, પોલીસ ઇન્સપેકટર એમ.આર.ગોંડલીયા, પો.સબ ઇન્સ. એ.એન.પરમાર, એ.એસ.આઇ.જલદિપસિંહ વાઘેલા, હરદેવસિંહ જાડેજા, હિતેન્દ્રસિંહ ઝાલા તથા હેડકોન્સ. કૃષ્ણદેવસિંહ ઝાલા,.કોન્સ. હિરેનભાઇ સોલંકી, મહાવીરસિંહ ચુડાસમા, ગોપાલભાઈ પાટીલ તથા મોહિલરાજસિંહ ગોહિલએ કરી છે.

# ડો.શ્યામા પ્રસાદ મુખર્જીનો આજે જન્મદિવસ



(સૌરાષ્ટ્ર ક્રાંતિ કાર્યાલય)

રાજકોટ તા.૦૬

પૂર્વ ધારાસભ્ય ગોવિંદ પટેલે જણાવ્યું છે કે ડો. મુખર્જીના જીવનના અનેક પ્રસંગો છે. જે દરેક કાર્યકર્તાએ જીવનમાં ઉતારવા જેવા છે. સિધ્ધાંતને નેવે મુકીને ખુરશી અને સતાનો મોહ તેના જીવનમાં કયારેય પણ ન હતો. સતાની દોડમાં માણસ પોતાના આત્મ સન્માનને પણ ભૂલી જાય છે તેવા સમયે ડો.મુખર્જી ના જીવનમાંથી એ શીખ લેવાની છે કે જયારે દેશ ભરમાં હિન્દુઓની અવેહલના થતી હતી અને નોઆખલી માં જે હિન્દુઓની કત્લે આમ થઇ અને મહાત્મા ગાંધીજીએ સત્યાગ્રહ કરવો પડ્યો તેવા કારમા ઘાત અને ભારતના વિભાજન વખતે થયેલી કત્લે આમ તેમના જીવનને બેચેન બનાવી રહી હતી તે સમયે તેમને હિન્દુ મહાસભાનું સુકાન સાંભળ્યું અને જયારે આઝાદી મળી અને નવી સરકાર બની તેમાં ડો. શ્યામા પ્રસાદ મુખર્જીને ઉદ્યોગ અને વાણીજ્યનો મહત્વનો વિભાગ સોપીને પ્રધાન બનાવવામાં આવ્યા પરંતુ પંડિત નહેરુની નીતિ રીતીથી તેઓ નાખુશ હતા અને ભારતથી કાશ્મીરને અલગ દરજ્જાની વાત આવી ત્યારે ડો.મુખર્જીએ તેનો વિરોધ કરીને સતાની ખુરશીને લાત મારી અને જમ્મુ કાશ્મીર પ્રજા પરિષદ જે આંદોલન ચલાવી રહી હતી. તેને સમર્થન કર્યું. અને ૧૯૫૧માં જનસંઘની સ્થાપના કરી. આજના ભારતીય જનતા પાર્ટી તે પાયાના પથ્થર ઉપર મજબુત ઈમારત બનીને ઉભી છે. તેમના ઉચ્ચ વિચાર, પ્રખર રાષ્ટ્રભાવના અને દેશ માટે મરી ફીટવાની તત્પરતાને સત સત વંદન.

**વાચકોએ નોંધ લેવી**

કે કોઈપણ જાહેર ખબરમાં જણાવેલી માહિતીની સત્યતા બાબતે અમો કોઇ બાહેંધરી આપતા નથી. વાચકોએ પોતાની રીતે પુરતી ચકાસણી કરીને યોગ્ય નિર્ણય લેવાનો રહેશે.

વ્યવસ્થાપક: સૌરાષ્ટ્ર ક્રાંતી

# ધારાશાસ્ત્રી તુલસીદાસ ગોંડલીયાની વિજય કોમર્શીયલ કો. ઓપ. બેંક લી.માં ડીરેકટર તરીકે નિમણુક



(સૌરાષ્ટ્ર ક્રાંતિ કાર્યાલય)

રાજકોટ તા.૦૬

રાજકોટ શહેરમા ૪૬ વર્ષથી વકીલાત ક્ષેત્રમા કાર્યરત તુલસીદાસ ભાવદાસ ગોંડલીયા કે જેઓ વકીલાતમા દિવાની, ફોજદારી, રેવન્યુ, ફેમીલી કોર્ટ જેવી જુદી જુદી કોર્ટમા ૭૪ વર્ષે પણ સતત કાર્યરત છે.

વકીલાત ઉપરાંત તેઓ રાષ્ટ્રીય સ્વયંમ સેવક સંઘના જુદી જુદી જવાબદારીઓ અદા કરે છે, તેમજ તેઓ આશરે ૧૯૭૯મા જયુડીશ્યલ ઓફીસર તરીકે પસંદ પામેલ પરંતુ તેઓએ વકીલાતને પ્રથમ પસંદગી આપી રાજકોટને પોતાની કર્મભુમી બનાવી વકીલાત કરેલ. રાજકોટ બાર એસોશીએશનના પ્રમુખ તરીકે તેઓએ કાર્યવાહીઓ કરેલ છે, તેમજ બાર એશોસીએશનના અન્ય હોદાઓમા સફળ કામગીરી કરેલ છે. તેજ રીતે આસી. ગર્વમેન્ટ પ્લીડર તરીકે આશરે આઠ વર્ષ સુધી કેન્દ્ર સરકાર તથા રાજય સરકારના કેસો લડી ચુકેલા છે, તેઓ સેશન્સ અદાલતમા ખુન કેસ, બળાત્કાર, લાંચ રૂશ્વત ધારા, નાર્કોટીક વિગેરે કેસો ચલાવેલ છે. તેમજ વકીલાતની સાથો સાથ તેઓ રાજકોટ કાયમી સમાધાન પંચ (મીડીએશન સેન્ટર) મા મીડીએટર તરીકે વગર ફી એ સેવાઓ આપેલ છે.

રાજકોટ નાગરીક સહકારી બેંક લી. પરા બજાર રાજકોટ શાખામા તથા હાલ જંકશન પ્લોટ શાખામા શાખા વિકાસ સમીતીના કન્વીન્યર તરીકે સેવાઓ આપે છે. તેઓની નીમણુક વિજય કોમ. કો. ઓપ. બેંક મા ડીરેકટર તરીકે પસંદગી પામતા વકીલ મીત્રો, જ્ઞાતિજનો, અને મીત્રો તરફથી તેઓને ૯૮૨૪૪ ૧૬૬૧૭ ઉપર શુભેચ્છાઓ પાઠવી લાગી વ્યકત કરી રહયા છે. તેમજ ગાંધીનગર પ્રથમવાર રાષ્ટ્રીય કક્ષાનુ સહકાર એક સમૃધ્ધી કાર્યક્રમ જે કેન્દ્રીય મંત્રી અમીત શાહની અધ્યક્ષતામા શનીવારથી શરૂ થનાર છે જે કાર્યક્રમમા હાજર રહેવા માટે આમંત્રણ મળતા કાર્યક્રમમા સહભાગી થવા માટે ગાંધીનગર રવાના થયેલ છે.તેમ જણાવ્યુ છે.

# ચેક રીર્ટન કેસમાં આરોપીને એક વર્ષની સજા



(સૌરાષ્ટ્ર ક્રાંતિ કાર્યાલય)

રાજકોટ તા.૦૬

ફરીયાદી દિલીપભાઈ છગનભાઈ લીંબાણી, રહે. ન્યુ સાગર સોસાયટી શેરી નં.૪ વાળાએ સને-૨૦૨૦ ની સાલમાં તેમના મિત્ર આરોપી રાજેશભાઈ મૈયાભાઈ ચોરીયાને મિત્રતાનાં સંબંધનાં નાતે રૂા.૧૫,૦૦,૦૦૦ (પંદર લાખ) આરોપીને થોડા સમય માટે આપેલ, બાદમાં ફરીયાદી દિલીપભાઈ છગનભાઈ લીંબાણીએ આરોપી રાજેશભાઈ મૈયાભાઈ ચોરીયા પાસેથી હાથઉછીની રકમ પરત માંગતા આરોપી રાજેશભાઈ મૈયાભાઈ ચોરીયાએ રૂા.૧૫,૦૦,૦૦૦ નો ચેક આપેલ, જે ચેક ફરીયાદી દિલીપભાઈ છગનભાઈ લીંબાણીએ સ્વીકારેલો. ચેક તેના ખાતાવાળી રાજકોટ પીપલ્સ કો-ઓપ, બેંકમાં જમા કરાવતા ''એકાઉન્ટ બ્લોક''નાં શેરા સાથે પરત ફરેલ. જેથી ફરીયાદીએ તેમના વકીલ મારફત લેણી રકમ વસુલની લીગલ નોટીસ આપેલ, જેનો જવાબ રાજેશભાઈ મૈયાભાઈ ચોરીયાએ ન આપતા ફરીયાદી દિલીપભાઈ છગનભાઈ લીંબાણીએ ધી નેગો. ઈન્સ્ટ્રુ. એકટની કલમ-૧૩૮ અન્વયે અદાલતમાં કેસ કરેલ.

આ કેસ ચાલી જતાં ફરીયાદી દિલીપભાઈ છગનભાઈ લીંબાણી તરફે મૌખિક અને લેખિત પુરાવો અદાલતમાં રજુ થયેલ અને આ કેસમાં ફરીયાદી આરોપી પાસેથી કાયદેસરની લેણી રકમ લેવાની થતી હોય અને તે પેટે ચેક આપેલ હોય અને તે ચેક રીર્ટન કરાવી ''એકાઉન્ટ બ્લોક'' કરાવેલ હોય તે હકીકત કોર્ટમાં સાબિત થયેલ હોય તેમજ ઉચ્ચ અદાલતોનાં ચુકાદાઓ ધ્યાને લઈ આરોપી રાજેશભાઈ મૈયાભાઈ ચોરીયાને દોષિત ઠરાવી એક વર્ષની સાદી કેદની સજાનો હુકમ કરેલ, સાથો સાથ આરોપીએ ફરીયાદીને રૂા.૧૫-લાખ વળતર ચુકવવાનો હુકમ કરેલ, જો વળતર પેટેની રકમ આરોપી ફરીયાદીને ન ચુકવે તો વધુ છ માસની સાદી કેદની સજાનો હુકમ અદાલતે કરેલ.

આ કેસમાં રાજકોટનાં ધારાશાસ્ત્રી સિધ્ધરાજસિંહ કે. જાડેજા રોકાયેલ હતાં.

## તંત્રી લેખ

# પરીક્ષા પધ્ધતિને વધુ ભરોસાપાત્ર બનાવવા AI ટેકનોનોજીની મદદ...

છેલ્લા ચાર વર્ષમાં મહત્વની એવી ૨૪ પરીક્ષાઓના પેપર ફૂટતાં દેશના સત્તાવાળાઓ ચોંકી ઉઠયા છે. અનેક સ્થળે દરોડા પડાયા છે અને અનેક સ્થળો પર સીલ મરાયા છે જ્યારે બીજી તરફ પરીક્ષાઓમાં થતી ચોરીઓ તેમજ પેપર લીક જેવા મામલે કરાતી છેતરપીંડી વગેરેની સામે સત્તાવાળાઓ આર્ટીફીશ્યલ ઇન્ટેલીજન્સીનો ઉપયોગ કરવા પ્લાનીંગ કરી રહ્યા છે. યુપીએસસી(યુનિયન પબ્લીક સર્વિસ કમિશન)એ તાજેતરમાં પરીક્ષાઓની સિસ્ટમમાં છેતરપીંડી અટકાવવાના ટેકનીકલ સોલ્યુશન આપવા તેમજ તે સંદર્ભે ડિવાઇસ બનાવવાના ટેન્ડર જાહેર ક્ષેત્રના એકમો પાસે મંગાવ્યા છે. છૈં આધારીત સીસીટીવી સર્વેલન્સ સિસ્ટમ પણ તૈયાર કરવા વિચારાઇ રહ્યું છે.

પ્રથમ નજરે આ ભલે ઘોડા છૂટી ગયા પછી તબેલાને તાળા મારવા જેવું લાગે પરંતુ હવે જ્યારે આર્ટીફીશ્યલ ઇન્ટેલીજન્સનો મહત્તમ ઉપયોગ થઇ રહ્યો છે ત્યારે સર્વેલન્સ મહત્વનું અને ઉપયોગી બની જશે. સરકારે આવી વ્યવસ્થા કરવામાં બહુ મોડું કર્યું છે. સરકારે ઉચ્ચ શિક્ષણ સંસ્થાઓમાં ટોપ પર નિમેલા લોકો વફાદાર નીકળ્યા નથી અને શિક્ષણ ક્ષેત્રને કોમર્શીયલ બનાવી દીધું હતું. શિક્ષણ ક્ષેત્ર પર લોકોનો ભરોસો બેસે અને પરીક્ષા સિસ્ટમ વધુ મજબૂત બને તે માટે વિદ્યાર્થીઓના ફીંગર પ્રિન્ટ, આધાર કાર્ડની ચકાસણી, ઇ એડમીટ કાર્ડ પર ક્યૂ આર કોડ સ્કેનીંગ, છૈં આધારીત લાઇવ સીસીટીવી સર્વેલન્સ વગેરેનો ઉપયોગ પરીક્ષા દરમ્યાન કરવાનું વિચારાઇ રહ્યું છે.

૧૪ મુખ્ય પરીક્ષાઓ જેની મારફતે લેવાય છે તે યુપીએસસી હેઠળ આઇએએસ, આઇપીએસ સહીતની પરીક્ષાઓનો સમાવેશ થાય છે. આ પરીક્ષાઓમાં કુલ૨૬ લાખ જેટલા વિદ્યાર્થીઓ બેસે છે. જે દેશના મુખ્ય શહેરો જેવાં કે લેહ, કારગીલ,શ્રીનગર સહીતના ૮૦ જેટલા સેન્ટરો પર યોજાય છે. યુપીએસસીની ગણના દરેકના મનમાં અન્ય પરીક્ષા સંસ્થાઓ કરતાં વધુ ભરોસા પાત્ર છે. યુપીએસસી હવે ડિજીટલ ટેકનોલોજીનો ઉપયોગ કરીને ઉમેદવારોનું ક્રોસ ચેકીંગ કરશે, તેના બાયોમેટ્રીક ડીટેલ પણ ચેક કરાશે. પરીક્ષાની સિસ્ટમમાં ચાલતી પપેર લીક વિદ્યાર્થીઓ સાથેના ફ્રોડ, ગેરંટી માર્કની લલચામણી ઓફર, પરીક્ષાની આગલી રાત્રે પેપર ફોડતી ગેંગ પર બ્રેક જેવા પગલાં લેવા સત્તાવાળાઓ તૈયારી બતાવી છે.

શિક્ષણ માફિયા અને પરીક્ષા માફિયા બંને એક બીજા સાથે જોડાયેલા છે. ટયૂશન કલાસીસના સંચાલકો પણ ખલનાયકની ભૂમિકામાં જોવા મળ્યા છે. પ્રશ્ન પેપર કોણ તૈયાર કરી રહ્યું છે તેની માહિતી મેળવીને તેને લાલચ આપવામાં આવે છે. એટલે હવેના સર્વેલન્સ હેઠળ પેપર સેટ કરનારનું ટયૂશન કલાસીસ સાથે કનેક્શન, તે પ્રાઇવેટ ટયુશન કરે છે કે કેમ? જેવા મુદ્દાનું ક્રોસ ચેકીંગ કરાશે. પરીક્ષા પધ્ધતિને વધુ ભરોસોવાળી અને લોકોમાં વિશ્વાસ ઉભો થાય તેવી બનાવવાના પ્રયાસને દેશના વિરોધ પક્ષો પણ ટેકો આપી રહ્યા છે. કેન્દ્રમાં નવી સરકાર રચાયાના દિવસથીજ નીટ એક્ઝામનો પરપોટો ફૂટયો હતો. જેના કારણે સરકાર બેકફૂટ પર આવી ગઇ હતી.

પરીક્ષા પધ્ધતિનો મુદ્દો સંસદમાં પણ ઉછળ્યો હતો. સરકારે તમામ ખાત્રી આપી છે પરંતુ લોકોને ભરોસો નથી કેમકે શિક્ષણ માફિયાઓનું નેટવર્ક રાજકારણીઓ સાથે પણ જોડાયેલું છે. તેમ છતાં સરકારના છૈં આધારીત ટિજીટલ ટેકનોલોજીનો ઉપયોગ કરીને શિક્ષણમાં પરીક્ષા પધ્ધતિને વધુ સ્પર્ધાત્મક બનાવવાના પ્રયાસ આવકાર્ય બન્યા છે.

# "હાલનો યુગ શિક્ષણનો યુગ છે ત્યારે સૌ દીકરીઓ શિક્ષણ મેળવી ઉજજવળ ભવિષ્ય બનાવે" : કલેકટર પ્રભવ જોશી

## "બેટી બચાઓ બેટી પઢાઓ" મિશન અંતર્ગત સ્પેશ્યલ હોમ ફોર ગર્લ્સ ખાતે રાજકોટ - ગોંડલની બાળાઓને શિક્ષણ માટે પ્રોત્સાહિત કરાઇ

(સૌરાષ્ટ્ર ક્રાંતિ કાર્યાલય-રાજકોટ)

રાજકોટ,તા.૫

વડાપ્રધાન નરેન્દ્રભાઇ મોદી દ્વારા આરંભિત મિશન "બેટી બચાવો બેટી પઢાઓ" અંતર્ગત રાજકોટ જિલ્લામાં J J Act અને CNCP હેઠળ નોંધાયેલ સ્પેશ્યલ હોમ ફોર ગર્લ્સમાં કલેકટર પ્રભવ જોશીના અધ્યક્ષ સ્થાને જિલ્લા મહિલા અને બાળ અધિકારી તથા સમાજ સુરક્ષા અધિકારીની કચેરી - રાજકોટના ઉપક્રમે અનાથ/CNCPની ૧૦૦ જેટલી બાળકીઓને કલેકટરના હસ્તે એજ્યુકેશન કીટ વિતરણ કરવામાં આવ્યું હતું. બાળકીઓને કીટ વિતરણ કરી પ્રોત્સાહિત કરતા કલેક્ટરએ જણાવ્યું હતું કે, હાલનો યુગ શિક્ષણનો યુગ છે ત્યારે દરેક દીકરીઓ પોતાના અભ્યાસ પર ધ્યાન કેન્દ્રિત કરે. આજે સન્માન પામેલી દીકરીઓ પાસેથી પ્રેરણા લઈ અભ્યાસમાં ખૂબ આગળ વધી, દેશનું નામ રોશન કરે તેવી અભ્યર્થના કલેક્ટરએ વ્યક્ત કરી હતી. જિલ્લા સમાહર્તા જોશીએ સંસ્થા ખાતે બાળકો સાથે વાર્તાલાપ કરી, ઇંગ્લિશ માટે ખાસ શિક્ષક, કોમ્પ્યુટર અને સ્માર્ટ કલાસની સુવિધાઓના નિર્માણ અંગે અધિકારીઓને સૂચના



આપી હતી. જિલ્લા અને મહિલા બાળ વિકાસ અધિકારી ડૉ. જનકસિંહ ગોહિલે સમગ્ર કાર્યક્રમની રૂપરેખા આપી સૌને આવકાર્યા હતા.આ કાર્યક્રમમાં સ્પેશ્યલ હોમ ફોર ગર્લ્સ, કાઠીયાવાડ નિરાશ્રિત બાલાશ્રમ અને ગોંડલના ભગવતસિંહજી બાલાશ્રમની દીકરીઓને કીટ વિતરિત કરવામાં આવી હતી, જેમાં સ્કૂલબેગ, ૬ નોટબુક, લંચબોક્સ, વોટર બોટલ, પેન્સિલ સહિત સ્ટેશનરી સેટ અને પ્લાસ્ટિક કવરનો સમાવેશ કરવામાં આવ્યો હતો. સાથે જ ત્રણેય સંસ્થાઓના અભ્યાસમા ૧ થી ૩ ક્રમાંક પ્રાપ્ત કરેલ ૧૦ બાળકીઓને સન્માનપત્ર તેમજ બેટી બચાવો બેટી પઢાવોના કોફી મગ આપી સન્માનિત કરવામાં આવ્યા હતા. સંસ્થાની બાળાઓએ પણ કાર્યક્રમમાં પોતાના અનુભવો રજૂ કર્યા હતા. કલેક્ટરએ સંસ્થાનુ ઈન્સ્પેક્શન હાથ ધરી વ્યવસ્થાઓની સમીક્ષા કરી હતી. કાર્યક્રમના અંતે બાળસુરક્ષા અધિકારીઅલ્પેશ ગોસ્વામીએ સૌનો આભાર વ્યક્ત કર્યો હતો. ચાઈલ્ડ વેલફેર કમિટીના ચેરમેન ડો. પ્રિતેશ પોપટ, સમાજ સુરક્ષા અધિકારી એમ. એન. ગોસ્વામી, સ્ટાફ અને સંસ્થાઓના સંચાલકો- કર્મચારીઓ અને બહોળી સંખ્યામાં બાળકો ઉપસ્થિત રહ્યા હતા.

# શ્રી સ્વામિનારાયણ ગુરૂકુલ દ્વારા જગન્નાથજીની રથયાત્રા પ્રદૂષણ મુક્ત થીમ ઉપર રહેશે

(સૌરાષ્ટ્ર ક્રાંતિ કાર્યાલય-રાજકોટ)

રાજકોટ,તા.૬

આગામી ૭ જુલાઈ રવિવારે સાંજે ૪ વાગ્યે સ્વામિનારાયણ ગુરુકુલ થી ભવ્યાતિ ભવ્ય અને દિવ્યાતિ દિવ્ય રથયાત્રાનો આયોજન થયેલું છે. વર્ષોની પરંપરા અનુસાર ભગવાન જગન્નાથ, સુભદ્રાજી અને બળભદ્રજી ને વિશાળ રથમાં વિરાજીત કરી, સંતો દ્વારા રથને ખેંચીને નગરમાં વિચરણ કરશો. રથયાત્રાના પાવન પર્વે ગુરુદેવ શાસ્ત્રીજી મહારાજની ૧૨૩મી જન્મજયંતી નિમિત્તે દર વર્ષે રથયાત્રાનું આયોજન થાય છે. તેમજ ગુરુકુલ પરિવાર, પર્વ ઉત્સવ તરીકે મનાવે છે.આ યાત્રામાં સૌથી આગળ ડીજે હશે. ૨૦ ઉપરાંત ઈલેક્ટ્રીક બાઈક સંપૂર્ણ રથયાત્રાનું પાયલોટિંગ કરતા હશે.ત્યારબાદ પદાતી વિદ્યાર્થીઓ અને સાયકલ સવાર યુવાનો અને બાલમંડળના બાળકો



હશે. ત્યારબાદ રાસ મંડળીઓ હશે જે પૂરી યાત્રામાં રાસની રમઝટ બોલાવશે. ત્યારબાદ જગન્નાથજી નો મુખ્ય રથ હશે,જે વડીલ સંતો અને હરિભક્તો દ્વારા ખેંચીને ચલાવવામાં આવશે સાથે કિર્તન મંડળીઓ કીર્તનભક્તિની જમાવટ કરશે. ત્યાર-બાદ ૨૦ જેટલી ઈલેક્ટ્રીક ફોરવીલ ગાડીઓ રહેશે.બાદમાં ઈલેક્ટ્રીક ટેકટર ઉપર બેન્ડ પાર્ટી, મહિલા ભક્તો માટે અભિષેક વાહન હશે.જેમાં મહિલા ભક્તો પૂરા રૂટમાં ભગવાનને અભિષેક કરી શકશે. વિશેષ આકર્ષણમાં બાળકો માટેના કાર્ટુન કેરેક્ટરના ગેટ અપમાં કાર્ટુન બાળકોનું મનોરંજન કરશે. મુખ્ય ચોકમાં આરતી ના પોઈન્ટ ઊભા કરવામાં આવેલા છે. જ્યાં ભક્તો જગન્નાથજીની આરતી કરી શકશે. અને ઠેક ઠેકાણે પુષ્પ પાંદડી થી રથને ભક્તો દ્વારા વધાવવામાં આવશે અને દર્શનાર્થી ભક્તોને પ્રસાદી વેચવામાં આવશે. પદાતી મહિલા ભક્તો, અને વિદ્યાર્થીઓનો કાફલો પણ રથયાત્રા પાછળ ચાલશે. આ રથયાત્રાની ખાસિયત એ છે કે આ યાત્રા સંપૂર્ણ પ્રદૂષણ મુક્ત થીમ દ્વારા આયોજિત કરવામાં આવેલી છે. જેમાં પેટ્રોલ ડીઝલ કે ધુમાડો કરતાં કોઈ વાહનોનો ઉપયોગ થવાનો નથી.

સાયકલ સવારો,ઈલેક્ટ્રીક સ્કૂટર અને બાઈક, ૨૦ જેટલા ઈલેક્ટ્રીક ફોરવીલ ગાડીઓ અને ૫ ઈલેક્ટ્રીક ટ્રેક્ટરનો ઉપયોગ કરવામાં આવશે. આ રથયાત્રામાં આગળ પાછળ સફાઈ વાહનો પણ હશે, જે રથયાત્રા દરમિયાન કોઈપણ કચરો સાફ કરી અને રથયાત્રાને પ્રદૂષણ મુક્ત બનાવશે. પૂ. ગુરુ મહારાજ શ્રી દેવ કૃષ્ણદાસજી સ્વામી અને મહંત સ્વામી શ્રી દેવપ્રસાદ સ્વામીના હસ્તે રથયાત્રા નું પ્રસ્થાપન રવિવારે સાંજે ૪ વાગ્યે શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ રાજકોટ થી કરવામાં આવશે.જેમાં હજારો હરિભક્તો અને હજારો વિદ્યાર્થીઓ અને મહિલાઓ જોડાવાના છે. રથયાત્રા રૂટ : ઢેબર રોડ ગુરુકુલથી નાગરીક બેંક ચોક, ભક્તિનગર સર્કલ, ૮૦ ફૂટ રોડ, વાણીયા વાડી, જલારામ ચોક, પારડી રોડ, આનંદનગર રોડ, કોઠારિયા રોડ, સહકાર રોડ, ત્રિશુલ ચોક, ગાયત્રીનગર મેઈન રોડ, જલારામ ચોક, ધર્મજીવન મેઈન રોડ થઇ ગુરુકુલ પરત પધારશે.આ સમગ્ર રથયાત્રાના આયોજનમાં શ્રી સંતવલ્લભ સ્વામી, શ્રી જ્ઞાનજીવન સ્વામી, શ્રી આનંદપ્રિય સ્વામી, શ્રીવલ્લભ સ્વામી વગેરે સંતોનું માર્ગદર્શન મળી રહ્યું છે.તેમ જણાવ્યું છે.

# અષાઢી બીજની શુભેચ્છા પાઠવતા રામભાઇ મોકરીયા

(સૌરાષ્ટ્ર ક્રાંતિ કાર્યાલય-રાજકોટ)

રાજકોટ,તા.૬

અષાઢ સુદ બીજ(અષાઢી બીજ) એટલે ભગવાન જગન્નાથજીની રથયાત્રા અને કચ્છી નવ વર્ષનો દિવસ.રાજ્યસભાના સાંસદ રામભાઇ મોકરીયાએ કચ્છી નવ વર્ષ અષાઢી બીજ અને ભગવાન જગન્નાથજી રથયાત્રાના શુભ અવસર પર તમામ લોકોને શુભેચ્છા પાઠવી છે.

અષાઢી બીજના દિવસે કંસના તેડાથી અક્રુરજી બાળ કૃષ્ણને રથમાં બેસાડીને ગોકુળથી મથુરા લાવ્યા હતા. આ દિવસથી રથાયાત્રાનો પ્રારંભ થયેલ હોવાનું માનવામાં આવે છે અને આ દિવસે અમદાવાદ, જગન્નાથ પુરી સહિત દેશભરમાં રથયાત્રા નિકળે છે. અમદાવાદમાં નિકળતી રથયાત્રા ગુજરાતની સૌથી મોટી રથયાત્રા છે. જ્યારે ઓરીસ્સામાં જગન્નાથ



(શ્રી કૃષ્ણ), બલરામ અને સુભદ્રા આ ત્રણેય મૂર્તિઓને મોટા રથમાં બિરાજમાન કરી પુરીની મુખ્ય બજારમાં થઈ આશરે ૩ કિ.મી. દુર ગુડીયા મંદિરે લવાય છે. આ રથયાત્રા ભારતની તથા વિશ્વની સૌથી મોટી રથયાત્રા છે.

કચ્છ પ્રદેશના પ્રજાવત્સલ રાજવી લાખા ફુલાણીએ અષાઢી બીજથી નવા વર્ષની શરૂઆત કરેલી ત્યારથી કચ્છી માંડુઓ આ દિવસને નુતન વર્ષ તરીકે ઉજવે છે. કચ્છભરમાં લોકો આ દિવસને હર્ષોલ્લાસ સાથે આવકારે છે. અષાઢી બીજનાં દિવસે મેઘરાજાના શુકન થાય તો ઉજવણીમાં ચાર ચાંદ લાગી જાય છે. અષાઢી બીજની અનોખી પરંપરા પાછળ ખેતીની વાવણીના હળ જોડવા, દરિયામાંથી સાગર ખેડુઓનું પરત આવવું અને સૌથી મોટું જનજીવનનો જેના પર સૌથી મોટો આધાર છે. તે ચોમાસાની શરૂઆતની બાબતો જોડાયેલી છે.નવા વર્ષના આગમનનો આ ઉત્સવ સર્વે લોકોની મનોકામના પૂર્ણ કરે એવી પ્રાર્થના રાજ્યસભાના સાંસદ રામભાઇ મોકરિયાએ કરી છે.અષાઢી બીજના શુભ દિવસે રાજ્યસભાના સાંસદ શ્રી રામભાઇ મોકરીયાએ આવનારું વર્ષ સુખ શાંતિ, સ્વાસ્થ્ય અને સમૃદ્ધિ લાવે તેવી શુભકામના પાઠવી છે.

# દિનેશભાઈ સવસાણીનો કાલે જન્મદિવસ

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ,તા.૬: તા.૭/૭ નાં રોજ દીનેશભાઈ પરસોતમભાઈ સવસાણીનો જન્મદિવસ છે. દીનેશભાઈ ૫૨ વર્ષ પૂર્ણ કરી ૫૩ વર્ષમાં પ્રવેશ કરશે. મદદનીશ શિક્ષક તરીકે જામનગર જીલ્લાનાં લાલપુર તાલુકાના રાફુદડ ગામે ફરજ બજાવે છે. મોબાઈલ નંબર ૯૯૧૩૨૯૯૬૫૪ ઉપર મિત્રવર્તુળ તરફથી શુભેચ્છાવર્ષા થઈ રહી છે.



**૪૦૦ વારનું પાકું મકાન વેચવાનું છે**

**આંબાનો બગીચો તેમજ લીંબુનો બગીચો બને તેવું જમીનના ભાવમાં આપવાનું છે જામકંડોરણા થી ૨૦ કિલોમીટર**

**મોબાઈલ નંબર : ૮૧૪૧૮૮૧૭૯૫**

# રાજુલાના જુની માંડરડી ગામે મૃતક બાળકના પરીવારજનોને પીજીવીસીએલ દ્વારા સહાય અર્પણ કરાઇ

(ધર્મેશ મહેતા દ્વારા)


રાજુલા,તા.૬

રાજુલા તાલુકાના જુની માંડરડી ગામના ચાંદલીયા ડુંગર સામે વાડી વિસ્તારમાં રમત રમી રહેલ બાળક પર વીજ વાયર પડતા પાંચ વર્ષીય બાળક ધાર્મિક જગદીશભાઈ બારૈયાનું ઘટના સ્થળે મોત નિપજ્યુ હતું. રાજુલા પીજીવીસીએલ બેદરકારીને કારણે માસુમ બાળકને વીજશોક લાગતા મોત નિપજેલ. ત્યારે આ બાળકના પરીવારની આર્થીક પરિસ્થિતિ નબળી હોવાથી ધારાસભ્ય હીરાભાઈ સોલંકી, માર્કેટીંગ યાર્ડ પ્રમુખ જીગ્નેશભાઇ પટેલ તથા રમેશભાઇ વસોયા સહિત આગેવાનોએ પીજીવીસીએલના અધિકારીને લેખીતમા રજૂઆત કરવામા આવી હતી. જે બાદ પીજીવીસીએલ વિભાગ દ્વારા ગત



૨૭ ફેબ્રુઆરીએ નાયબ ઇજનેર રાઠોડ તેમજ અન્ય અધિકારીઓની હાજરીમાં મૃતક બાળકના પરીવારને રૂપિયા ૫૦,૦૦૦ હજારનો ચેક અર્પણ કરવામા આવ્યો હતો. તેમજ જરૂરી કાગળ રજૂ કરતા પીજીવીસીએલ વિભાગ દ્વારા રૂપિયા ૩,૫૦,૦૦૦ (ત્રણ લાખ પચાંસ હજારની રકમનો ચેક મૃતક બાળકના પરિવારજનોને અર્પણ કરવામા આવ્યો. પીજીવીસીએલ વિભાગ દ્વારા કુલ ૪ લાખ રૂપિયાની મૃતક બાળકના પરીવારને સહાય અર્પણ કરવામા આવી છે. આ તકે પીજીવીસીએલ નાયબ ઇજનેર બલય, રમેશભાઈ વસોયા, વિનુભાઇ પાટડીયા, રમેશભાઇ બારૈયા સહિત આગેવાનોની હાજર રહ્યાં હતાં.

# શહેરીજનોને અષાઢી બીજના પાવન પર્વની શુભેચ્છા પાઠવતા ધારાસભ્ય ઉદય કાનગડ



(સૌરાષ્ટ્ર ક્રાંતિ કાર્યાલય-રાજકોટ)

રાજકોટ,તા.૬

વિધાનસભા-૬૮, રાજકોટ (પૂર્વ) ના ધારાસભ્ય ઉદય કાનગડએ શહેરીજનોને આવતીકાલે તા.૭ જુલાઈના રવીવારે અષાઢી બીજ તેમજ કચ્છી માડુઓના નવા વર્ષ નિમિતે પાવન પર્વની શુભેચ્છ પાઠવતા જણાવેલ છે કે ભારતીય સંસ્કૃતિમાં હિન્દુ તહેવારોનું અનેરૂ મહત્વ છે. અષાઢ મહિનાની શરૂઆત પણ તહેવારથી થાય અને અંત પણ તહેવારથી આવે છે. જેમ અષાઢી બીજને રથયાત્રાનાં પર્વ તરીકે ઉજવવામાં આવે છે, અને અષાઢી અમાસને દિવાસા તરીકે ઉજવવામાં આવે છે. અષાઢ માસની બીજનો દિવસ હિંદુ વૈદિક પંચાંગના વિક્રમ સવંત મુજબ વર્ષના નવમાં મહિનાનો બીજો દિવસ છે.

અષાઢી બીજ આમ તો આખા ભારતમાં અનેક તહેવારોની જેમ ઉજવાય જ છે.આ દિવસે સમગ્ર દેશનું ધ્યાન ખેંચતી જગન્નાથપુરીની રથયાત્રા અને અમદાવાદની રથયાત્રામાં માનવ મહેરામણ ઉમટી પડે છે અને ભક્તિરસમાં તરબોળ થાય છે.આ ઉપરાંત દેશના અલગ-અલગ શહેરોમાં પણ રથયાત્રા નીકળે છે.

આ અવસરે શ્રી જગન્નાથ, બળભદ્ર અને સુભદ્રાજથીનું ષોડશોપચાર કરી પૂજન તથા તેમને દિવ્ય રથ પર યાત્રા કરાવવાનું સવિશેષ મહત્વ છે. જે ભક્ત ભગવાનના રથનું દોરડું ખેંચે છે, ભગવાન જગન્નાથ તેના જીવનરથનું દોરડું ખેંચે છે. આમ સર્વધર્મસમભાવથી થયેલો ભક્તવૃંદ આ રથયાત્રામાં હર્ષોલ્લાસથી ભક્તિપૂર્વક જોડાય છે. ગાડાઓમાં ખેડૂતો વાવણી કરી ઉમંગ અને આસ્થાપૂર્વક આ પાવન પર્વની ઉજવણી કરે છે. અને આ પાવન પર્વને વધાવવા મેઘરાજા અચુક ધરતી પર અમી છાંટણા વરસાવી પોતાની શુકનવંતી હાજરી પુરાવે છે. અષાઢી બીજની અનોખી પરંપરા પાછળ ખેતીની વાવણીના હળ જોડવા, દરિયામાંથી સાગર ખેડુઓનું પરત આવવું અને સૌથી મોટું જનજીવનનો જેના પર સૌથી મોટો આધાર છે તે ચોમાસાની શરૂઆતની બાબતો જોડાયેલી છે.

આમ અષાઢી બીજનું ધાર્મિક મહત્વ તો છે જ, પણ તે ઉપરાંત આગામી દિવસોમાં કેટલો વરસાદ પડશે તેના નિર્દેશ પ્રાપ્ત કરવા સંબંધે પણ આ અષાઢી બીજનું અનેરૂ મહામ્ય છે. એમ માનવામાં આવે છે કે અષાઢી બીજ ગાજે અને રાત્રે વીજળી ચમકે તો ચોમાસુ ખુબ સારુ જાય છે.

આમ પવિત્ર અષાઢી બીજ અને કચ્છી માંડુઓના નવા વર્ષ નિમિતે શહેરીજનોને શુભેચ્છા પાઠવતા અંતમાં ઉદય કાનગડએ જણાવેલ કે કચ્છની ધરતી અને મેઘરાજા વચ્ચેનો સંબંધ મહામૂલ્ય છે. ત્યારે આગામી વર્ષ ખેડૂતો અને પશુપાલકો તેમજ કચ્છી માડુઓ માટે સુખ,શાંતિ અને સમૃધ્ધિથી ભરપૂર બની રહે.

# પુજીત રૂપાણી ટ્રસ્ટ દ્વારા બાળરોગ નિદાન કેમ્પનું આયોજન

## કેમ્પનો સમય સવારે ૯ થી ૧૧.30 નો રહેશે

(સૌરાષ્ટ્ર ક્રાંતિ કાર્યાલય-રાજકોટ)

રાજકોટ,તા.૬

૦૭,૦૭ રવિવારના રોજ પુજીત રૂપાણી મેમોરિયલ ટ્રસ્ટ દ્વારા ૧ થી ૧૨ વર્ષના બાળકોને વિનામૂલ્યે ગાલપચોળીયા-ઓરી-નૂરબીબી (MMR)ની રસી મૂકવાના કેમ્પનું આયોજન ટ્રસ્ટના ભવન કિલ્લોલ' ૧-મયુરનગર રાજકોટ મ્યુનિસિપલ કોર્પોરેશન પૂર્વઝોન ઓફિસ સામે, ભાવનગર રોડ ખાતે કરવામાં આવેલ છે. ગાલપચોળિયા ચેપી રોગ છે. તેના કારણે બાળકોમાં વિવિધ તકલીફ ઊભી થઈ શકે છે જેવી કે દર્દીઓને ખોરાક લેવામાં તકલીફ પડે, મગજ પર સોજો આવી શકે અને વધુ અસર થાય તો વંધ્યત્વ (ઈનફર્ટીલીટી) પણ આવી શકે છે. માર્કેટમાં આ (MMR.) ની રસી ખૂબ જ મોંઘી મળતી હોય છે જેના કારણે નબળી આર્થિક પરિસ્થિતિ ધરાવતા ઘણા પરિવારો આ રસી બાળકોને મુકાવી શકતા નથી.

પ્રિવેન્શન ઈસ બેટર ધેન ક્યોર' આ પંક્તિને ધ્યાનમાં રાખી કોઈ તકલીફ ઊભી થાય તે પહેલા જાગૃત થઇ જઇને આપણા બાળકોને રસી મુકાવી દઈએ જેથી બાળકો રોગનો ભોગ ન બને આ કેમ્પમાં બાળકોને રસી ઉપરાત બાળકોને થતા વિવિધ રોગોની તપાસ પણ વિનામૂલ્યે કરી આપવામાં આવશે.

આ કેમ્પમાં જાણીતા બાળરોગ નિષ્ણાંત ડો. નિખિલભાઇ શેઠ સેવા આપશે. કેમ્પનો સમય સવારે ૯ થી ૧૧.૩૦ નો રહેશે.

રવિવારના રોજ યોજાનાર આ કેમ્પનો લાભ બહોળી સંખ્યામાં લોકોને લેવા ટ્રસ્ટના ચેરમેન અને પૂર્વ મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી તથા ટ્રસ્ટી અંજલીબેન રૂપાણીની સંયુક્ત યાદીમાં જણાવવામાં આવેલ છે. કેમ્પને યશસ્વી બનાવવા ટ્રસ્ટી અંજલીબેન રૂપાણી ના માર્ગદર્શન હેઠળ મહેશભાઈ ભટ્ટ, ડો.જૈમનભાઈ ઉપાધ્યાય ડો.નયન શાહ, ડો. વિભાકરભાઈ વચ્છરાજાની, દિવ્યેશભાઈ અઘેરા, બીપીનભાઈ વસા જહેમત ઉઠાવી રહ્યા છે.

વિશેષ માહિતી માટે ટ્રસ્ટના વહીવટી અધિકારી ભાવેનભાઈ ભટ્ટનો પુજીત રૂપાણી મેમોરીયલ ટ્રસ્ટ ખાતે રૂબરૂ અથવા ફોન નં.૦૨૮૧-૨૭૦૪૫૪૫ દ્વારા સંપર્ક સાધવા એક યાદીમાં જણાવાયું છે.

૧૦૭ સ્થળોએ મચ્છર ઉત્પતિ સબબ નોટીસ

# હોટલ, બાંધકામ સાઇટ, હોસ્પિટલ સહિત ૬૭ આસામી પાસેથી વહિવટી ચાર્જ વસુલાયો

## સ્કુલ, હોટલ, બાંધકામ સહિત ૩૦૦૩ પ્રિમાઈસીસમાં મચ્છર ઉત્પતિ સબબ તપાસ

(સૌરાષ્ટ્ર ક્રાંતિ કાર્યાલય-રાજકોટ)

રાજકોટ,તા.૫

દર વર્ષે વરસાદની સિઝન દરમિયાનડેન્ગ્યુ, મેલેરિયાના કેસ જોવા મળે છે.મચ્છર પ્રમાણમાં હૂંફાળા અને ભેજ વાળા વાતાવરણમાં ઝડપથી ફેલાવોકરે છે. વરસાદની સિઝનમાં આવું વાતાવરણ લાંબા સમય સુધી રહેતું હોવાથી ડેન્ગ્યુ, મેલેરિયા કેસો જોવા મળે છે. સામાન્ય રીતે વરસાદ બાદ ૧૪ થી ૨૦ દિવસ બાદ ડેન્ગ્યુ રોગનો ફેલાવો ચાલુ થાય છે. આથી ડેન્ગ્યુ રોગ નિયંત્રણ માટે લોકોએ સ્વયંજાગૃત રહી ઘરની સફાઈ કરવી જોઈએ.

વરસાદના વિરામ બાદ સ્થિર અને બંધિયાર ચોખ્ખા પાણીમાં એડિસ મચ્છર ઈંડા મુકે છે. ત્યાર બાદ પ્યુપા તથા પુખ્ત મચ્છર બને છે. આમ ઈંડામાંથી પુખ્ત મચ્છર બનતા ૭ થી ૧૦ દિવસનો સમય લાગે છે.

મચ્છરનું જીવનચક્ર ટુંકુ હોય છે અને પુનઃ ઉત્પત્તિ ઝડપી હોવાથી તેનો ફેલાવો થોડા સમયમાં ખૂબ ઝડપથી થાય છે. ખાસ કરીને શહેરી વિસ્તારોમાં લોકોમાં સાફસફાઈના અભાવ, પોતાના સ્વાસ્થયપ્રત્યે બેદરકારી અને માનવીય બેદરકારીથી સહેલાઈથી મચ્છરને પ્રજનન માટે મળી રહેતા ચોખ્ખા પાણીના પાત્રોને કારણે મચ્છરની ઉત્પતિઘણી વધી જાય છે.

રાજકોટ મહાનગરપાલિકાની આરોગ્ય શાખા દ્વારા ડેન્ગ્યુ રોગ અટકાયતીના ભાગરૂપે શહેરી વિસ્તારમાં રહેણાંક મકાન, દુકાન, એપાર્ટમેન્ટ, કોર્મશિયલ કોમ્પલેકસ, ઔધોગિક એકમો, વ્યાપાર ધંધાના સ્થળતેમજ રહેણાંક મકાનની આસપાસના વિસ્તારોમાં મચ્છરોના ઉત્પતિ સ્થાનો જોવા મળશે તો જગ્યાના માલિક કે ભોગવટો કરનારકે જવાબદાર આસામી સીધી રીતે જવાબદારગણાશે. જેની વિરૂદ્ધ મચ્છર ઉત્પતિ સબબ જરૂરી કાર્યવાહી કરવામાં આવશે.

આ કામગીરીને વેગ આપવા તથા જનજાગૃતિ સબબ જુન માસને ''મેલેરિયા વિરોધી માસ'' અને જુલાઇ માસને ''ડેન્ગ્યુવિરોધી માસ'' તરીકે ઉજવવામાં આવે છે. જેમાં રોગ અટકાયતી કામગીરી સબબ હોસ્પિટલ, સેલર, શાળા/કોલેજ, હોટલ, બાંધકામ સહિતનીપ્રિમાઈસીસોમાં મચ્છર ઉત્પતિ સબબ ચેકીંગ કામગીરી કરવામાં આવેલ.આ કામગીરી હેઠળ નીચે જણાવેલ પ્રિમાઈસીસમાં મચ્છરના પોરા મળી આવતાઅથવા મચ્છર ઉત્પતિ થાય તેવી બેદરકારી જોવા મળતા નોટીસ આપવાની / વહિવટી ચાર્જ વસુલાતની કામગીરી કરવામાં આવેલ.

### ઘરોમાં મચ્છરનાપોરા થતા અટકાવવા આટલું જરૂર કરીએ

* છત પર કે તેની આસપાસ પડેલા ભંગાર, ટાયર, ડબ્બાડુબલી વગેરેનો તાકીદે નિકાલ કરીએ.
* અગાસી કે છજ્જામાંભરાયેલ વરસાદી પાણીનો નિકાલ કરીએ.
* સિમેન્ટની ટાંકી, બેરલ, કેરબાને હવાચુસ્ત ઢાંકીને રાખીએ તથા દર અઠવાડીયે ઘસીને સાફ કરવું.
* હવાચુસ્ત ઢાંકી ન શકાય તેવા ટાંકા- ટાંકીમાં અઠવાડીયેનિયમીત કેરોસીન નાખવું.
* ગાયની કુંડી તથા પક્ષીકુંજ ભરવાનું ટાળવું અથવા નિયમિત રાત્રે ખાલી કરીને ઊંધું વાળી દેવા, સવારે ફરીથી નવું પાણી ભરવું.
* ફ્રીજ પાછળની ટ્રે સપ્તાહમાં બે વખત સાફ કરીએ.
* ટાંકા, ટાંકી, માટલા વગેરે અઠવાડિયામાં બે વખત ઘસીને સાફ કરી, સૂકવીને ફરીથી ઉપયોગમાં લઇએ.
* નળ ગયા બાદ પાણી ભરવાની કુંડીનેસુકાકપડાથી સાફ કરવી.
* પાણીમાં મચ્છરના લારવા દેખાય તો તુરંત નાશ કરવો.

# ગાયત્રી સેવા સમિતિ દ્વારા બે હજાર વૃક્ષોનું વિતરણ કરાયું



(કિશનસિંહ મોરબીયા દ્વારા)

શ્રી ગાયત્રી મુક્તિધામ સેવા સમિતિ ટ્રસ્ટ તેમજ ગાયત્રી મહિલા મંડળ તથા રાધેશ્યામ મહિલા મંડળ તેમજ મારુતિ ગૌશાળા એજ્યુકેશન એન્ડ ચેરીટેબલ ટ્રસ્ટ તથા સ્વામિનારાયણ ગુણાતીત વિદ્યાધામ ગુરુકુળ તેમજ પ્રેરણા એજ્યુકેશન સ્કૂલના સંયુક્ત ઉપક્રમે વીરપુરમાં આવેલ શ્રી ગાયત્રી મંદિર ખાતે દર વર્ષની જેમ આ વર્ષે પણ વૃક્ષોના રોપાઓનું વિતરણ કરવામાં આવ્યું હતું,ગાયત્રી મુક્તિધામ સેવા સમિતિ ટ્રસ્ટ દ્વારા આયુર્વેદિક ઔષધીઓના રોપાઓ તેમજ વાતાવરણને શુધ્ધ કરતા વૃક્ષોના બે હજાર જેટલા વૃક્ષોના રોપાઓનું વિનામૂલ્યે વિતરણ કરવામાં આવ્યું હતું,આ અગાઉ પણ આ સેવા સમિતિ દ્વારા વૃક્ષોનું વિતરણ કરાયું હતું.

શ્રી ગાયત્રી મુક્તિધામ સેવા સમિતિના પ્રમુખ અનિલભાઈ વઘાસીયા દ્વારા આખા વીરપુર ગામમાં જાહેરાત કરીને લોકોને તેમજ ખેડૂતોને વૃક્ષોના રોપાઓ લઈ જઈ પોતાના ખેતરમાં કે ઘર આંગણે વૃક્ષો વાવવા અનુરોધ કરાયો હતો,

સાથે ગુરુકુળના સ્વામી વિશ્વવિહારી દાસજીએ માનવ જીવનમાં વૃક્ષોનું મહત્વ બહુ ઉપયોગી છે તેના વિશે લોકોને માહિતી આપી હતી આ વૃક્ષ વિતરણ કાર્યક્રમમાં વીરપુર વેપારી અગ્રણી રમેશભાઈ ગઢિયા સહિત ગાયત્રી મહિલા મંડળની મહિલાઓ તેમજ રાધેશ્યામ મહિલા મંડળની મહિલાઓ સહિત મોટી સંખ્યામાં લોકો ઉપસ્થિત રહ્યાં હતાં.આ વૃક્ષોના રોપાઓ વિતરણ કાર્યક્રમને સફળ બનાવવા શ્રી ગાયત્રી મુક્તિ ધામ સેવા સમિતિના સેવકોએ જહેમત ઉઠાવી હતી.

# સ્પા/ મસાજ પાર્લરોના કર્મચારીની માહિતી પોલીસમાં આપવા આદેશ

(સૌરાષ્ટ્ર ક્રાંતિ કાર્યાલય-રાજકોટ)

રાજકોટ,તા.૫

રાજકોટ શહેરના રહેણાંક તથા ઔધોગિક વિસ્તારમાં સ્પા કે મસાજ પાર્લર ચલાવવાની આડમાં નશીલા દ્રવ્યોનું સેવન, દેહ વ્યાપાર તેમજ અન્ય ગેરકાયદેસર પ્રવૃતિઓ થતી અટકે તેમજ જાહેર સલામતી અને શાંતિ જળવાઈ રહે તે હેતુથી રાજકોટ શહેર પોલીસ કમિશનર બ્રજેશ કુમાર ઝાએ કેટલાક આદેશો કરેલ છે, જે મુજબ રાજકોટ શહેર પોલીસ કમિશ્નરેટ વિસ્તારમાં આવેલ તમામ સ્પા/મસાજ પાર્લરના માલિકો અથવા સંચાલકોએ તેમના એકમનું નામ, માલિક કે સંચાલકનું નામ, ફોટો અને નંબર ઓળખના પુરાવા સાથે, તેમના કર્મચારીઓની સંખ્યા, નામ, સરનામું, મૂળ વતનનું સરનામું, ફોટોગ્રાફ, ઓળખના પુરાવા, વિદેશી કર્મચારી હોય તો વિઝા અને પાસપોર્ટની સમગ્ર વિગત પ્રમાણિત કરીને જે તે વિસ્તારના પોલીસ સ્ટેશનમાં જમા કરાવી સહી સિક્કા કરાવાના રહેશે. આ અંગેનું રજિસ્ટર સંબંધિત પોલીસ સ્ટેશનમાં નિભાવવામાં આવશે. તા. ૩૧/૦૮/૨૦૨૪ સુધી અમલમાં રહેનારા આ આદેશોનો ભંગ કરનાર શિક્ષાને પાત્ર થશે.

# શ્રી બાલાજી હનુમાનજી મહારાજને રંગબેરંગી પુષ્પોનો શણગાર



(દર્શન મકવાણા દ્વારા)

રાજકોટ શ્રી બાલાજી હનુમાનજી મંદિર ખાતે આજના શનિવારના પવિત્ર દિવસે મહાપ્રતાપી શ્રી બાલાજી હનુમાનજી દાદાને જગન્નાથજીની થીમનો, રંગબેરંગી પુષ્પો અને ગુબારાનો દિવ્ય શણગાર કરાયો છે, આ અદ્દભુત, અલૌકિક અને દિવ્ય શણગાર આકર્ષણનું કેન્દ્ર બન્યા છે, જેના દર્શન કરી ભક્તો ભાવવિભોર થયા છે આજે સાંજે ૭.૧૫ કલાકે રાજોપચાર પદ્ધતિથી થતી દાદાની સંધ્યા આરતીમાં હજારો ભક્તો દાદાના દર્શન અને આરતીનો દિવ્ય લાભ લેશે આપ પણ પરિવાર સાથે દાદાના દર્શન કરી ધન્યતાની અનુભતી કરો તેમ શ્રી બાલાજી હનુમાનજી મંદિરની યાદીમાં જણાવાયું છે.

# ભારતને વિકાસના પથ પર આગળ વધવાની પ્રેરણા ગુજરાતમાંથી જ મળે છે : પિયુષ ગોયલ

## સરદાર ધામ દ્વારા આયોજિત 'ગ્લોબલ પાટીદાર બિઝનેસ સમિટ-૨૦૨૫'નો મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના હસ્તે શુભારંભ





અમદાવાદ,તા.૬

અમદાવાદમાં સરદાર ધામ દ્વારા આયોજિત 'ગ્લોબલ પાટીદાર બિઝનેસ સમિટ-૨૦૨૫'નો મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના હસ્તે શુભારંભ થયો છે.

આ 'ગ્લોબલ પાટીદાર બિઝનેસ સમિટ-૨૦૨૫'ના શુભારંભ પ્રસંગે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે કહ્યું કે, કોઈપણ બિઝનેસ સમિટ નાની કે મોટી હોતી નથી એ હંમેશા દૂરદર્શિતા ધ્યાનમાં રાખીને આયોજિત થતી હોય છે, એનું શ્રેષ્ઠ ઉદાહરણ ગુજરાત ગ્લોબલ વાઈબ્રન્ટ સમિટ છે. વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ ગુજરાતના મુખ્યમંત્રી તરીકે વર્ષ ૨૦૦૩માં ગુજરાત ગ્લોબલ વાઈબ્રન્ટ સમિટ શરૂ કરીને ગુજરાતને એક ગ્લોબલ પ્લેટફોર્મ પૂરું પાડ્યું છે. એવી જ રીતે આ ગ્લોબલ પાટીદાર બિઝનેસ સમિટ પણ દેશના અર્થતંત્રને આગળ લઈ જવામાં ઉપયોગી સાબિત થશે. આ અવસરે કેન્દ્રીય મંત્રી પિયુષ ગોયલે કહ્યું કે, 'આ ગ્લોબલ પાટીદાર બિઝનેસ સમિટ-૨૦૨૫' એ ભારતના આર્થિક વિકાસમાં એક સહયોગ આપનારી સમિટ બનવા જઈ રહી છે. તેમણે વધુમાં કહ્યું કે, આત્મનિર્ભર ભારત એ સરદાર વલ્લભભાઈ પટેલનું સ્વપન હતું, જે વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ પૂરું કર્યું છે. વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના માર્ગદર્શનમાં અને ભુપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વમાં ગુજરાત ભારતનું ગ્રોથ એન્જિન બન્યું છે. એટલું જ નહિ ભારતને વિકાસના પથ પર આગળ વધવાની પ્રેરણા ગુજરાતમાંથી જ મળે છે એવો તેમને વિશ્વાસ પણ વ્યક્ત કર્યો હતો. આ અવસરે સરદાર ધામના પ્રમુખ સેવક ગગજીભાઈ સુતરીયાએ કહ્યું કે, ગ્લોબલ પાટીદાર બિઝનેસ સમિટ-૨૦૨૫ એ યુવા શક્તિના સ્વાર્ગી વિકાસ માટે આયોજિત કરવામાં આવી છે. અત્યાર સુધીમાં ચાર પાટીદાર સમિટનું આયોજન થઈ ચૂક્યું છે. આજે પાંચમી પાટીદાર સમિટ કાર્યક્રમનો શુભારંભ થયો છે. જાન્યુઆરી ૨૦૨૫માં ગાંધીનગર ખાતે ચાર દિવસીય આ પાટીદાર સમિટ યોજાશે. એટલું જ નહીં, આ સમિટમાં સર્વ સમાજના લોકો જોડાયા છે. આમ, સમાજ નિર્માણ થી રાષ્ટ્ર નિર્માણનું સુત્ર સાર્થક થઈ રહ્યું છે એમ તેમણે વધુમાં ઉમેર્યું હતું. આ કાર્યક્રમમાં ગ્લોબલ પાટીદાર બિઝનેસ સમિટ-૨૦૨૫ સાથે સંકળાયેલ ગોવિંદ વરમોરા, બીપીનભાઈ તેમજ સરદાર ધામના ટ્રસ્ટીઓ, ઉદ્યોગજગત સાથે સંકળાયેલા મહાનુભાવો અને મોટી સંખ્યામાં સરદાર ધામના વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# યુ.પી.એસ.સી.ની પરીક્ષામાં ઈલેક્ટ્રોનિક વસ્તુઓ લઈ જવા પર પ્રતિબંધ

## જિલ્લા પુરવઠા કચેરી ખાતે કંટ્રોલરૂમ કાર્યરત રહેશે

(સૌરાષ્ટ્ર ક્રાંતિ કાર્યાલય-રાજકોટ)

રાજકોટ,તા.૫

યુનિયન પબ્લિક સર્વિસ કમિશન દ્વારા તા.૭ જૂલાઇના રોજ રાજકોટ ખાતે એમ્પ્લોયમેન્ટ પ્રોવિડન્ટ ફંડ ઓર્ગેનાઇઝેશન માટે પર્સનલ આસિસ્ટન્ટ તથા એમ્પ્લોયસ સ્ટેટ ઇન્સ્યોરન્સ કોર્પોરેશન માટે નર્સિંગ ઓફીસરની પરીક્ષા વિવિધ કેન્દ્ર ખાતે યોજાશે. આ અંગે જિલ્લા પુરવઠા કચેરી ખાતે પરીક્ષાના દિવસ દરમિયાન કંટ્રોલરૂમ કાર્યરત રહેશે. જેના ફોન નં.૦૨૮૧-૨૪૭૬૮૯૧ છે.

પરીક્ષા કેન્દ્ર પર ઉમેદવારો માટે પેપર શરૂ થવાના ૩૦ મિનીટ પહેલા પ્રવેશ બંધ કરવામાં આવશે. ઇ-એડમીટ કાર્ડ વગર કોઇ પણ ઉમેદવારને પ્રવેશ મળશે નહી. મોબાઇલ ફોન, અન્ય આઇ.ટી. કે ઇલેક્ટ્રોનિક્સ ગેઝેટસ, સ્માર્ટ/ડિજીટલ વોચ, બુક્સ, બેગ્સ, કોઈ કિંમતી વસ્તુઓ (ઇ-એડમીટ કાર્ડમાં છપાયેલ સુચનાની વિગતે) વિ. સાથે પરીક્ષા સ્થળની અંદર પ્રવેશ પ્રતિબંધીત છે.

ઉમેદવાર પરીક્ષા કેન્દ્રની અંદર ફક્ત ઇ-એડમીટ કાર્ડ, પેન, પેન્સીલ, આઈડેન્ટી પ્રૂફ અને પોતાના ફોટોગ્રાફ તેમજ ઇ-એડમીટ કાર્ડમાં જણાવેલ વસ્તુઓ જ લઇ જઇ શકાશે. તેમ નિવાસી અધિક કલેકટર ચેતન ગાંધીની યાદીમાં જણાવાયું છે.

# સરગમ ચિલ્ડ્રનના સભ્યો માટે જાદુગર શો નો કાર્યક્રમ યોજાયો



(સૌરાષ્ટ્ર ક્રાંતિ કાર્યાલય-રાજકોટ)

રાજકોટ,તા.૬

સરગમ ચિલ્ડ્રન કલબના સભ્યો માટે તા. ૩૦/૦૬ ને રવિવારે જાદુગરોની જુગલબંધી જાદુગર શો નો કાર્યક્રમ હેમુગઢવી હોલ માં યોજાયેલ. આ કાર્યક્રમ માં જુગલબંધીની કરામત બતાવામાં આવી હતી. તમામ બાળકો ને મન ભરીને હસાવીયા હતા. આ કાર્યક્રમ માં મનહર ગઢવી અને ઉમેશ રાવ નામના બે જાદુગરો જાદુ અને મિમિક્રીનો બેવડો અનુભવ કરાવ્યો હતો. અને પોતાની કલા દ્વારા હાસ્યની રમઝટ બોલાવી.

આ કાર્યક્રમને સફળ બનાવવામાં સરગમ કલબ ના પ્રમુખ ગુણવંતભાઈ ડેલાવાળાના માર્ગદર્શન હેઠળ ગીતાબેન હિરાણી, અલ્કાબેન કામદાર, ડો.અલ્કાબેન ધામેલિયા. ચેતનાબેન સવજાણી, ભાવનાબેન મહેતા, છાયાબેન દવે, જયશ્રીબેન મહેતા, જયશ્રીબેન વ્યાસ, વૈશાલીબેન શાહ, હેતલબેન થડેશ્વર વગેરે લેડીઝ કલબના તમામ કમિટી મેમ્બરો જહેમત ઉઠાવી રહ્યા છે.

# સાહિત્ય સેતુ દ્વારા કોટેચા સ્કુલમાં રવિવારે પુસ્તક પરબ યોજાશે

(સૌરાષ્ટ્ર ક્રાંતિ કાર્યાલય-રાજકોટ)

રાજકોટ,તા.૬

દીકરાનું ઘર વૃદ્ધાશ્રમ ઢોલરા પ્રેરિત સાહિત્યિક પ્રવૃત્તિ કરતી સંસ્થા સાહિત્ય સેતુ દ્વારા વાંચન જાગૃતિ અભિયાન અંતર્ગત વાંચન પ્રવૃતિને વેગ મળે તેવા શુભાશયથી દર મહિનાના પ્રથમ રવિવારે સવારના ૧૦ થી ૧ વાગ્યા સુધી સાહિત્યપ્રેમી રસિકભાઈ મહેતા પુસ્તક પરબનો પ્રારંભ કરવામાં આવેલ છે, પુસ્તક પરબનો ૩૪ મો મણકો તારીખ ૦૭/૦૭ રવિવારના રોજ સવારના ૧૦ થી ૧ વાગ્યા સુધી શહેરના કાલાવડ રોડ પર નુતનનગર હોલ પાસે આવેલ શ્રી કોટેચા ગર્લ્સ હાઈસ્કુલમાં રસિકભાઈ મહેતા પુસ્તક પરબ યોજાશે. પુસ્તક પરબમાં વાચકો માટે ઐતિહાસિક, પ્રવાસ, ચિંતનાત્મક સહિતના પુસ્તકો ખુલ્લા મુકવામાં આવે છે, પુસ્તક પ્રેમીઓ પોતાને મનગમતા પુસ્તકો કોઈ પણ પ્રકારની ડીપોઝીટ, સભ્ય ફી કે લવાજમ ભર્યા વગર ઘરે વાંચવા માટે લઇ જઈ શકે છે આપણા નગરના સાહિત્યકારો, સાહિત્ય પ્રેમીઓ, પુસ્તકપ્રેમીઓ, તેમજ શહેરીજનોને પુસ્તક પરબની મુલાકાતે પધારવાનું સસ્નેહ નિમંત્રણ છે. પુસ્તક પરબ અંગે વિશેષ માહિતી-પૂછપરછ માટે અનુપમ દોશી ૯૪૨૮૨૩૩૭૯૬ નો સંપર્ક સાધવા જણાવાયુ છે.

# ઓલપાડની વડોલી પ્રાથમિક શાળાનાં બાળકોને નોટબુકનું નિઃશુલ્ક વિતરણ



(વિજય પટેલ દ્વારા)

ઓલપાડ,તા.૬

ઓલપાડ તાલુકાની જિલ્લા પંચાયત શિક્ષણ સમિતિ, સુરત સંચાલિત વડોલી પ્રાથમિક શાળામાં અભ્યાસ કરતાં તમામ બાળકોને ગામનાં અગ્રણી મેહુલભાઈ મગનભાઈ પટેલ તરફથી નિઃશુલ્ક નોટબુકનું વિતરણ કરવામાં આવ્યું હતું.

ખૂબજ ઉમદા વ્યક્તિત્વ ધરાવતાં મેહુલભાઈએ નિઃસ્વાર્થભાવે શાળા પ્રવેશોત્સવનાં શુભ અવસરે શિવાંગિનીકુમારી ચૌધરી (યુ.એસ. જનરલ એડમિનિસ્ટ્રેશન ડિપાર્ટમેન્ટ, ગાંધીનગર), તાલુકા પંચાયત સદસ્ય વનરાજસિંહ બારડ, મામલતદાર એલ.આર. ચૌધરી, ગામનાં સરપંચ જ્યોત્સનાબેન બારડ તથા ગ્રામજનોની ઉપસ્થિતિમાં સ્વહસ્તે બાળકોને નોટબુક વિતરીત કરી હતી. આ તકે ઉપસ્થિત સૌએ મેહુલભાઈની સખાવતને બિરદાવી તાળીઓનાં ગડગડાટથી વધાવી હતી.

પ્રારંભે શાળાનાં આચાર્ય પરેશભાઈ પટેલે સૌને શાબ્દિક આવકાર આપી શાળાનો ચિતાર રજૂ કર્યો હતો. સમગ્ર કાર્યક્રમનું સંચાલન શાળાનાં બાળકોએ ઉપશિક્ષક ભરતભાઈ સોલંકીનાં સહયોગથી કર્યુ હતું. અંતમાં શાળાનાં ઉપશિક્ષક કાંતિભાઈ પટેલે ઉપસ્થિત મહાનુભવો, ગ્રામજનો તથા દાતા મેહુલભાઈનો શાળા પરિવાર વતી આભાર વ્યક્ત કર્યો હતો.

# આગામી બજેટમાં બચત ખાતાનું રૂ.૨૫ હજાર સુધીનું વ્યાજ કરમુકત થાય તેવી સંભાવના




નવી દિલ્હી,તા.૬

કેન્દ્ર સરકાર સંભવીત પણે માસાંતેરજુ થનારા બજેટમાં આમ આદમીથીમાંડીને ઉદ્યોગક્ષેત્ર સહીતનાં વર્ગોને રાહતો મળવાની અટકળો વ્યકત થઈ રહી છે. નાના વર્ગોને રાહત આપવા માટે સરકાર બચત ખાતાનાં રોકાણમાં મળતા રૂ.૨૫૦૦૦ સુધીના વ્યાજને મુકત બનાવે તેવી સંભાવના છે. નાણામંત્રાલય સાથેની બેઠકમાં ખુદ બેંક પ્રતિનિધિઓએ જ આ દરખાસ્ત કરી હતી. કેન્દ્રીય નાણા વિભાગનાં એક સીનીયર અધિકારીએ કહ્યું કે દરખાસ્ત વિચારણા હેઠળ છે. ઉપરાંત બેંકોને પણ થોડી છુટછાટો મળી શકે છે. થાપણ વધારવા માટે બેંકોએ પણ છુટછાટો માંગી છે. કેન્દ્ર સરકારે ૨૦૨૦ ના બજેટમાં ઈન્કમટેકસનું વૈકલ્પિક કરમાળખુ પણ જાહેર કર્યુ હતું તેમાં કરમુકિતની ઉંચી મર્યાદા સામે છુટછાટો રદ કરવામાં આવી હતી. જુની પદ્ધતિમાં જ સામેલ કરદાતાઓને આવકવેરા કાયદાની કલમ ૮૦ ટીટીએ હેઠળ બચત ખાતામાંથી મળતુ ૧૦,૦૦૦ સુધીનુ વ્યાજ કરમુકત છે. જયારે ૬૦ વર્ષથી વધુની વયના સીનીયર સીટીઝનને ૫૦,૦૦૦ સુધીનું વ્યાજ કરમૂકત છે. ફીકસ્ડ ડીપોઝીટમાં મળતા વ્યાજનો પણ તેમાં સમાવેશ થઈ જાય છે. નવી કર પદ્ધતિ હેઠળ આ લાભ મળતો નથી. આવકવેરા કાયદાની કલમ ૧૦ (૧૫) (આઈ) હેઠળ કરદાતાઓને પોસ્ટ ઓફીસના વ્યકિતગત બચત ખાતામાં રૂ.૩૫૦૦ તથા સંયુકત બેંક ખાતામાં રૂ.૭૦૦૦ સુધીનાં વ્યાજમાં કરમુકિતનો લાભ મળે છે.બેંક પ્રતિનિધિઓ દ્વારા આવકવેરાના બન્ને માળખામાં એક સમાન લાભ આપવાનો અભિપ્રાય દર્શાવ્યો હતો.

# કોરોનાકાળ પછી ભારતીય લોકોમાં હરવા -ફરવાનો શોખ વધ્યો



નવી દિલ્હી,તા.૬

એક સમય એવો હતો કે જ્યારે સામાન્ય માણસ પોતાની પ્રાથમિક જરૂરિયાતો જેમ કે અન્ન, વષા અને રહેઠાણની જરૂરિયાતો પૂરી કરવા માટે રાત-દિવસ વ્યસ્ત રહેતો હતો. સમય વીતતો ગયો અને દેશની આર્થિક સ્થિતિ મજબૂત થવા લાગી છે. જેમ જેમ લોકોની આવક વધી તેમ તેમ નવી જરૂરિયાતોએ પણ જન્મ લીધો છે.

એક સમય એવો હતો કે જ્યારે સામાન્ય માણસ પોતાની પ્રાથમિક જરૂરિયાતો જેમ કે અન્ન, વષા અને રહેઠાણની જરૂરિયાતો પૂરી કરવ.

મુસાફરી પરનો ખર્ચ લોકોની પ્રાથમિકતાઓની સૂચિમાં સૌથી છેલ્લા સ્થાને રહેતો દેખાય છે. જો કે, જ્યારે તમે આરબીઆઈના તાજેતરના આંકડાઓ પર નજર નાખો છો, ત્યારે તમને જાણીને આશ્ચર્ય થશે કે ભારતીયો દર વર્ષે મુસાફરીમાં હજારો નહીં પરંતુ લાખો કરોડો રૂપિયા ખર્ચી રહ્યા છે અને ખર્ચના આંકડા પણ સમય સાથે ઝડપથી વધી રહ્યા છે.

ભારતની સર્વોચ્ચ બેંક આરબીઆઈના અહેવાલ મુજબ નાણાકીય વર્ષ ૨૦૨૩-૨૦૨૪ દરમિયાન ભારતીય નાગરિકોએ ૧૭ અબજ ડોલર એટલે કે અંદાજે રૂપિયા ૧,૪૧,૮૦૦ કરોડ વિદેશમાં ખર્ચ્યા છે જે એક વર્ષ અગાઉ ખર્ચવામાં આવેલા ૧૩.૬૬ અબજ ડોલર કરતાં ૨૪.૪ ટકા વધુ છે. જો ૫ વર્ષ પહેલાના આંકડા પર નજર કરીએ તો વર્ષ ૨૦૧૮-૧૯માં આ ખર્ચ માત્ર ૪.૦૨ અબજ ડોલર હતો. એટલે કે ૫ વર્ષમાં આ ખર્ચ ૩.૫ ગણો વધી ગયો છે.

વિદેશ યાત્રા પાછળ ખર્ચ વધ્યો છે. વર્ષ ૨૦૨૩-૨૪માં, ભાર-તીયોએ દર મહિને સરેરાશ ૧.૪૨ બિલિયન ડોલર એટલેકે રૂપિયા ૧૨,૫૦૦ કરોડ વિદેશમાં ખર્ચ્યા જે લગભગ એક વર્ષ પહેલાં ૪૦૦ મિલિયન ડોલર અનુસાર રૂપિયા ૩,૩૦૦ કરોડ હતા.

આનું કારણ દેશના મધ્યમ વર્ગના પરિવારોની આવકમાં વધારો હોવાનું કહેવામાં આવી રહ્યું છે. કોવિડ -૧૯ રોગચાળા પછી મુસાફરી પ્રતિબંધો હટાવ્યા પછી મુસાફરી માટે બહાર જનારા લોકોની સંખ્યામાં વધારો થયો છે.

વિદેશમાં પણ રોકાણ વધ્યું છે. ભારતીય રહેવાસીઓ પણ વિદેશોમાં વધુ રોકાણ કરી રહ્યા છે. આરબીઆઈના ડેટા દર્શાવે છે કે ૨૦૨૩-૨૪માં ભારતીયોએ વિદેશી ઈક્વિટી અને ડેટમાં દર મહિને સરેરાશ ૧૦૦ મિલિયન ડોલરનું રોકાણ કર્યું હતું જયારે ૨૦૨૨-૨૩ના સંપૂર્ણ વર્ષમાં તે ૧.૨૫ બિલિયન ડોલર હતું.

# જૈન આચાર્ય લોકેશજી ‘વિવેકાનંદ આંતરરાષ્ટ્રીય સંબંધો શાંતિ પુરસ્કાર’થી સન્માનિત

(સૌરાષ્ટ્ર ક્રાંતિ કાર્યાલય-રાજકોટ)




રાજકોટ,તા.૬

‘વિશ્વ શાંતિ દૂત’ આચાર્ય લોકેશજીને શાંતિ અને સદભાવનાના ક્ષેત્રમાં વૈશ્વિક સ્તરે મહત્વપૂર્ણ અને અસરકારક ભૂમિકા ભજવવા બદલ ‘વિવેકાનંદ આંતરરાષ્ટ્રીય સંબંધો શાંતિ પુરસ્કાર’થી સન્માનિત કરવામાં આવ્યા હતા.

તાજમહેલ પેલેસ, કોલાબા, મુંબઈ ખાતે મહારાષ્ટ્ર સરકાર, ટાઈમ્સ ઓફ ઈન્ડિયા, સેપિયન્સ કલેક્ટિવ નોર્વે અને તર્પણ ફાઉન્ડેશન દ્વારા આયોજિત ભવ્ય કાર્યક્રમમાં આચાર્ય લોકેશજીને પ્રશસ્તિપત્ર, ચિહ્ન આપીને અને શાલ ઓઢાડીને સન્માનિત કરવામાં આવ્યા હતા. નોર્વેજીયન નોબેલ કમિટીના ડેપ્યુટી લીડર ડો. એસલે તોજે, પદ્મશ્રી જી. ડી.યાદવ અને તર્પણ ફાઉન્ડેશનના વડા શ્રીકાંત ભારતીયા અને ગગન મહોત્રાએ સંબોધન કર્યું હતું.

ઉલ્લેખનીય છે કે ‘અહિંસા વિશ્વ ભારતી’ અને ‘વર્લ્ડ પીસ સેન્ટર’ના સ્થાપક આચાર્ય લોકેશજી તાજેતરમાં અમેરિકન રાષ્ટ્રપતિ એવોર્ડથી સન્માનિત કરવામાં આવ્યા હતા. જ્યાં તેમણે વિશ્વના ખૂણેખૂણે ભારતીય સંસ્કૃતિ અને જૈન દર્શન દ્વારા વિશ્વશાંતિ અને માનવ કલ્યાણનો સંદેશો આપ્યો. તેમણે ’પીસ એજ્યુકેશન’ કોર્સ દ્વારા શાંતિના મૂલ્યોને પ્રાયોગિક ધોરણે અમલમાં મૂક્યા હતા.

અહિંસા વિશ્વ ભારતી અને વર્લ્ડ પીસ સેન્ટરના સ્થાપક આચાર્ય ડો.લોકેશજીએ જણાવ્યું હતું કે, આ એવોર્ડથી સન્માનિત થવું ગર્વની વાત છે, પરંતુ તેનાથી જવાબદારી વધી છે. આ સન્માન ભારતીય સંસ્કૃતિ, આધ્યાત્મિક મૂલ્યો અને ભગવાન મહાવીરના જૈન સિદ્ધાંતોનું સન્માન છે, આ મૂલ્યોના આધારે હું છેલ્લા ૪૦ વર્ષથી માનવજાતના કલ્યાણ માટે સમર્પિત છું

આ પ્રસંગે જાણીતા ઉદ્યોગપતિ રતન ટાટા, આધ્યાત્મિક ગુરુ ડો. ચિન્મય પંડ્યા, ડો. ગૌરાંગદાસ, મોહન જી સહિત અનેક પ્રતિષ્ઠિત વ્યક્તિઓનું સન્માન કરવામાં આવ્યું હતું. પ્રકાશ કાનુન્ગો, ગણપત કોઠારી, કિશોર ખાબિયા, રાકેશ ચોપરા, રાજીવ ચોપરા સહિતનાઓએ આચાર્યજીને અભિનંદન પાઠવ્યા, વિશ્વના અનેક દિગ્ગજો, ‘અહિંસા વિશ્વ ભારતી’ અને ‘વિશ્વ શાંતિ કેન્દ્ર’ના કાર્યકરોએ આચાર્યજીને અભિનંદન સંદેશ મોકલ્યા હતા.

# ડો. શ્યામાપ્રસાદ મુખરજીનાં જન્મ દિવસ અંતર્ગત પુષ્પાંજલી અર્પણ કરી વૃક્ષારોપણ કરતાં ધારાસભ્ય ઉદય કાનગડ



રાજકોટ : જનસંઘના સ્થાપક પ્રમુખ અને ભારતીય જનતા પાર્ટીના માર્ગદર્શક રાષ્ટ્રને સમર્પિત એવા પ્રખર રાષ્ટ્રભક્ત ડો.શ્યામાપ્રસાદ મુખરજીના જન્મદિવસ અંતર્ગત શહેર ભાજપ જામનગર રોડ સ્થિત સ્પેશ્યલ હોમ ફોર બોયઝ સંસ્થા ખાતે ડો. શ્યામાપ્રસાદ મુખરજીની પ્રતિમાને પુષ્પાંજલી અર્પણ કરવાનો કાર્યક્રમ યોજવામાં આવેલ. આ તકે વિધાનસભા-૬૮ના ધારાસભ્ય ઉદય કાનગડ દ્વારા ડો.શ્યામાપ્રસાદ મુખરજીને પુષ્પાજંલી અર્પણ કરવામાં આવેલ હતી. ત્યારબાદ વૃક્ષારોપણ કરવામાં આવેલ. આ તકે શહેર ભાજપ મહામંત્રી અશ્વિન મોલીયા તેમજ શહેર ભાજપના સંગઠનના વિવિધ શ્રેણીના કાર્યક્તાઓ બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહયા હતા.

# લોધીકાના દેવગામે સરકારી જમીન ખુલ્લી કરાવતું કલેકટરતંત્ર



રાજકોટ,તા.૬

રાજકોટ જિલ્લા કલેકટર પ્રભવ જોશીના માર્ગદર્શન હેઠળ સરકારી ખરાબાની જમીન ઉપર ગેરકાયદે બાંધકામ કરાયેલા કોમર્શિયલ બાંધકામોનું ડિમોલીશન કરીને જગ્યાઓ દબાણમુક્ત કરવામાં આવી રહી છે. રાજકોટ જિલ્લાના લોધિકા તાલુકાના દેવગામમાં રાજકોટ-કાલાવડ મેઈન રોડ ઉપર આવેલ સરકારી ખરાબાની જમીન સર્વે નં. ૪૦ અને ૮૧ ની ૨૫૦૦ ચો.મી જમીનમાં કિંમતી જગ્યા ઉપર ગેરકાયદે બાંધકામ કરાયેલા - ૪ હોટેલ અને રેસ્ટોરન્ટ તથા ઈંટોના ભઠ્ઠાઓનું ડિમોલીશન કરવામાં આવ્યું હતું. અને અંદાજિત રૂ. ૩ કરોડની કિંમતની ૨૫૦૦ ચોરસ મીટર જેટલી સરકારી જમીન ખાલી કરાવવામાં આવી છે.

આ તકે લોધિકા મામલતદાર ડી.એન.ભાડ એ જણાવ્યું હતું કે, આ જગ્યાના દબાણકર્તાઓને અગાઉ પણ નોટીસ પાઠવવામાં આવી હતી. અને અનઅધિકૃત કબ્જો ખાલી કરવા ૭ દિવસનો સમય આપવામાં આવ્યો હતો.

પરંતુ તેઓએ ધ્યાને ન લેતા ગેરકાયદે થયેલા બાંધકામોને ખાલી કરવા ડિમોલીશન હાથ ધરવામાં આવ્યું છે. ખાલી કરાયેલી જમીન પર ફરીવાર દબાણ ન થાય તે માટે આ જમીનના ફરતે ફેન્સિંગ કરવામાં આવશે.

ડિમોલીશન સમયે નાયબ મામલતદાર પી.બી.ત્રીવેદી, એન.વી.ધ્રાંગીયા, એન.વી.ગોહિલ, રેવન્યુ વીભાગના કર્મચારીઓ, પોલીસ, ફાયર અને પી.જી.વી.સી.એલના કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# શ્યામાપ્રસાદ મુખજીની ૧૨૩મી જન્મજયંતિ નિમિતે પુષ્પાંજલિ અર્પણ કરતા પદાધિકારીઓ, કોર્પોરેટરઓ અને હોદેદારઓ

(સૌરાષ્ટ્ર ક્રાંતિ કાર્યાલય-રાજકોટ)



રાજકોટ,તા.૬

ભારતના અગ્રણી હિંદુત્વવાદી રાજકીય નેતા અને દેશની આઝાદી બાદના પ્રથમ મંત્રીમંડળના સભ્ય શ્યામાપ્રસાદ મુખજીર્ની ૧૨૩મી જન્મજયંતિ નિમિતે આજ તા.૦૬/૦૭ના રોજ રાજકોટ મહાનગરપાલિકા સેન્ટ્રલ ઝોન કચેરી ખાતે શ્યામાપ્રસાદ મુખજીર્ને પુષ્પાંજલિ અર્પણ કરવાના કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ. જેમાં, રાજકોટ મહાનગરપાલિકાના પદાધિકારીઓ, કોર્પોરેટરઓ દ્વારા પુષ્પ અર્પણ કરી મસ્તક નમન અને પ્રણામ કરવામાં આવેલ.

આ પુષ્પાંજલિ કાર્યક્રમમાં મેયર નયનાબેન પેઢડીયા, ડેપ્યુટી મેયર નરેન્દ્રસિંહ જાડેજા, સ્ટેન્ડીંગ કમિટી ચેરમેન જયમીન ઠાકર, શાસકપક્ષ નેતા લીલુબેન જાદવ, શાસકપક્ષ દંડક મનિષભાઈ રાડીયા, સમાજ કલ્યાણ સમિતિ ચેરમેન સુરેન્દ્રસિંહ વાળા, હાઉસિંગ ઈમ્પ્રુવમેન્ટ અને કલીયરન્સ સમિતિ ચેરમેન નીતિનભાઈ રામાણી, ટાઉન પ્લાનીંગ કમિટી ચેરમેન ચેતનભાઈ સુરેજા, એસ્ટેટ સમિતિ ચેરમેન મગનભાઈ સોરઠીયા, વોટર વર્કસ સમિતિ ચેરમેન અશ્વિનભાઈ પાંભર, સેનિટેશન સમિતિ ચેરમેન નીલેશભાઈ જલુ, માર્કેટ સમિતિ ચેરમેન રવજીભાઈ મકવાણા, બાગ બગીચા અને ઝૂ કમિટી ચેરમેન સોનલબેન સેલારા, માધ્યમિક અને આનુસાંગિક શિક્ષણ સમિતિ ચેરમેન રસિલાબેન સાકરીયા, શહેર ભાજપ મંત્રી ઈલાબેન પડીયા, નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ વાઈસ ચેરમેન પ્રવિણભાઈ નિમાવત, કોર્પોરેટર નરેન્દ્રસિંહ વાઘેલા, પુષ્કરભાઈ પટેલ, વિનુભાઈ સોરઠીયા, વિનુભાઈ ઘવા, જીતુભાઈ કાટોડીયા, રણજીતભાઈ સાગઠીયા, મંજુબેન કુગસીયા, રાજેશ્રીબેન ડોડીયા, અલ્પાબેન દવે, કુસુમબેન ટેકવાણી, દુર્ગાબા જાડેજા, કીર્તિબા રાણા, કંકુબેન ઉઘરેજા, ભાર-તીબેન પરસાણા, કંચનબેન સિધ્ધપુરા, જયાબેન ડાંગર, દક્ષાબેન વસાણી, નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ સભ્ય મનસુખભાઈ વેકરીયા, હિતેશભાઈ રાવલ, વોર્ડ નં.૧૪ના મહામંત્રી કેયુરભાઈ મશરૂ, ભાજપ કાર્યાલય મંત્રી મહેશભાઈ પરમાર, સાંસ્કૃતિક વિભાગના મેનેજર કૌશિક ઉનાવા, મેનેજર અને પી.એસ.ટુ મેયર વી.ડી.ઘોણીયા, મેનેજર અને પી.એસ.ટુ ચેરમેન હિમાંશુ મોલિયા, ડેપ્યુટી સેક્રેટરી ધવલ જેસડીયા તથા સાંસ્કૃતિક વિભાગના કર્મચારીઓ વગેરે ઉપસ્થિત રહી, પુષ્પાંજલિ અર્પણ કરી મસ્તક નમન કરેલ.

# રવિવારે અષાઢી બીજ અને રવિ પુષ્યામૃત યોગનો શુભ સંગમ

અષાઢ સુદ બીજને રવિવાર તા.૭-૭ ના દિવસે અષાઢી બીજ છે સાથે આખો દિવસ અને રાત્રી રવિપુષ્યામૃત યોગ છે આથી આ દિવસ વર્ષનો શ્રેષ્ઠ દિવસ ગણાશે.

ખાસ કરીને રવિપુષ્યામૃત યોગનો સંયોગ બહુ ઓછો આવે છે પુષ્યનક્ષત્રમાં કોઈના શુભ ગુણમાં વૃધ્ધિ કરવાના યોગ છે આથી આ વર્ષની અષાઢી બીજ ભગવાનની રથયાત્રા તથા ખરીદી માટે શુભ અને ઉતમફળ આપનાર રહેશે.

આ દિવસે વિષ્ણુ ભગવાન સાથે લક્ષ્મીજીનુ પુજન કરવુ શ્રી યંગની ઉપર સાકરવારૂ દુધ ચડાવવુ શ્રી સુકતના પાઠ કરવા કુળદેવીના મંત્ર જપ કરવા ગ્રહજપ કરવા. ગ્રહશાંતી હવન ગાયત્રી હવન જેવા દરેક પુજા પાઠ જપ તપ અનેક ગણુફળ આપનાર બનસે અને ખાસ કરીને આ દિવસે આખો દિવસ અને રાત્રી રવિપુષ્યામૃત યોગ છે આથી તેનો સંપુર્ણ લાભ મળશે.

**અષાઢી બીજ**

અષાઢી બીજના દિવસે ભગવાન નગર દર્શન આપવા નીકળશે આથી આ દિવસ ઉતમ ગણાય છે આ દિવસે સવારે વહેલા ઉઠી અને નિત્ય કર્મ કરી ત્યારબાદ એક બાજેઠ ઉપર ચોખાની ઢગલી કરવી તેના ઉપર શ્રીકૃષ્ણ ભગવાનની છબી રાખવી બાજુમાં ઘીનો દિવસે કરવો ભગવાનને ચાંદલો ચોખા કરી ફુલ ચડાવી અબીલ-ગુલાબ કંકુ ચડાવા ધ્રુપ દિપ અર્પણ કરી નૈવેદ્યમાં મીઠાઈ ધરાવી સાથે મગ કાકડી કેરી જાંબુનો પ્રસાદ પણ ધરી શકાય છે ત્યારબાદ આરતી કરવી ક્ષમા પાચના માગવી આમ પુજા કરવાથી જીવનમાં શાંતી મળે છે.આખા વર્ષમાં અષાઢી બીજ એવો દિવસે કે જે દિવસે ભગવાન શ્રીકૃષ્ણ સુભર્દ્રા અને બલરામજી સાથે સાક્ષાત પૃથ્વી ઉપર દર્શન આપવા માટે આવે છે આથી જ આ દિવસને ઉતમ ગણવાલા આવે છે.

આ દિવસે ભગવાન નગર યાત્રા કરી અને લોકોને દર્શન આપશે આમ રથયાત્રા થશે. અષાઢી બીજના દિવસે કચ્છી લોકોના નવા વર્ષનો પ્રારંભ થશે આ દિવસે કચ્છી લોકો એકબીજના ઘરે જઈ અને નુતન વર્ષાભિનંદન કરશે અને ખાસ કરીને ભારતના દરેક નાના મોટા શહેર ગામમાં શ્રીકૃષ્ણ ભગવાન બહેન સુભર્દ્રા અને ભાઈ બલરામ સાથે રથયાત્રામાં ભગવાન નીકળશે.

આ દિવસે સોના ચાંદીની ખરીદી કરવી પુજાના સાલાનની ખરીદી કરવી નવા વાહનની ખરીદી કરવી જમીન-મકાન-દુકાનના સોદા કરવા ઉદ્ઘાટન કરવુ શુભફળ આપનાર બનશે.

૭ જુલાઈ રવિવારે અષાઢી બીજ તથા રવિપુષ્યામૃત યોગના શુભ મુહૂર્તોની યાદી ચોઘડિયા પ્રમાણે દિવસના ચોઘડિયા ચલ ૭.૫૦ થી ૯.૩૧ લાભ ૯.૩૧ થી ૧૧.૧૧ શુભ બપોરે ૨.૩૨ થી ૪.૧૩ રાત્રીના ચોઘડિયા શુભ ૭.૩૪ થી ૮.૫૩ અમૃત ૮.૫૩ થી ૧૦.૧૩ ચલ ૧૦.૧૩ થી ૧૧.૩૨ બપોરે અભિજીત મુહૂર્ત ૧૨.૨૫ થી ૧.૧૮.

**શાસ્ત્રી રાજદીપ જોષી**
**(વૈદાંત રત્ન)**

## અનુસંધાન પહેલા પાનાનું

### ગુજરાતમાં ભાજપનો ફુગ્ગો ફૂટી ગયો છેઃ રાહુલ ગાંધી

જીતશે અને ગુજરાતમાંથી જ નવી કોંગ્રેસ પાર્ટી બનશે. કોંગ્રેસ પાર્ટી બની ક્યાંથી? આપણા સૌથી મોટા નેતા જેમણે રસ્તો બતાવ્યો હતો. તમે શું વિચારો છો અંગ્રેજો હતા ત્યારે ડર નહોતો. તે સમયે ગુજરાતના મહાત્મા ગાંધીએ દેશને કહ્યું કે ડરો નહીં, ડરાઓ નહીં. આજે કોંગ્રેસ પાર્ટી છે તો તે વિચારધારા ગુજરાતથી શરૂ થઈ હતી, એટલે જ્યારે તેમણે અમારી ઓફિસ તોડી ત્યારે મેં વિચાર્યું તક મળી ગઈ હવે તેને પાઠ ભણાવીશું. જેવી રીતે આપણી ઓફિસ તોડી એ રીતે જ એની સરકાર તોડવા જઈ રહ્યા છીએ.

### ઉતરાખંડમાં ભારે વરસાદઃ શાળાઓમાં રજા

ઘણી જગ્યાએ ભૂસ્ખલન થયું હતું, જેના કારણે બદ્રીનાથ તરફ જતા રાષ્ટ્રીય ધોરીમાર્ગ સહિત મુખ્ય રસ્તાઓ બંધ થઈ ગયા હતા. સ્ટેટ ઈમરજન્સી ઓપરેશન સેન્ટરે જણાવ્યું હતું કે ભૂસ્ખલનને કારણે ૮૮ ગ્રામીણ મોટરેબલ રસ્તાઓ, બે સરહદી રસ્તાઓ, એક રાજ્ય ધોરીમાર્ગ અને બદ્રીનાથ મંદિર તરફ જતો રાષ્ટ્રીય ધોરી માર્ગ બંધ થઈ ગયો છે.

ઋષિકેશ-બદ્રીનાથ નેશનલ હાઈવે લામ્બાગઢમાં બ્લોક કરવામાં આવ્યો હતો, જે ભૂસ્ખલન માટે અત્યંત સંવેદનશીલ વિસ્તાર છે. શુક્રવારે રુદ્રપ્રયાગ જિલ્લામાં ભૂસ્ખલનના કાટમાળથી જૂની ટનલ બંધ થઈ ગઈ. જો કે, કોઈ જાનહાનિ અંગે કોઈ માહિતી નથી.

### ટીમ ઈન્ડિયાને મહારાષ્ટ્ર સરકારનું ૧૧ કરોડનું ઈનામ

સિધ્ધિને જરૂર યાદ કરીશું. ફડણવિસે જણાવ્યું હતું કે, રોહિત શર્માનું નામ ક્રિકેટ ઈતિહાસમાં હંમેશા માટે અંકિત થઈ ગયું છે.

રોહિતે એક જ દિવસે સારા અને માઠા સમાચાર આપણને આપ્યા હતા. તેની ટીમે ટી૨૦ વિશ્વ કપ જીત્યો તે જ દિવસે તેણે ટી૨૦માંથી નિવૃતિની જાહેરાત પણ કરી હતી. ગૃહ ખાતુ સંભાળી રહેલા નાયબ મુખ્યમંત્રીએ ટીમ ઈન્ડિયાની વિજય પરેડમાં પોલીસના ચુસ્ત બંદોબસ્તની પણ પ્રશંસા કરી હતી.

રોહિત શર્માએ જણાવ્યું હતું કે, દક્ષિણ આફ્રિકા સામે ફાઈનલમાં મળેલી જીત એ ટીમનો સામૂહિક પ્રયાસ હતો. મને મુખ્યમંત્રી શિંદેએ જણાવ્યું કે, આ પ્રકારનો સન્માન સમારંભ વિધાનસભામાં પ્રથમ વખત યોજાઈ રહ્યો છે.

૧૩ વર્ષના લાંબા સમયગાળા બાદ ટી૨૦ વર્લ્ડ કપ ટ્રોફી ઘરે લાવીને સપનુ સાકાર થયું હોવાનો અહેસાસ થઈ રહ્યો છે. રોહિતે ફાઈનલ મેચમાં સૂર્યસુમાર યાદવના યાદગાર કેચ બાબતે રમૂજ કરતા જણાવ્યું કે, હમણા સૂર્યકુમારે જણાવ્યું કે, બોલ એકાએક તેના હાથમાં ઝડપાઈ ગયો હતો. જો તેણે કેચ લપકયો ન હોત તો આગામી મેચમાં તે બહાર બેઠો હોત.

## અનુસંધાન છેલ્લા પાનાનું

### સિવિલ હોસ્પિટલમાં બેદરકારીથી નવજાત બાળકનું મોત

અપાતો હતો. જેથી તેણીને ખબર હતી કે દવા મશીનમાં નાખીને જ નાસ અપાય છે. પરંતુ નર્સિંગ છાત્રા ગઈકાલે ઇન્જેકશનમાં આ દવા ભરતી હોઇ તુરત જ મારા પત્નિએ તેને અટકાવી હતી અને દવા ઇન્જેકશનથી નહિ પણ નાસના મશીનથી આપવાની છે તેમ કહ્યું હતું. આમ છતાં ત્યાં ઉભેલા ત્રણેક નર્સિંગ છાત્રમાંથી કોઇએ ઇન્જેકશન મારા દિકરાના હાથમાં નાખેલી સોઈ મારફતે આપી દીધુ હતું. એ સાથે તેની હાલત બગડતાં ડોક્ટરને બોલાવતાં તેમણે મારા દિકરાને વેન્ટીલેટર પર રાખ્યું હતું. પણ આજે આ માસુમે સવારે દમ તોડી દીધો હતો.

બેદરકારીથી નવજાત દિકરાને ગુમાવનાર બિહારી પરિવારમાં કલ્પાંત સર્જાયો હતો અને રોષ સાથે બાળકના પિતાએ જણાવ્યું હતું કે અમને ન્યાય નહિ મળે ત્યાં સુધી મૃતદેહ સ્વીકારશું નહિ. બનાવને પગલે ઉચ્ચ અધિકારીઓમાં દોડધામ મચી ગઇ હતી.

# તબીબી સ્નાતકના અભ્યાસક્રમમાં ફી વધારો પરત ખેંચવા માંગ

## જિલ્લા-શહેર આમ આદમી પાર્ટી દ્વારા રાજકોટ કલેકટર મારફત મુખ્યમંત્રીને કરાઈ રજૂઆત





તસવીરઃ દિલીપ ગોહેલ

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**
રાજકોટ,તા.૬

રાજકોટ જીલ્લા-શહેર આમ આદમી પાર્ટી દ્વારા જીલ્લા કલેકટર મારફત મુખ્યમંત્રીને આવેદનપત્ર પાઠવ્યું છે. આવેદનપત્રમાં જણાવ્યું છે કે, સરકાર દ્વારા ગુજરાતની સામાન્ય જનતાની સ્વાસ્થ્ય ક્ષેત્રે સેવા કરવાના હેતુ સહ સ્વનિર્ભર તબીબી કોલેજો ખોલવામાં આવેલી છે પરંતુ તાજેતરમાં એટલે કે ૨૮-જૂન-૨૦૨૪ ના રોજ ગુજરાત મેડિકલ એડ્યુકેશન અને રિસર્ચ સોસાયટી **(GMERS)** દ્વારા એક પરિપત્ર મારફતે શૈક્ષણિક વર્ષ ૨૦૨૪-૨૫ માટે તબીબી સ્નાતકના અભ્યાસક્રમમાં સરકારી-સેલ્ફફાયનાન્સ/મેનેજમેન્ટ ક્વોટા માટે વાર્ષિક ફી-ધોરણમાં લગભગ ૬૭% થી માંડીને ૮૮% જેટલો અસહ્ય અને અસાધારણ વધારો કરવામાં આવ્યો છે.

જેમાં વિગત વાર જોઈએ તો જનરલ ક્વોટા માટે વાર્ષિક ફી રૂપિયા ૫.૫૦ લાખ અને મેનેજમેંટ ક્વોટા માટે ફી ૧૭ લાખ જાહેર કરવામાં આવેલ છે. આ વાર્ષિક ફી ગત વર્ષેમાં જોઈએ તો ૩.૩૦ લાખ (જનરલ ક્વોટા) અને ૯ લાખ (મેનેજમેંટ ક્વોટા) લેવામાં આવતી હતી જે આ વર્ષથી લાગુ કરેલ ફી કરતા ગણી ઓછી હતી.

લાગુ કરેલ ફી વધારાથી જનરલ ક્વોટામાં પ્રવેશ પામનાર વિદ્યાર્થી પોતાની **MBBS** ની લાયકાત ગત વર્ષે રૂ ૧૪.૮૫ લાખથી મેળવતો હતો તે આ વર્ષેથી વધીને **MBBS** પૂર્ણ થયે રૂ ૨૪.૭૫ લાખ ચૂકવશે જ્યારે મેનેજમેન્ટ ક્વોટામાં પ્રવેશ મેળવનાર વિદ્યાર્થી રૂ. ૪૦.૫૦ લાખથી મેળવતો હતો તે આ વર્ષથી વધીને **MBBS** પૂર્ણ થયે રૂ ૭૬.૫૦ લાખ ચૂકવશે.

આમ તો આપની સરકાર ગુજરાતની જનતા સમક્ષ વારંવાર મોટા ઉપાડે ડબલ-એન્જિન અને સંવેદનશીલ સરકારના નારાઓ લગાવે છે. શું આ રીતે ગરીબ અને મધ્યમવર્ગના બાળકો પોતાનું ડોક્ટર બનવાનું સપનું પૂર્ણ કરશે ???... બીજું કે કદાચ આ રીતે ડોક્ટર બન્યા પછી પણ તે સમાજના લોકોની આરોગ્યપદ સેવાઓ કરશે કે પછી અભ્યાસકાળ દરમ્યાન તેને માથે ચડી ગયેલ આર્થિક બોજને પહોંચી વળવા માટે સામાન્ય જનતાના ખિસ્સા ઉપર કાતર મૂકશે ???...

આ ફી વધારાના કારણે ઘણા બધા પ્રતિભાશાળી વિદ્યાર્થીઓ તબીબી શિક્ષણથી દૂર રહશે અને તેમના કુટુંબના ભવિષ્ય માટે ચિંતાનો વિષય બનશે ખરેખર સરકારના આ નિર્ણયથી ગુજરાતભરના વાલીઓમાં રોષની લાગણી ફેલાયેલી છે. તો આ બાબતે આપની કક્ષાએથી ઘટતું થાય તે ખૂબ જરૂરી અને હિતાવહ છે.

આમ આદમી પાર્ટી, ગુજરાત રાજ્યના તમામ વિદ્યાર્થીઓ કે જે તબીબી અભ્યાસ કરવા માટે ઉત્સુક છે. તેમજ તેમના વાલીઓ અને તબીબી શિક્ષણના સાર્વત્રિક હિતોને ધ્યાનમાં રાખી ગુજરાત સરકાર દ્વારા લાદવામાં આવેલો આ તોતિંગ ફી વધારો તાત્કાલિક અસરથી પાછો ખેંચાય તે માંગણી કરે છે.

# અમરેલીનાં હંગામી બસ સ્ટેન્ડમાં મુસાફરોને કાદવ કિચડની ચુંગાલમાંથી બચાવો





## જનતા જનાર્દનનાં પરસેવાનાં કરોડો રૂપિયાનાં ખર્ચે તૈયાર થયેલ બસ પોર્ટને શરૂ કરવાનું ચોઘડિયુ આવતું નથી

**(મિલાપ રૂપારેલ દ્વારા)**
અમરેલી, તા.૬

અમરેલી એ જિલ્લાનું મુખ્ય મથક હોય જિલ્લાભરમાંથી વિદ્યાર્થીઓ, ખેડૂતો, વેપારીઓ કે દર્દીઓ સહિત સૌ કોઈ તેમનાં રોજબરોજનાં કાર્યો માટે આવતાં હોય અને જયારે તેઓ બસ સ્ટેન્ડમાં આવે તો તેમને અનુભવ થાય છે કે આ જિલ્લા મથક છે કે કોઈ અવાવરૂ ગામ છે.

અમરેલી ખાતે જનતા જનાર્દનનાં પરસેવાનાં કરોડો રૂપિયાનાં એરપોર્ટ જેવું બસ પોર્ટ બનાવવા માટે આજથી લગભગ પાંચથી સાત વર્ષ પહેલાં કામગીરી શરૂ કરવામાં આવી હતી અને તેનું વાજતે-ગાજતે ભૂમિપૂજન થયું હતું અને ૩ વર્ષમાં બસ પોર્ટ શરૂ થવાની ખાત્રી સાથે બસ સ્ટેન્ડ નજીક આવેલ એસ.ટી.નાં વર્કશોપનાં સ્થળે હંગામી બસ સ્ટેન્ડ કાર્યરત કરવામાં આવ્યું. આજે હંગામી બસ સ્ટેન્ડમાં સામાન્ય વરસાદથી કાદવ કિચડ ફેલાયેલ છે. પંખા કે, બેસવાની કોઈ વ્યવસ્થા નથી, શૌચાલયની હાલત પણ દયનીય છે. હંગામી બસ સ્ટેન્ડ એટલે અંધાધુંધીનો નમૂનો.

બીજી તરફ નજીકમાં જ બસ પોર્ટનું લગભગ બાંધકામ પૂર્ણ થયું છે પરંતુ કોઈ વહીવટી મંજૂરી અને સુવિધાનાં અભાવે બસ પોર્ટ શરૂ થતું નથી ને આશ્ચર્યજનક બાબત એ છે કે બસ પોર્ટની બહારની બાજુએ બનાવાયેલ દુકાનો લાખો રૂપિયાની કિંમતે વેચાઈ રહી છે અને વેપારીઓએ વેપાર પણ શરૂ કરી દીધા. આજે એકવીસમી સદીમાં વિશ્વનાં વિકસિત દેશો પાંચ વર્ષમાં અમરેલી જેવા મધ્યમકક્ષાનાં અનેક શહેરો નિર્માણ કરી રહ્યા છે. ત્યારે આપણે સરકાર પાંચ વર્ષમાં એક બસ પોર્ટ બનાવી શકતી નથી અને માત્ર વાયબ્રન્ટ અને ગતિશીલ ગુજરાતની ગુલબાંગો જ ફેંકવામાં આવી રહી છે.

# રાજકોટ નગરની યુવાન પેઢી નૂત્તન ભારતના નિર્માણ હેતુ સંકલ્પબદ્ધ થાય : માંધાતાસિંહજી જાડેજા

## દોઢ સદી પૂર્વે સત્તાનું વિકેન્દ્રીકરણ કરીને સર લાખાજીરાજ બાપુએ સીમાચિહ્ન સ્થાપ્યું હતું

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**
રાજકોટ,તા.૬

રાજકોટ, એક એવું રમણીય, રંગીલું, મોજીલું અને મંજાયેલું નગર છે જેમાં સંસ્કાર, સ્નેહ, સૌહાર્દ, સમન્વય, સમર્પિતતા અને દૂરંદેશીતાના દર્શન થાય છે. જાડેજા વિભાણી સમાજ અને રાજકોટ રાજ્યના સ્થાપક ઠાકોર સાહેબ શ્રી વિભાજી બાપુએ પુરસ્કાર સ્વરૂપે આપેલી ધરતી ઉપર આજથી ૪૧૪ વર્ષ પૂર્વે ઇ.સ. ૧૬૧૦માં આજી નદીના કિનારે એક નગર વસ્યું. જેના ઉપર ઇ.સ. ૧૭૨૦માં સોરઠના તત્કાલિન નાયબ ફોજદાર માસુમઆને ચઢાઇ કરી ત્યારે ઠાકોર સાહેબ મહેરામણજી બાપુ માતૃભૂમિની રક્ષા કાજે વીરગતિ પામ્યાં અને માસુમખાને પોતાનું આધિપત્ય સ્થાપીને નગરનું નામ બદલીને માસુમાબાદ કર્યું. ઇ.સ. ૧૭૩૨માં દિવંગત ઠાકોર સાહેબ શ્રી મહેરામણજી બાપુના યુવરાજ સાહેબ શ્રી રણમલજી બાપુ અને એમનાં ૭ ભાઈઓએ ભીષણ યુદ્ધમાં આક્રાંતા માસુમખાનને હણીને પોતાનો વિજય ધ્વજ લહેરાવીને ખળખળ વહેતી આજી નદીના કિનારે વસેલાં આ નગર રાજકોટને પુનઃ તેમની મૂળ ઓળખ પ્રદાન કરી,ઇ.સ. ૧૬૧૦ થી ઇ.સ. ૧૯૫૦ સુધીના ૩૪૦ વર્ષના સમયગાળા દરમિયાન અંદાજે ૧૫ રાજવીઓના શાસનકાળમાં ઇ.સ. ૧૮૬૨ થી ૧૮૯૦ રાજવી શ્રી બાવાજીરાજ મહારાજ અને ઇ.સ. ૧૮૯૦ થી ૧૯૩૦ રાજવી પ્રાતઃ સ્મરણીય પરમ પુજ્ય શ્રી લાખાજીરાજ મહારાજના શાસનનો સમગ્ર કાર્યકાળ તો રાજકોટનો સુવર્ણકાળ હતો.

ભારત દેશ ઉપરની અંગ્રેજ શાસન વ્યવસ્થાને પડકારીને ભારતીય નાગરિકોને સ્વતંત્રતાના શ્વાસ ભરવાની એક અનૂઠી ભેંટ ધરનાર રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજીના પિતાજી શ્રીમાન કરમચંદ ગાંધી રાજકોટ રાજ્યના દિવાન હતાં તે આપણે સહુ રાજકોટીયન્સ માટે અત્યંત ગૌરવપૂર્ણ બાબત કહી શકાય. સેવા, ધર્મ-અધ્યાત્મ, ઉદ્યોગ સાહસિકો, સાહિત્યકારો, શિક્ષણશાસ્ત્રીઓ અને રાજનીતિજ્ઞોના પ્રબળ પુરૂષાર્થથી આપબળે થયેલી અવિરત વિકાસયાત્રાએ આજે રાજકોટને વિશ્વપટલ પર સ્થાપિત કર્યું છે. પરસ્પર પ્રેમ, હૂંફ અને લાગણી સભર વ્યવહાર એ તો પ્રત્યેક રાજકોટીયનનો સ્વ-ભાવ રહ્યો છે. સંસ્કારોનું અદ્ભુત સિંચન રાજકોટ રાજ્યના પ્રજાવત્સલ રાજવી પ્રાતઃ સ્મરણીય પરમ પુજ્ય શ્રી લાખાજીરાજ બાપુના જીવન વ્યવહારમાંથી અમો અવિરત પ્રેરીત થઇએ છીએ. કેવળ પાંચ જ વર્ષની કૂમળી વયે શાસનધૂરા સંભાળનાર પ્રાતઃ સ્મરણીય પરમ પુજ્ય શ્રી લાખાજીરાજ મહારાજની આર્ષદ્રષ્ટત્વ યુક્ત શાસન વ્યવસ્થા સમગ્ર ભારતવર્ષની રાજાશાહી યુગીન શાસન પ્રણાલીમાં શિરમોર રહી છે. સત્તાનું વિકેન્દ્રીકરણ, કન્યા કેળવણી, નારી સશક્તિકરણ, સ્ટેટ લાઇબ્રેરી સહીતના લોક-કલ્યાણકારી માધ્યમથી રૈયત માટે લેખન, વાંચન, ચિંતન, મનન માટેનાં દિવ્ય દરવાજાઓ ખોલી આપીને રાજકોટ નગરને સર્વાંગીણ વિકાસના પથ ઉપર પ્રયાણ કરાવનાર પ્રાતઃ સ્મરણીય શ્રી લાખાજીરાજ બાપુના વંશજ તરીકે અમો રાજકોટ રાજ પરિવાર આજે પણ સર્વે ભવન્તુ સુખિના સંકલ્પનાને કેન્દ્ર સ્થાને રાખીને કાર્યરત રહી શક્યાં છીએ. આજે રાજકોટ નગરના સ્થાપના દિવસે અમારો રાજીપો વ્યક્ત કરીને પ્રત્યેક રાજકોટીયન્સને શુભકામનાઓ પાઠવું છું.

આજે સમગ્ર વિશ્વમાં ભારત યુવા દેશ છે એટલું જ નહીં પરંતુ આ યુવા દેશ પાસે યુવાનોની એક વિશાળ રેન્જ પણ ઉપલબ્ધ છે ત્યારે રાજકોટ નગરની મારી આ યુવાન પેઢી નૂત્તન ભારતના નિર્માણ હેતુ સંકલ્પબદ્ધ થાય અને જ્ઞાન-ચારિત્ર્ય-એકતાના મહામંત્ર સાથે પોતાની શ્રેષ્ઠ કારકિર્દીનું નિર્માણ કરીને એમની ભાવી પેઢીમાં સંસ્કાર સિંચન કરવા કટિબદ્ધ થાય તેવી અપેક્ષા વ્યક્ત કરૂં છું.

# ૭ થી ૧૪ જૂલાઈ સુધી ગુજરાતમાં વરસાદ : હવામાન નિષ્ણાતે કરી આગાહી

## હવામાન વિભાગે સુરત સહિત દક્ષિણ ગુજરાતમાં ભારે વરસાદની આગાહી કરી



અમદાવાદ,તા.૬

બનાસકાંઠા, પાટણ, સાબરકાંઠા, મહેસાણા, નર્મદા, સુરત અને નવસારી, વલસાડ, તાપી, દમણમાં પણ વરસાદની હવામાનની આગાહી કરી છે. તો સૌરાષ્ટ્રમાં ૬ દિવસ હળવાથી મધ્યમ વરસાદની આગાહી છે. હજુ ૪ દિવસ માછીમારોને દરિયો ન ખેડવા સૂચના અપાઈ છે. ત્યારે ગુરૂવારે ગુજરાતના ૧૧૩ તાલુકામાં સાર્વત્રિક વરસાદ નોંધાયો છે. બનાસકાંઠાના દાંતામાં સૌથી વધુ ૮ ઈંચ વરસાદ વરસ્યો છે. તેમજ નર્મદાના તિલકવાડા અને બનાસકાંઠાના વડગામમાં પોણા ૩ ઈંચ વરસાદ વરસ્યો છે. રથયાત્રા અંગે આગાહી કરતા હવામાન નિષ્ણાતે જણાવ્યું કે, કેટલાક ભાગોમાં વરસાદ તો શહેરમાં વરસાદી છાંટા આવી શકે છે. અષાઢી પાંચમે વીજળી થતા ખેડૂતો માટે સારા સંકેત રહી શકે છે. તો અમદાવાદ, ગાંધીનગરમાં હળવાથી ભારે વરસાદી ઝાપટા પડશે. ૬ અને ૭ તારીખમાં હવાના હળવા દબાણના કારણે ૭ થી ૧૪ જૂલાઈ સુધી ગુજરાતમાં વરસાદ થશે. કેટલાક ભાગોમાં ભારે વરસાદ થઈ શકે છે. આ દિવસોમાં દક્ષિણ ગુજરાતમાં આહવા, ડાંગ, વલસાડ, સુરતમાં ભારે વરસાદ થઈ શકે છે. દક્ષિણ સૌરાષ્ટ્રમાં ભાવનગર, જૂનાગઢ, અમરેલીમાં હળવાથી ભારે વરસાદ આવી શકે છે. ૧૧ જુલાઈએ રાજ્યના ઘણા ભાગોમાં વરસાદ થઈ શકે છે. આગામી ૭ જૂલાઈ સુધી રાજ્યના ભાગોમાં વરસાદી ઝાપટાનું પ્રમાણ વધી શકે છે. અમદાવાદમાં અને મધ્ય ગુજરાતના ભાગોમાં વાતાવરણ વાદળછાયું રહેશે. પૂર્વ ગુજરાતમાં વરસાદી ઝાપટાં પડી શકે છે. ૧૫ જૂલાઈ ડિપ ડિપ્રેશન બંગાળના ઉપસાગર માત્ર રચાશે. ૧૭ થી ૧૯ જુલાઈ દરમિયાન મુંબઈ મહારાષ્ટ્રમાં ભારે વરસાદ થઈ છે. ૨૫ જૂલાઈ સુધી ભારે વરસાદ આવી શકે છે, જેના કારણે રાજ્યમાં પૂરની સ્થિતિ ઉભી થઈ શકે છે. તો આગાહીકાર અંબાલાલ પટેલની આગાહી પણ આવી ગઈ છે. તેમણે કહ્યું કે, શ્રવણ પંચકમાં વરસાદ થાય તો તે પછી સારો વરસાદ થાય છે. ગુજરાતમાં પંચક શરૂ થતાની સાથે વરસાદ પણ થતા સારા સંકેત ગણાય છે. રાજ્યના મોટાભાગના વિસ્તારોમાં મેઘરવો વરસાદ એ ચોમાસા આગમનનું સૂચન છે. ૪ જુલાઈથી ૮ જુલાઈ વચ્ચે સારો વરસાદ થવાની શક્યતા છે. રથયાત્રા દરમિયાન પણ રાજ્યમાં સારો વરસાદ રહેશે.

અષાઢ સુદ બીજે આથમતો સૂર્ય વાદળોમાં રહેવાની શક્યતા છે. હવામાન વિભાગના વૈજ્ઞાનિક રામાશ્રય યાદવે જણાવ્યું કે, રાજ્યમાં આગામી ૫ દિવસ સુધી ભારે વરસાદની આગાહી છે. જેમાં રાજકોટ, જામનગર, અમરેલી, ભાવનગર, મોરબી, જૂનાગઢમાં અતિભારે વરસાદ તૂટી પડશે. તેથી આગામી ૫ દિવસ માછીમારોને દરિયો ન ખેડવા સૂચના અપાઈ છે. દક્ષિણ ગુજરાત અને ઉત્તર ગુજરાત તરફ સાયક્લોનિક સર્ક્યુલેશન સક્રિય થઈ છે. ગત જુન મહિનામાં ૧૨ ટકા વરસાદની ઘટ રહી હતી. જુન મહિનામાં ૧૧૮ દ્બદ્બ વરસાદ હોવો જોઈતો હતો. તેની સામે ૧૦૪ વરસાદ નોંધાયો હતો. જુનના અંતિમ સપ્તાહમાં વરસાદે ધબધબાટી બોલાવી છે. અટવાયેલા વાદળોનું ઝુંડ ગુજરાત તરફ અચાનક ધસી આવ્યું હોય તેમ ગુજરાતમાં ઠેરઠેર વરસાદ નોંધાયો છે. પૂર્વ અને બંગાળની ખાડીમાંથી ચોમાસાનો પ્રવેશ થયો છે. ભારતના ઉત્તરથી હવે વાદળો નીચે ઉતરી રહ્યાં છે, જે પૂર્વીય વાદળો સાથે એકબીજા સાથે ટકરાઈને અરબ સાગરમાં પહોંચીને વિક્ષોભથી મળીને ફરી પશ્ચિમી હવાઓ સાથે ગુજરાત, મહારાષ્ટ્રના રસ્તે પહોંચ્યા છે. હવામાન વિભાગ દ્વારા રાજ્યમાં વરસાદને લઈ આજે ઓરેન્જ અલર્ટ જાહેર કરાયું છે. હવામાન વિભાગના વૈજ્ઞાનિક રામાશ્રય યાદવે જણાવ્યું કે, બનાસકાંઠા, સાબરકાંઠા, અરવલ્લી, પંચમહાલ, દાહોદ, મહીસાગર, છોટાઉદેપુર, નર્મદા, ભરૂચ, સુરત, ડાંગ, નવસારી, વલસાડ, તાપી, દમન, દાદરા નગર હવેલીમાં અતિ ભારે વરસાદ સાથે ઓરેન્જ અલર્ટ આપવામાં આવ્યું છે. તો પાટણ, મહેસાણા, ગાંધીનગર, અમદાવાદ, આણંદ અને વડોદરામાં આજે ભારે વરસાદ સાથે યેલો અલર્ટ છે. આ ઉપરાંત સૌરાષ્ટ્રમાં પણ યેલો અલર્ટ છે. રાજકોટ, સુરેન્દ્રનગર, જૂનાગઢ, ભાવનગર, બોટાદ, અમરેલી અને બોટાદ, મોરબીમાં યેલો અલર્ટ છે. તેમણે કહ્યું કે, આગામી ચાર દિવસ માછીમારોને દરિયો ન ખેડવા સૂચના છે. આવતીકાલે રાજ્યમાં ગાજવીજ સાથે વરસાદની આગાહી છે. આવતીકાલે સુરત, નવસારી, વલસાડ, દમણ અને દાદરા નગર હવેલી, તાપી અને ડાંગમાં યેલો અલર્ટ સાથે ભારે વરસાદની આગાહી છે. આગામી ૭ જૂલાઈ સુધી રાજ્યના ભાગોમાં વરસાદી ઝાપટાનું પ્રમાણ વધી શકે છે.

અમદાવાદમાં અને મધ્ય ગુજરાતના ભાગોમાં વાતાવરણ વાદળછાયું રહેશે. પૂર્વ ગુજરાતમાં વરસાદી ઝાપટાં પડી શકે છે. ૧૫ જૂલાઈ ડિપ ડિપ્રેશન બંગાળના ઉપસાગર માત્ર રચાશે. ૧૭ થી ૧૯ જુલાઈ દરમિયાન મુંબઈ મહારાષ્ટ્રમાં ભારે વરસાદ થઈ છે. ૨૫ જૂલાઈ સુધી ભારે વરસાદ આવી શકે છે, જેના કારણે રાજ્યમાં પૂરની સ્થિતિ ઉભી થઈ શકે છે.

## શ્રી પુનિત સદ્ગુરૂ ભજન મંડળના ધૂન-ભજન

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**
રાજકોટ,તા.૬

શ્રી પુનિત સદ્ગુરૂ ભજન મંડળના ધૂન-ભજન તા.૭-૭ ને રવિવારે સાંજે ૫ થી ૭ સ્વ. સમીરભાઈ રાજાણી (શ્રી જલારામ સેવા મંડળ ટ્રસ્ટ વાળા) ને શ્રધ્ધાંજલી અર્પણ કરવા માટે આનંદનગર, નિલકંઠ સિનેમા સામે જલારામ સેવા મંડળ ટ્રસ્ટ ખાતે યોજાશે. ભાવિકોને લાભ લેવા પ્રમુખ જયેશભાઈ નથવાણીએ અનુરોધ કર્યો છે.

**વાચકોએ નોંધ લેવી**
કે કોઇપણ જાહેર ખબરમાં જણાવેલી માહિતીની સત્યતા બાબતે અમો કોઇ બાહેંધરી આપતા નથી. વાચકોએ પોતાની રીતે પુરતી ચકાસણી કરીને યોગ્ય નિર્ણય લેવાનો રહેશે.
વ્યવસ્થાપકઃ સૌરાષ્ટ્ર ક્રાંતી

# પીજીવીસીએલના મેનેજિંગ ડિરેકટર પ્રીતિ શર્માની જામનગર ખાતે મુલાકાત લીધી



રાજકોટઃ પીજીવીસીએલના મેનેજિંગ ડિરેક્ટર પ્રીતિ શર્માં દ્વારા જામનગર વર્તુળ કચેરીની ફિલ્ડ વિઝિટ કરી. મુલાકાત દરમિયાન તેઓ દ્વારા જામનગર વિસ્તાર હેઠળ ચાલતી વિવિધ કામગીરીની સમીક્ષા કરી. ખાસ કરીને ચોમાસા દરમિયાન વીજગ્રાહકોને સાતત્યપૂર્ણ વીજ પુરવઠો મળી રહે તે માટે હૈયાત વીજલાઈનને બદલે કવર્ડ કેબલ નાખવાની કામગીરી ઝડપી પૂર્ણ કરવા તાકીદ કરી. આ ઉપરાંત, સ્માર્ટ વીજ મીટર યોજનાનું મૂલ્યાંકન કરવામાં આવેલ. વીજલાઈનોના સમારકામ તથા માલ-સામાનની પણ સમીક્ષા કરવામાં આવેલ અરજદારઓની નવા વીજજોડાણોની અરજી પરની થતી કામગીરીની મૂલવણી ઉપરાંત એચટી અને ઔદ્યોગીક વીજ જોડાણો આપવાની કામગીરીને પણ ગ્રાહકલક્ષી અભિગમ અપનાવી ઝડપી ધોરણે કરવામાં આવે તે જોવા સૂચિત કરેલ.




રાજકોટઃ રાજકોટના આંગણે શ્રીનાથ ધામ હવેલીમાં વૈષ્ણવાચાર્ય પૂજ્ય શ્રી મહોદયશ્રીના સ્વમુખે દરરોજ સવારે ૭ થી ૭ઃ૩૦ અને રાત્રે ૯ઃ૩૦ થી ૧૦ કલાકે ''હરિનામ સંકીર્તન'' તેમજ શ્રીકૃષ્ણ ધ્યાન કરવામાં આવ્યું હતું. આ અનુષ્ઠાનના માધ્યમથી હજારો બાળકો, યુવાનો, વડીલો નિયમિતતાથી સવારે અથવા સાંજે હરિનામ સંકીર્તનમાં જોડાઈને ધન્યતાનો અનુભવ કર્યો હતો. તેમજ હરિનામ સંકીર્તન તારીખ ૧ જુલાઈના રોજ રાત્રે પ્રભુદાસભાઈ પારેખ પરિવારના ગૃહે રાખવામાં આવ્યું હતું. પરિવારજનોને પૂજ્યશ્રીના આશીર્વાદ, હરિનામ સંકીર્તન એવમ શ્રીકૃષ્ણ ધ્યાનનો અનેરો લાભ પ્રાપ્ત થયો હતો. પૂજ્યશ્રી દ્વારા દરરોજ સવારે શ્રી ગિરિરાજજી પ્રભુને દુગ્ધાભિષેક કરવામાં આવ્યું અને દર્શન સમયે પુજ્ય શ્રી દ્વારા વૈષ્ણવજનો ને આશીર્વાદ પાઠવવામાં આવ્યા તેમજ અનેક ઘરોમાં પૂજ્યશ્રીની મંગલ પધરામણી કરવામાં આવી હતી. તેમ જણાવ્યું છે.

# અષાઢી બીજ રથયાત્રાનું મહત્વ

દ્વારીકામાં યાદવો છપ્પન કુળ કોટીનારે વસાવટ હતો. શ્રી કૃષ્ણના નેતૃત્વને ઘણા યાદવો સ્વીકારતા હતા, ઘણા રાજમદમાં આવી પરસ્પર વૈમનશ્યમાં ઉતર્યા અને કુટુંબ કલહ-વધ્યા. યાદવો મદીરાપાન, વ્યભિચાર, તરફ વળ્યા અને દુષ કૃત્ય તરફ વળયા દુર્વાસાના રૂષીવૃદનો દ્વારકા પાસે યાદવ યુવાનોનો ભેટો થયો અને જાંબુવંતીના પુત્ર '' શામ્બ'' સંકધ પેટે તાંસળુંબાંધીસ્ત્રીના કપડા પહેરાવી રૂષી વૃંદ પાસે લઇ ગયા અને પુછયું કે આ બાઇના પેટ માં છોકરો છે કે છોકરી? આ મશ્કરી દુર્વાસા સમજી ગયા અને 'શાપ' આપ્યા કે એના ગર્ભમાંથી મૂશળ પ્રગટ થશે અને તમારો નાશ કરશે.

શાપના પરિણામે યાદવો લડી પડયા યાદવની સળી થઇ મૂશળની કરચોમાથી પૂર્ણ થયું અને યાદવો અંદરો-અંદર કપાઇ મૃત્યુ પામ્યા હતા. આ દ્રશ્ય શ્રી ભગવાન શ્રીકૃષ્ણથી સહન ના થયું અને સ્વધર્મ નિધન શ્રીપતો નિશ્ચય કરી ગામ બહાર એક વૃક્ષતણે ગમગીન થઇ બેઠા હતા. અને તે વખતે ''જશ'' નામના પારધીએ- બાણ મારીને શ્રીકૃષ્ણને ભેદી નાખ્યા.

શ્રીકૃષ્ણના મૃત્યુના સમાચારથી 'બલભદ્ર' 'સુભદ્રા' દોડીને અગ્નિમાં ઝંપલાવ્યું અને આકાશમાં મુશળધાર વરસાદ ચાલુ થયો ત્રણેય શબ દરીયામાં તણાઇ જગનાથપુરી ના કાંઠે નીકળ્યા ત્યાં ના રાજા એ તેને પાટાપીંડી કરી આખી નગરીમાં દર્શન માટે પ્રજાએ નગરયાત્રા કરાવી ત્યારથી જયા-જયા જગન્નાથજી ના મંદિરો આવેલા છે. ત્યાં શ્રી 'કૃષ્ણ' 'સુભદ્રા' બલભદ્રની મૂર્તીઓ બેસાડી નગરયાત્રા કરાવાય છે. જે રણછોડ માખણ ચોર એ સુત્રને લલકાર થી રથયાત્રા અષાઢી બીજનો ઉત્સવ ઉજવાય છે. શ્રી કૃષ્ણભગવાન નમઃ



સુખદેવ મહારાજ સ્વામીનારાયણ મંદિરના પુજારી ગામઃ કાળીપાટ

# અરહિંત ઈન્વેસ્ટમેન્ટ દ્વારા સતત ૧૫ કલાક સુધી મ્યુઝિકલ કાર્યક્રમ યોજાયો



## ઈન્ડિયા બુક ઓફ રેકોર્ડ્સના જજ ડો.પાર્થ ભાવેશ પંડ્યા અને ક્રિષ્ના પાર્થ પંડ્યા દ્વારા વર્લ્ડ રેકોર્ડ, શિલ્ડ, પ્રમાણપત્ર એનાયત




**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**
રાજકોટ,તા.૬

અરિહંત ઈન્વેસ્ટમેન્ટ દ્વારા ગત તા.૩-૭ ના રોજ સવારે ૯ થી રાત્રીના ૧૨ વાગ્યા સુધી શહેરના હેમુ ગઢવી હોલ મેઈન ઓડિટોરિયમ ખાતે નોન-સ્ટોપ સતત ૧૫ કલાક સુધી મ્યુઝિકલ કાર્યક્રમ યોજાયો હતો.આ સમગ્ર કાર્યક્રમનું એન્કરિંગ અરિહંત ઈન્વેસ્ટમેન્ટના ફાઉન્ડર મેહુલભાઈ રવાણી દ્વારા સતત ૧૫ કલાક સુધી કરવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમમાં ઓર્કેસ્ટ્રા મ્યુઝિકલ મેલોઝ રાજેન્દ્ર ત્રિવેદી (રાજુ કાકા) દ્વારા સુમધુર પાર્શ્વ સંગીત પીરસવામાં આવ્યું હતું. આ મ્યુઝિકલ નાઈટમાં છેલ્લા દસ વર્ષથી ગુજરાતના દરેક શહેરમા પોતાના પચાસથી વધુ શો દ્વારા પ્રેક્ષકોને મુકેશજીના કર્ણપ્રિય ગીતો રજૂ કરનાર અને મુકેશજીના ચારસોથી વધુ ગીતો જેમને કંઠસ્થ છે એવા પાર્શ્વ ગાયક શ્રી અલ્પેશ ડોડીયાએ સતત ૧૫ કલાક સુધી મુકેશજીના ૧૭૦ જેટલા ગીતોને રજૂ કરીને પોતાના સુરોથી શ્રોતાઓને રસતર-બોળ કર્યા હતા.

આ સમગ્ર કાર્યક્રમની નોંધ નામાંકિત સંસ્થા ઈન્ડિયા બુક ઓફ વર્લ્ડ રેકોર્ડ દ્વારા લેવામાં આવી હતી. ઉલ્લેખનીય છે કે આ સંસ્થાના પ્રતિનિધિ ડો.પાર્થભાઈ પંડ્યા સમગ્ર કાર્યક્રમ દરમિયાન ઉપસ્થિત રહ્યા હતા. અને સતત ૧૫ સુધી નોન સ્ટોપ મ્યુઝિકલ કાર્યક્રમ દરમિયાન ડો.પાર્થભાઈ પણ સંગીતના તાલે ઝૂમી ઉઠ્યા હતા. અને અંતે ''લોંગેસ્ટ નોન-સ્ટોપ સિંગિંગ રીલે ઓડ લેટ મુકેશ''ના શીર્ષક હેઠળ નોન સ્ટોપ પાર્શ્વ ગાયન માટે અલ્પેશભાઈ ડોડીયાને અંગે નોન સ્ટોપ એન્કરિંગ માટે મેહુલભાઈ રવાણીને ટ્રોફી, શિલ્ડ અને પ્રમાણપત્ર પ્રદાન કરવામાં આવ્યા હતા. તથા સહગાયકો અને સાજીંદાઓને પણ સન્માનિત કરવામાં આવ્યા હતા. આ લોકોત્સવ નિમિતે પળે પળે, ક્ષણે ક્ષણે રાજકોટિયન્સ મંચપરથી રજૂ થનાર ગીતો પર ઝૂમ્યા હતા તો ઘણા પ્રેક્ષકો જૂના દિવસોની યાદમાં ખોવાઈ ગયા હતા. કાર્યક્રમના અંત સુધી પ્રેક્ષકો હાજર રહ્યા હતા અને સૌ પ્રેક્ષકોએ તાળીઓના ગડગડાતથી સમગ્ર આયોજનને બિરદાવ્યૂ હતું. કાર્યક્રમ પૂર્ણ થયા બાદ એચ એમ જૈન મેટરી મોનિયલ ગ્રુપ હર્ષદ મહેતા તરફથી શીલ્ડ આપી અલ્પેશ ડોડીયા નું બહુમાન કરવામાં આવ્યું હતું તથા આકાર જ્વેલર્સ હાર્દિકભાઈ પારેખ તરફથી મેહુલ રવાણીનું શિલ્ડ આપી બહુમાન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમ દરમિયાન બેક સ્ટેજની તમામ જવાબદારી જૈન સોશિયલ ગ્રુપ રાજકોટ વેસ્ટના પૂર્વ પ્રમુખ આઈ.પી.પી. હર્ષદભાઈ મહેતાએ સંભાળેલી હતી. આ તકે ગ્રુપ તેમનો પણ ખૂબ આભારી છે.

આ તકે અરિહંત ઈન્વેસ્ટમેન્ટના મેહુલભાઈ રવાણી અને પાર્શ્વ ગાયક અલ્પેશભાઈ ડોડીયાએ સર્વે પ્રેક્ષકોનો તથા કાર્યક્રમમાં જેમનો સતત સહયોગ અને માર્ગદર્શન પ્રાપ્ત થયું છે તેવા રાજકોટના સ્વરકાર તથા સંગીત નિર્દેશક લલિતભાઈ ત્રિવેદી, રોયલ પાર્ક સ્થાનકવાસી જૈન મોટા સંઘના પ્રમુખ ચંદ્રકાંતભાઈ શેઠ (સી.એમ.) મધુકરભાઈ મહેતા રવિભાઈ ભટ્ટ, રાજકોટના અગ્રણી ઉદ્યોગપતિઓ રોયલ સ્ટીલ ફેબ્રીકેશનના ભાવેશભાઈ પિત્રોડા અને પ્રવીણભાઈ પિત્રોડા, અંબિકા સ્ટીલ લેટર પંચના હરેશભાઇ પરમાર, રાજેશભાઈ પરમાર, તિલકભાઈ પરમાર, જે.પી. જવેલર્સ, પીઠવા મેન્યુફેક્ચરર્સના મિતેશભાઈ પીઠવા તથા રાજકોટની નામાંકિત સંસ્થાઓ લુહાર હિતેચ્છુ મંડળ, લુહાર સેવા સમાજ, લુહાર વિદ્યાર્થી, મચ્છુકઠીયા લુહાર જ્ઞાતી, વિશ્વકર્મા લુહાર ફાઉન્ડેશન, અમૃત ચેરીટેબલ ટ્રસ્ટ, વિશ્વકર્મા મહિલા મંડળ, જૈન સોશ્યલ ગૃપ-રાજકોટ (વેસ્ટ), પરમાર પરિવાર, પીઠવા પરિવાર, સિધ્ધપુરયા પરિવાર અને મકવાણા સહિતના મહાનુભાવોનો આભાર વ્યકત કર્યો હતો. તેમ જણાવ્યું છે.

# અંધમહિલા વિકાસગૃહની દીકરીઓ માટે સેમીનાર સાથે ચહેરા પર મુસ્કાન લાવતું મેંગોપીપલ પરીવાર



**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**
રાજકોટ,તા.૬

મેંગોપીપલ પરીવાર દ્વારા શરૂ કરાયેલ પ્રોજેક્ટ મુસ્કાન દ્વારા તાજેતરમાં વી.ડી. પારેખ અંધમહિલા વિકાસગૃહની દીકરીઓને ગંદા કપડાથી થતા નુકસાન અને સેનેટરી પેડના ફાયદા સમજાવતો શારીરીક સ્વચ્છતાનો સેમીનાર યોજાયેલ. પ્રોજેક્ટ મુસ્કાનનાં ફાવુંડર રૂપલબેન રાઠોડે દીકરીઓને સરળ ભાષામાં સુંદર સમજણ આપેલ. સેમીનારના અંતે દરેક દીકરીઓને મુસ્કાન મેજીક બોક્સ દ્વારા સેનેટરી પેડ તથા અન્ડર ગારમેન્ટનું વિતરણ કરવામાં આવેલ. । સુંદર સતકર્મને સાર્થક કરવા માટે પ્રોજેક્ટ હેડ મોનાબેન રાજવીર, કલ્યાણીબેન જોશી, પ્રોજેક્ટ મુસ્કાનનાં ફાવુંડર રૂપલબેન રાઠોડ તથા મેંગોપીપલ પરીવારના મનીષભાઈ રાઠોડે સુંદર જહેમત ઉઠાવેલી.

અત્રે ઉલ્લેખનીય છે કે મેંગોપીપલ પરીવાર દ્વારા શરૂ કરાયેલ પ્રોજેક્ટ મુસ્કાન દ્વારા છેલ્લા ૬ વર્ષથી રાજકોટ, જામનગર તથા વાંકાનેરની હજારો જરૂરીયાતમંદ બહેનો દીકરીઓને નિઃશુલ્ક સેનેટરી પેડ વિતરણ તથા નિઃશુલ્ક અન્ડર ગારમેન્ટનું વિતરણ કરવામાં આવી રહ્યું છે. સાચી સમજણ સાથેના સેમિનાર પણ યોજવામાં આવી રહ્યા છે. મેંગોપીપલ પરીવારના પ્રોજેક્ટ મુસ્કાનમાં આપનો અમૂલ્ય સહયોગ આપવા માટે અને વધુ માહિતી માટે મનીષભાઈ રાઠોડ (૯૨૭૬૦ ૦૭૭૮૬) નંબર પર સંપર્ક કરવા અનુરોધ છે.

# સંત બજરંગદાસ બાપાના ગુરૂઆશ્રમ બગદાણા દ્વારા વૃક્ષારોપણનું મહા અભિયાન શરૂ કરાયું

### ત્રણ વર્ષ દરમિયાન ૫૦મી પુણ્યતિથિ (૨૦૨૭)સ્મૃતિ દિવસ તરીકે ઉજવીને ૧ લાખ વૃક્ષો ઉછેરવાનું આયોજન



તળાજા,તા.૬

પૂજ્ય સંત બજરંગદાસ બાપાના ધામ બગદાણા ખાતે સ્વયંસેવકો દ્વારા વૃક્ષારોપણનું મહાઅભિયાન ચાલુ ચોમાસા દરમિયાન શરૂ કરવામાં આવ્યું છે. ''એક વૃક્ષ સદગુરૂદેવ શ્રી બજરંગદાસ બાપાને નામ'' આ સૂત્ર સાથે આશ્રમના ૨૫,૦૦૦ થી વધારે સ્વયંસેવકો દ્વારા વૃક્ષારોપણનું મહા અભિયાન શરૂ થયું છે. ગુરૂઆશ્રમની પ્રેરણા અને પ્રોત્સાહન થકી આ કાર્ય અત્યારે પૂર જોશમાં ચાલુ છે. ગુરૂઆશ્રમ ખાતેથી વૃક્ષના છોડનું વિતરણ નિયમિત રીતે થઈ રહ્યું છે.

આગામી સને ૨૦૨૭ ના ૨૫મી જાન્યુઆરીના રોજ પૂ. બાપાની પચાસની પુણ્યતિથિ મહોત્સવ ધામધૂમથી ઉજવવામાં આવશે, ત્યારે આ દિવસને સ્મૃતિ દિવસ તરીકે જાહેર કરીને આ ત્રણ વર્ષના ગાળા દરમિયાન એક લાખ ઝાડ ઉછેરવાનું વ્યવસ્થિત રીતે આયોજન ગુરૂઆશ્રમ દ્વારા થયું છે. પૂ.બજરંગદાસબાપાનો બાળક પ્રેમ તેમજ પર્યાવરણ માટે નો પ્રેમ ખૂબ જાણીતો છે. વૃક્ષો વાવવાની તેને જાળવવાની અને સાચવવાની બાપાની વૃત્તિ અને પ્રવૃત્તિ શરૂ રહેવી જોઈએ, એવા ભાવ સાથે પર્યાવરણ બચાવવા માટે વૃક્ષારોપણ મહાઅભિયાન શરૂ થયું છે.

પૂ.બાપા વૃક્ષ પ્રેમી હતા. પર્યાવરણના પ્રેમી હતા. વૃક્ષોને ઉછેરવા, જાળવવા અને દેખરેખ દ્વારા પર્યાવરણની જાળવણી તેઓએ બગદાણાના ૪૨ વર્ષ દરમિયાન કરી છે. આ વાતનો ખૂબ પ્રચાર અને પ્રસાર થાય એ ધ્યાનમાં રાખીને ગુરૂઆશ્રમ દ્વારા આગામી ત્રણ વર્ષમાં એક લાખ વૃક્ષો વાવવાનું અને ઉછેરવાનું મહા અભીયાન છેડવામાં આવ્યું છે. ગુરૂઆશ્રમ ખાતેથી લીમડો, આમલી, કરંજ, પીપળો, ઉંબરા, બોરસલી જેવા દેશી કુળના વૃક્ષો ફાળવવામાં આવી રહ્યા છે. ચાલુ ચાલે આ ચોમાસા દરમિયાન ગુરૂઆશ્રમના પરિસર તેમજ આશ્રમથી રાળગોન અને મોણપર ગામના રસ્તાની બંને બાજુ એક કિલોમીટર, ઉપરાંત સંસ્થાના પાર્કિંગ એરિયા, બગદાણાની આજુબાજુના રસ્તાઓ, સામૂહિક આરોગ્ય કેન્દ્ર (દવાખાનું), મોક્ષધામ, હાઈસ્કુલ ખાતે ૧૧,૦૦૦ વૃક્ષોનું વાવેતર કરી દેવામાં આવ્યું છે. આ જ રીતે આ ચાલુ ચોમાસા દરમિયાન ૩૦ હજાર વૃક્ષોનું વ્યવસ્થિત રીતે આયોજન કરી વૃક્ષારોપણ કરવામાં આવનાર છે. આ રીતે આગામી ત્રણ વર્ષમાં એક લાખ વૃક્ષોનો ઉછેર કરવામાં આવશે. આ સાથે આશ્રમ સાથે જોડાયેલા ગુરૂ ભાઈઓ, આશ્રમના સ્વયંસેવકો, બાપાનો શ્રદ્ધાળુ પરિવાર, યાત્રિકો, બાપામાં શ્રદ્ધા રાખતા સૌ કોઈ સહિતના બધાને ગામડે ગામડે વૃક્ષારોપણ કરવા માટે વિનંતી કરવામાં આવી છે. રેકોર્ડ માટે વૃક્ષના છોડવા રોપીને તેની સાથે સેલ્ફી ફોટો લઈને ગુરૂઆશ્રમના નંબર ઉપર whatsapp કરવા પણ જણાવ્યું છે. સતત ત્રણ વર્ષ સુધી ચાલનારા વૃક્ષારોપણ અભિયાન માટે બહુ ઉપયોગી એવી મોબાઈલ એપ્લિકેશન પણ ગુરૂઆશ્રમ બગદાણા દ્વારા લોન્ચ કરવામાં આવી છે. જેના થકી દરેક સ્વયંસેવકોને આ અંગેનું માર્ગદર્શન મળી રહેશે. તેમજ વૃક્ષ સાથેની સેલ્ફી અને તે સાથેનું વૃક્ષારોપણ કર્યા અંગેનું ગુરૂઆશ્રમનું પ્રમાણપત્ર પણ મેળવી શકશે. તેમ જણાવ્યું છે.

# જસદણ ભાજપના સિનિયર અગ્રણી પંકજભાઈ ચાંવનો કાલે જન્મદિવસ



**(ધર્મેશ કલ્યાણી દ્વારા)** જસદણ,તા.૬ : જસદણ ભાજપના સિનિયર અગ્રણી અને વિવિધ સંસ્થાઓ સાથે જોડાયેલા પંકજભાઈ ચાંવનો કાલે જન્મ દિવસ છે. પંકજભાઈ ચાવ રાજકીય અને અનેક સામાજિક સંસ્થા સાથે જોડાયેલા છે. જસદણ નગરપાલિકાના પૂર્વ કારોબારી ચેરમેન, જસદણ શહેર ભાજપના પૂર્વ મહામંત્રી અને જિલ્લા ભાજપ કારોબારી સદસ્ય તેમજ રાજકોટ જિલ્લા ગ્રાહક સુરક્ષા મંડળના જસદણ તાલુકા પ્રમુખ તેમજ ઈલેક્ટ્રોનીક એસોસીએશન જસદણ તાલુકા પ્રમુખ તેમજ શિહોરી એજ્યુકેશન એન્ડ ચેરીટેબલ ટ્રસ્ટ પ્રમુખ તેમજ અનેક સામાજિક સંસ્થાઓ સાથે જોડાયેલા ભારતીય જનતા પાર્ટીના સિનિયર આગેવાન પંકજભાઈ કોરોના કાળમાં પણ ખૂબ સારી કામગીરી કરેલ હતી. પંકજભાઈ ચાવના જન્મદિવસ નિમિત્તે કાલે તેમના મોબાઈલ નંબર ૯૪૨૬૯૩૦૬૫૦ ઉપર જન્મદિવસની અભિનંદન વર્ષ થશે.

# જસદણ શ્રીનાથજીની હવેલીમાં કાલે રથયાત્રાના દર્શન યોજાશે



**(ધર્મેશ કલ્યાણી દ્વારા)**
જસદણ,તા.૬

સૌરાષ્ટ્રમાં શ્રીનાથજીના તીર્થ તરીકે પ્રસિદ્ધ જસદણની હવેલીમાં કાલે રથયાત્રાના દર્શન યોજાશે.

જસદણ શ્રીનાથજીની હવેલીના પ્રમુખ કિરીટભાઈ પટેલની યાદીમાં જણાવ્યા મુજબ જસદણની શ્રીનાથજીની તથા બાલકૃષ્ણલાલજીની હવેલીમાં તારીખ ૭-૭ ને રવિવારે અષાઢી બીજના દિવસે બપોરે ૧૨ થી ૧૨-૩૦ કલાક દરમિયાન રથયાત્રાના ભવ્ય દર્શન યોજાશે. મુખ્યાજી ઘનશ્યામભાઈ જોશી ઠાકોરજીને ચાંદીના કલાત્મક રથમાં બિરાજમાન કરશે. બપોરે ૧૨-૩૦ કલાકે આરતીના દર્શન યોજાશે. સવારે ૮ થી ૯ અને ૧૦ થી ૧૦-૩૦ સુધીમાં દર્શન યોજાશે. જાહેર જનતાએ આ ભવ્ય દર્શનનો લાભ લેવા હવેલીના પ્રમુખ કિરીટભાઈ પટેલે અનુરોધ કર્યો છે.


આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ, ગુજરાત સરકાર

## ડેન્ગ્યુ અને ચિકુનગુનિયા રોગ સામે નિયંત્રણની સૌની જવાબદારી



**જરૂરી સંદેશ**

**ડેન્ગ્યુ અને ચિકુનગુનિયા રોગ ચેપી માદા એડીસ ઈજિપ્તિ મચ્છરના કરડવાથી થાય છે અને તેને અટકાવી શકાય છે.**

**એડીસ ઈજિપ્તિ મચ્છર દિવસે કરડે છે.**

### ડેન્ગ્યુ અને ચિકુનગુનિયાથી બચવા આટલું જરૂર કરવું

- ડેન્ગ્યુ અને ચિકુનગુનિયા ફેલાવતા મચ્છરોના ડંખથી બચવા આખી બાંયનાં કપડાં પહેરવાં તથા શરીરના ખુલ્લા ભાગ પર મચ્છર વિરોધી ક્રીમનો ઉપયોગ કરવો.
- ડેન્ગ્યુ અને ચિકુનગુનિયાથી બચવા મચ્છરદાનીનો ઉપયોગ કરવો.
- ડેન્ગ્યુ અને ચિકુનગુનિયાના દર્દીએ ખાસ મચ્છરદાનીમાં સૂવાનો આગ્રહ રાખવો.
- પાણી સંગ્રહ કરવાના થતા તમામ પાત્રો હવાચુસ્ત ઢાંકણથી બંધ રાખવાં.
- દર અઠવાડિયે ફૂલદાની, કુંડા, પક્ષીકુંજ તથા પાણી સંગ્રહનાં તમામ પાત્રોને ખાલી કરી, ઘસીને સાફ કરી, સૂકવવા અને ત્યારબાદ જ ઉપયોગમાં લેવા.
- બારી બારણામાં મચ્છરજાળી લગાવવી.
- ઘર, ધાબા પર અને ઘરની આસપાસ પડી રહેલ નકામા ખાલી પાત્રો, ભંગાર, ટાયર, નાળિયેરની કાચલી વગેરેનો નાશ કરવો.
- સખત તાવ, આંખોના ડોળાની પાછળ દુખાવો, સ્નાયુ અને સાંધાનો દુખાવો અને શરીર પર ચકામા કે ઓરી જેવા દાણા દેખાય તો નજીકના સરકારી દવાખાનાનો સંપર્ક કરવો.
- તાવ દરમિયાન પુષ્કળ પ્રવાહી લેવું અને આરામ કરવો.

### સાવચેતીરૂપી લેવાના થતાં પગલાંઓ

- ઘર અને ઘરની આસપાસ ફૂલદાની, કુંડા, પક્ષીકુંજ તથા પાણી સંગ્રહનાં તમામ પાત્રોમાં પાણી ભરાઈ ના રહે તે જોવું.
- વરસાદી સિઝન દરમિયાન નકામા પાત્રો જેવાં કે, બોટલ, ટીન, ટાયર અને નાળિયેરની કાચલી, ભંગાર વગેરેને ખુલ્લામાં નાખવા નહીં.
- ડેન્ગ્યુ અને ચિકુનગુનિયાની કોઈ ખાસ દવા ઉપલબ્ધ નથી જેથી ડૉક્ટરના માર્ગદર્શન વગર દવાઓ લેવી નહીં.
- ડેન્ગ્યુ અને ચિકુનગુનિયાના દર્દીએ સારવાર માટે એસ્પિરિન દવાનો ઉપયોગ કરવો નહીં.

**આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ, ગુજરાત રાજ્ય**

# કાલે ગૂંજશે જય જગન્નાથનો જયઘોષઃ ઠેર-ઠેર રથયાત્રા








રાજકોટમાં શ્રી જગન્નાથ મંદિર-કૈલાસધામ આશ્રમ તથા ઈસ્કોન મંદિર દ્વારા રથયાત્રાનું આયોજન

રાજકોટ, તા.૬

આવતીકાલે અષાઢી બીજનો પરમ પુણ્યવંતો દિવસ છે. જગન્નાથપુરીમાં ભગવાન જગન્નાથ, ભાઈ બળદેવજી તથા બહેન સુભદ્રાજીની રથયાત્રા ભવ્ય રીતે યોજાશે જેના દર્શન માટે દેશ-વિદેશથી લાખો લોકો જોડાશે.

ગુજરાતમાં અમદાવાદ ખાતે કાલે ભગવાન જગન્નાથજીની રથયાત્રાનું આયોજન કરવામાં આવેલ છે. રથયાત્રાના દર્શન અર્થે હજારો લોકો ઉમટી પડશે. ભાવનગર, રાજકોટ સહિત સૌરાષ્ટ્રના વિવિધ સ્થાનો પર રથયાત્રા મહોત્સવ ઉજવવામાં આવનાર છે. ગુજરાતમાં ભાવનગરની ભગવાન જગન્નાથની રથયાત્રા બીજા સ્થાને રહે છે.

રાજકોટમાં શ્રી જગન્નાથ મંદિર, કૈલાસધામ નાનામવા ખાતેથી આવતીકાલે ભગવાન જગન્નાથ રથયાત્રાનું આયોજન કરવામાં આવેલ છે. જયારે બપોરના ઈસ્કોન મંદિર દ્વારા જગન્નાથજીની રથયાત્રા નીકળશે. રતનપર રામચરિત માનસ મંદિર દ્વારા રથયાત્રાનું આયોજન કરવામાં આવેલ છે.

## રાજકોટમાં ૨૦.૪૭૬ કીલો પ્રતિબંધિત પ્લાસ્ટિક જપ્ત

### ગંદકી કરતા આસામી પાસેથી રૂ.૫૩૦૧૭નો વહીવટી ચાર્જ વસુલ



રાજકોટ, તા.૬

રાજકોટ મહાનગરપાલિકા દ્વારા ત્રણેય ઝોન વિસ્તાર અલગ અલગ મુખ્ય માર્ગો પર સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ વિભાગની ટીમ દ્વારા પ્રતિબંધિત પ્લાસ્ટિક જપ્ત કરવાની તથા ગંદકી કરતા આસામી પાસેથી દંડ વસુલ કરવાની કામગીરી હાથ ધરવામાંઆવી હતી. જેમાં ત્રણેય ઝોનમાંથી કુલ ૧૭૮ આસામીઓ પાસેથી ૨૦.૪૭૬ કી.ગ્રા. પ્રતિબંધિત પ્લાસ્ટિક જપ્ત કરી તથા ગંદકી કરતા આસામી પાસેથી રૂ.૫૩૦૧૭નો વહીવટી ચાર્જ વસુલ કરવામાં આવ્યો હતો.

સેન્ટ્રલ ઝોનના વિવિધ મુખ્ય માર્ગો પર ઝુંબેશરૂપે પ્રતિબંધીત પ્લાસ્ટીકનું વેચાણ કરતા ૭૧ આસામીઓ પાસેથી ૧૦.૩૮૧ કિ.ગ્રા. પ્રતિબંધિત પ્લાસ્ટીક જપ્ત કરી તથા ગંદકી કરતા આસામી પાસેથી રૂ ૧૯૦૫૦નો વહીવટી ચાર્જ વસુલવામાં આવેલ છે.


વેસ્ટ ઝોનના વિવિધ મુખ્ય માર્ગો પર ઝુંબેશરૂપે પ્રતિબંધીત પ્લાસ્ટીકનું વેચાણ કરતા ૫૪ આસામીઓ પાસેથી ૭.૫૭ કિ.ગ્રા. પ્રતિબંધિત પ્લાસ્ટીક જપ્ત કરી તથા ગંદકી કરતા આસામી પાસેથી રૂ ૧૯૧૦૦નો વહીવટી ચાર્જ વસુલવામાં આવેલ છે.

ઈસ્ટ ઝોનનાવિવિધ મુખ્ય માર્ગો પરઝુંબેશરૂપે પ્રતિબંધીત પ્લાસ્ટીકનું વેચાણ કરતા ૫૩ આસામીઓ પાસેથી ૨.૫૨૫ કિ.ગ્રા.પ્રતિબંધિત પ્લાસ્ટીકજપ્ત કરીતથા ગંદકી કરતા આસામી પાસેથી રૂ.૧૪૮૬૭નો વહીવટી ચાર્જ વસુલવામાં આવેલ છે.

ઉપરોક્ત કામગીરી મ્યુનિસિપલ કમિશનરની સુચના અને નાયબ મ્યુનિસિપલ કમિશનર સ્વપિનલ ખરેના માર્ગદર્શન હેઠળ પર્યાવરણ ઈજનેર તેમજ ત્રણેય ઝોનના નાયબ પર્યાવરણ ઇજનેરના સુપરવિઝનમાં આસી. પર્યાવરણ ઇજનેર સેનીટેશન ઓફિસર હાજરીમાં સેનેટરી ઈન્સ્પેકટર સેનેટરી સબ ઈન્સ્પેકટર દ્વારા કરવામાં આવેલ.

## કાલે UPSC પરીક્ષાઃ કુલ ૧૪ કેન્દ્રો

### ૩૮૮૦ થી વધુ ઉમેદવારોઃ પર્સનલ આસીસ્ટન અને નર્સિંગ ઓફીસર માટે ટેસ્ટ



રાજકોટ, તા.૬

યુનિયન પબ્લિક સર્વિસ કમિશન દ્વારા આવતીકાલે રાજકોટ ખાતે એમ્પ્લોયમેન્ટ પ્રોવિડન્ટ ફંડ ઓર્ગેનાઇઝેશન માટે પર્સનલ આસિસ્ટન્ટ તથા એમ્પ્લોયસ સ્ટેટ ઈન્સ્યોરન્સ કોર્પોરેશન માટે નર્સિંગ ઓફીસરની પરીક્ષા વિવિધ કેન્દ્ર ખાતે યોજાશે. આ અંગે જિલ્લા પુરવઠા કચેરી ખાતે પરીક્ષાના દિવસ દરમિયાન કંટ્રોલરૂમ કાર્યરત રહેશે. જેના ફોન નં.૦૨૮૧-૨૪૭૬૮૯૧ છે.

પરીક્ષા કેન્દ્ર પર ઉમેદવારો માટે પેપર શરૂ થવાના ૩૦ મિનીટ પહેલા પ્રવેશ બંધ કરવામાં આવશે. ઇ-એડમીટ કાર્ડ વગર કોઈપણ ઉમેદવારને પ્રવેશ મળશે નહી. મોબાઇલ ફોન, અન્ય આઇ.ટી. કે ઇલેક્ટ્રોનિક્સ ગેઝેટસ, સ્માર્ટ/ડિજીટલ વોચ, બુક્સ, બેગ્સ, કોઈ કિંમતી વસ્તુઓ (ઇ-એડમીટ કાર્ડમાં છપાયેલ સુચનાની વિગતે) વિ. સાથે પરીક્ષા સ્થળની અંદર પ્રવેશ પ્રતિબંધીત છે.

ઉમેદવાર પરીક્ષા કેન્દ્રની અંદર ફક્ત ઇ-એડમીટ કાર્ડ, પેન, પેન્સીલ, આઈડેન્ટી પ્રૂફ અને પોતાના ફોટોગ્રાફ તેમજ ઇ-એડમીટ કાર્ડમાં જણાવેલ વસ્તુઓ જ લઇ જઇ શકાશે. તેમ નિવાસી અધિક કલેકટર ચેતન ગાંધીની યાદીમાં ઉમેરાયું છે.

શિક્ષણબોર્ડનું કેલેન્ડર જાહેર

## વર્ષ ૨૦૨૫ની ધો.૧૦ અને ૧૨ની બોર્ડની પરીક્ષા ૨૭ ફેબ્રુ.થી ૧૩ માર્ચ દરમિયાન લેવાશે

### ૨૮ ઓક્ટોબરથી ૧૭ નવેમ્બર સુધી ૨૧ દિવસનું દિવાળી વેકેશન, ૧૮ નવેમ્બરથી બીજુ સત્ર શરૂ થશે

રાજકોટ, તા.૬

શિક્ષણ બોર્ડે આગામી શૈક્ષણિક વર્ષ એટલે કે વર્ષ ૨૦૨૪-૨૦૨૫ માટેનું કેલેન્ડર જાહેર કર્યું છે. શિક્ષણ બોર્ડ દ્વારા દિવાળી વેકેશન, ઉનાળુ વેકેશન અને બોર્ડની પરીક્ષા સહિતની તમામ તારીખો જાહેર કરવામાં આવી છે. વર્ષ ૨૦૨૫ની ધોરણ ૧૦ અને ૧૨ની બોર્ડની પરીક્ષા ૨૭ ફેબ્રુઆરીથી શરૂ થશે અને ૧૩ માર્ચ સુધી લેવાશે. પ્રથમ સત્રમાં વિદ્યાર્થીઓને અભ્યાસ માટે ૧૦૮ દિવસ જ્યારે બીજા સત્રમાં ૧૩૫ દિવસ મળશે. ૨૮ ઓક્ટોબરથી ૧૭ નવેમ્બર સુધી શાળાઓમાં ૨૧ દિવસનું દિવાળી વેકેશન પડશે. ત્યારબાદ ૧૮ નવેમ્બરથી શાળાઓમાં બીજુ સત્ર શરૂ થશે.


GSEB દ્વારા શૈક્ષણિક શરૂ વર્ષનું કેલેન્ડર જાહેર કરવામાં આવ્યું છે જેમાં આ વર્ષની તમામ પ્રવૃત્તિની માહિતી આપવામાં આવી છે. કેટલા દિવસ સ્કૂલ શરૂ રહેશે, શાળાઓમાં પરીક્ષા ક્યારે યોજાશે, ધોરણ ૧૦ અને ૧૨ની પરીક્ષા તારીખ જાહેર, વેકેશનના દિવસો, જાહેર રજાની માહિતી તમામ બાબતોનો સમાવિષ્ટ કરવામાં આવ્યો છે.

ધોરણ ૯થી ૧૨ની પ્રથમ પરીક્ષા ૧૪ થી ૨૩ ઓક્ટોબર દરમિયાન લેવાશે, જ્યારે દ્વિતીય પરીક્ષા ૨૦થી ૨૮ જાન્યુઆરી-૨૦૨૫ દરમિયાન લેવાશે. ધોરણ-૯ની પ્રખરતા શોધ કસોટી તારીખ ૩૦ જાન્યુઆરી રોજ લેવાનાર છે. બોર્ડના વિષયની શાળાકક્ષાએ લેવાની પ્રાયોગિક પરીક્ષા ધો.૧૨ સાયન્સની ૦૬ થી ૧૪ ફેબ્રુઆરી દરમિયાન લેવાશે.

બોર્ડની મુખ્ય પરીક્ષા ૨૭ ફેબ્રુઆરીથી ૧૩ માર્ચ દરમિયાન લેવાશે. ધોરણ ૯ અને ૧૧ની વાર્ષિક પરીક્ષા ૭ થી ૧૯ એપ્રિલ-૨૦૨૫ દરમિયાન લેવાશે. ધોરણ ૯ થી ૧૨ની પ્રથમ પરીક્ષા માટે જૂનથી સપ્ટેબર સુધીનો અભ્યાસક્રમ માન્ય રહેશે. બોર્ડની પરીક્ષા અને ધોરણ ૯ અને ૧૧ની વાર્ષિક પરીક્ષા માટે સંપૂર્ણ અભ્યાસક્રમ રહેશે.

ગોંડલમાં રહેતાં બિહારી પરિવારના નવજાત પુત્રને ન્યુમોનિયાની સારવાર માટે રાજકોટની ઝનાનાના ચિલ્ડ્રન વિભાગમાં દાખલ કરાયું હતું

# સિવિલ હોસ્પિટલમાં બેદરકારીથી નવજાત બાળકનું મોત






### નાસ લેવાના મશીનમાં આપવાની દવા ઈન્જેક્શનમાં ભરી નર્સિંગ છાત્ર દ્વારા બાળકને વેનમાં આપી દેવાતાં હાલત બગડી અને મૃત્યુ થયાનો આક્ષેપ

રાજકોટ, તા.૬

પીડીયુ સિવિલ હોસ્પિટલ અને તેના સંલગ્ન ઝનાના હોસ્પિટલના ચિલ્ડ્રન વિભાગમાં અગાઉ પણ બેદરકારી સામે આવી હતી. અગાઉ એક બાળક મશીન ગરમ થઇ જતાં દાઝી ગયું હતું ત્યાં હવે એક નવજાત બાળક કે જેની ઉંમર માત્ર સાડા પાંચ મહિના છે તેને સારવાર દરમિયાન નર્સીંગ સ્ટુડન્ટ દ્વારા નેબેલાઇઝરમાં એટલે કેનાસ લેવાના મશીનમાં આપવાની દવા ઈન્જેક્સનમાં ભરી બાળકને વેન મારફત આપી દેતાં આ નવજાતની હાલત બગડી જતાં તેને વેન્ટીલેટર પર રાખવામાં આવ્યું હતુ. દરમિયાન સવારે આ બાળકનું મોત થતાં બિહારી પરિવારજનોમાં કલ્પાંત સાથે રોષ વ્યાપી ગયો હતો. જવાબદાર સામે પગલા ન લેવાય ત્યાં સુધી લાશ નહિ સંભાળીએ તેવું કહેતાં દોડધામ મચી ગઇ હતી.

જાણવા મળ્યા મુજબ મુળ બિહારના વતની બિરેન્દ્ર કુશવાહા તેના પત્નિ સાથે ગોંડલમાં રહી કારખાનામાં મજૂરી કરે છે. આ દંપતિને સંતાનમાં સાડા પાંચ માસનો પુત્ર હતો, જેનું નામ રાજ રાખ્યું હતું. રાજને એકાદ ન્યુમોનિયા સહિતની બિમારી લાગુ પડી હોઇ ગોંડલ સારવાર કરાવ્યા બાદ અહિ રાજકોટની ઝનાના હોસ્પિટલના ચિલ્ડ્રન વિભાગમાં એક માસથી સારવાર માટે દાખલ કર્યો હતો. સઘન સારવાર બાદ બાળક સ્વસ્થ બની ડિસ્ચાર્જ થવાની તૈયારીમાં હતુ ત્યાં હોસ્પિટલમાં અભ્યાસ માટે આવતા નર્સીંગ સ્ટુડન્ટ દ્વારા નાસ લેવાના મશીનમાં ભરવાની દવા ઈન્જેક્શનમાં ભરી આ નવજાત બાળક રાજને વેનમાં આપી દેવાતાં આ બાળકની હાલત બગડી હતી અને આજે જીવ નીકળી ગયો હતો.

વધુ માહિતી મુજબ મુળ બિહારના અને હાલ ગોંડલના જામવાડી નજીક રહેતા અને કારખાનામાં મજૂરી કામ કરતા અને ત્યાં રહેતા બીરેન્દ્ર કુશવાહાનો સાડા પાંચ મહિનાના પુત્ર રાજ એકાદ મહિના પહેલા બિમાર પડતાં ગોંડલ સારવાર કરાવી હતી. ન્યુમોનીયાની અસર હોઇ વધુ સારવાર માટે રાજકોટની ઝનાના હોસ્પિટલમાં બાળકોના વિભાગના દાખલ કરવામાં આવ્યો હતો. જ્યાં બાળકને ન્યુમોનિયા, અને ટીબીની અસર હોવાનું નિદાન થતા દાખલ કરી એક મહિનાની લાંબી સારવાર દરમિયાન બાળક સ્વસ્થ બન્યું હતું. નવજાત હોવાથી તેના માતા સોનાબેન આઇસીયુ વોર્ડમાં સાથે રહેતા હતા. બાળકને કફ જેવું હોવાથી કેટલાક દિવસથી નેબેલાઇઝર મશીનમાં દવા નાખી નાસ આપવામાં આવતો હતો.

બાળક હવે સ્વસ્થ થયું હોઇ એકાદ દિવસમાં રજા આપવાની તૈયારી તબિબોએ કરી હતી. પરંતુ ગઇકાલે વોર્ડમાં અભ્યાસ માટે આવતા નર્સીંગ સ્ટુડન્ટને ફરજ પરના નર્સીંગ સ્ટાફે બાળકને નેબેલાઇઝરની દવા નાખી નાસ આપવાનું કહ્યું હતું જે એક સામાન્ય બાબત છે પરંતુ નર્સિંગ સ્ટુડન્ટ દ્વારા ભુલથી નેબેલાઇઝરમાં દવા નાખવાને બદલે ૫૦ એમએલના ઈન્જેક્સનમાંથી દવા ભરી બાળકને વેનમાં આપી દેવામાં આવતા આ નવજાત બાળકની તબિયત ખરાબ થતા તાત્કાલિક વેન્ટિલેટર પર રાખવામાં આવ્યું હતું. પરંતુ આજે સવારે આ માસુમનું મોત નિપજતાં બિહારી દંપતિ, પરિવારજનોમાં કલ્પાંત સર્જાયો હતો.

મૃત્યુ પામનાર બાળકના પિતા બિરેન્દ્ર કુશવાહાએ જણાવ્યું હતું કે, પુત્રની સાથે મારી પત્નિ સોનુ સતત રહેતી હતી અને કેટલાક દિવસથી બાળકને નાસ (જુઓ.પાનું.૫)

અમે કાઠીયાવાડી અમારી વાત કાઠીયાવાડી
સૌરાષ્ટ્ર ક્રાંતિ
સાંધ્ય દૈનિક
જલદી તમે પણ જોડાઇ જાવ ડિજિટલ ક્રાંતિ સાથે
FOLLOW US
YouTube ---------- @saurashtrakrantidaily
@Saurashtra kranti
LIVE
BREAKING NEWS
વોટ્સએપમાં અમારી સાથે જોડાઓ...
'Hi'લખીને મોકલો #95125 28005

## સુરત, નવસારી, વલસાડ સહિતના રાજયોમાં રેડ એલર્ટ

### રાજકોટ, અમદાવાદ, ખેડા, વડોદરા અને પોરબંદરમાં યલો એલર્ટની આગાહી



અમદાવાદ, તા.૬

હવામાન વિભાગની આગાહી અનુસાર અમરેલીના જાફરાબાદમાં દરિયાકાંઠે ભારે પવન સાથે ઉંચા મોજા ઉછળ્યા છે.જાફરાબાદ લાઈટ હાઉસ વિસ્તારમાં દરિયામાં કરંટ જોવા મળ્યો છે.માછીમારોને દરિયો ના ખેડવા માટે સૂચના આપવામાં આવી છે.મોટાભાગે દરિયા કાંઠે વરસાદી માહોલ જોવા મળ્યો છે.

સાવરકુંડલામાં આજે અડધો ઈંચ વરસાદ પડી ગયો હતો. જેના કારણે બજારોમાં પાણી વહેતા થયા હતા. તો અમરેલી, ધારી, લીલીયા અને લાઠી પંથકમાં વરસાદી ઝાપટા પડ્યા હતા. સમગ્ર જિલ્લામાં વાદળછાંયુ વાતાવરણ રહ્યું હતું. હવામાન વિભાગે અમરેલી જિલ્લામાં યલો એલર્ટ જાહેર કર્યું છે.અમરેલી શહેરમાં વહેલી સવારે વરસાદ પડ્યો હતો. અહીં સવારે ૪ થી ૬ એમ બે કલાક સુધીમાં દ્મીમી વરસાદ પડી ગયો હતો. તો સાવરકુંડલામાં ૧૪ મીમી વરસાદ પડ્યો હતો. સાવરકુંડલામાં વહેલી સવારથી જ ધીમીધારે વરસાદ શરૂ થતા બજારોમાં પાણી વહ્યા હતા.

ખાસ કરીને વાત કરવામાં આવે તો, દરિયા કિનારે પવનની ગતિ વધતા માછીમારોને દરિયો ન ખેડવાની ચેતવણી અને સૂચના આપી દેવામાં આવી છે. જેથી કોઈ જાનમાલનું નુકસાન ના થાય. આ સાથે સાથે બનાસકાંઠા, સાબરકાંઠા અને અરવલ્લીની વાત કરવામાં આવે તો અહીં પણ ભારે વરસાદની આગાહી કરવામાં આવી છે. નોંધનીય છે કે, રાજકોટ અને જામનગર સહિત સૌરાષ્ટ્રમાં પણ આજે વરસાદ પડી શકે છે.

સુરત, નવસારી, વલસાડ, દમણ, દાદરા અને નગર હવેલીમાં ભારે વરસાદ સાથે રેડ એલર્ટની આગાહી કરાઈ છે.

અમદાવાદ, ગાંધીનગર, ખેડા, આણંદ, વડોદરા, પંચમહાલ, નર્મદા, બોટાદ, રાજકોટ, પોરબંદરમાં યલો એલર્ટની આગાહી કરાઈ છે.

હવામાન વિભાગની આગાહી અનુસાર સમગ્ર ગુજરાત રાજ્યમાં મધ્યમ તો ક્યાંક અતિભારે વરસાદ ખાબકી રહ્યો છે. તેવામાં આજે પણ હવામાન વિભાગ દ્વારા દક્ષિણ ગુજરાતના જિલ્લાઓમાં રેડ એલર્ટ તો ઉત્તર ગુજરાત અને સૌરાષ્ટ્રના ભાગમાં ઓરેન્જ એલર્ટ જાહેર કર્યું છે. આ સાથે જ મધ્ય ગુજરાતના કેટલાક જિલ્લાઓમાં યલો એલર્ટ પણ જાહેર કરવામાં આવ્યું છે.

અમે કાઠીયાવાડી અમારી વાત કાઠીયાવાડી
સૌરાષ્ટ્ર ક્રાંતિ
સાંધ્ય દૈનિક
જાહેર નોટીસ
કોર્ટ નોટીસ
જાહેર ચેતવણી
દાવાનાં સમન્સ
વગેરે પ્રસિધ્ધ કરાવો
ફક્ત રૂ.૬૦માં
+5%GST (પ્રતિ કોલમ સે.મી.અંદર પને)
122. સ્ટાર ચેમ્બર, હરિહર ચોક, પંચનાથ પ્લોટ, રાજકોટ
Mo: 9033344426

SAURASHTRA KRANTI (DAILY EVENING) Editor, Printer Publisher & Owner : GADHAVI ASHOK MULUBHA, Place of Publication : SAURASHTRA KRANTI KARYALAYA 125, STAR CHAMBER, HARIHAR CHOWK, PANCHNATH PLOT, RAJKOT-360001,ph.No.(0281) 2222306 Printed at: SAURASHTRA PRINTERY, PRAYAG INDUSTRIES PARK, RUDANAGAR, ANANDPAR (NAVAGAM) DIST. RAJKOT-360003 GUJARAT.